# શ્રી જ્ઞાનાચાર



:સંપાદક:

પન્યાસ પ્રવર શ્રી નરવાહનવિજયજી ગણિવર્ય

# પદાર્થ દર્શન ગ્રંથમાળા
## પુષ્પ - ૫
# શ્રી જ્ઞાનાચાર

: સંપાદક :

પન્યાસ પ્રવર શ્રી નરવાહન વિજયજી ગણિવર્ય

: પ્રકાશક :

પદાર્થ દર્શન ટ્રસ્ટ

આશ્રમ રોડ, અમદાવાદ.

: મુદ્રક :

જિતુ શાહ

અરિહંત ઓફસેટ પ્રીન્ટર્સ

અમદાવાદ. ફોન : ૩૯૬૨૪૬, ૩૪૫૯૪૨

पुस्तक-५

श्री ज्ञानाचार

वीरसं २५२०

सने १९९४

विक्रम सं. २०५०

महा सुदी-८

प्रथम आवृत्ति

किंमत रु.१६.००

: સંપાદક :

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમ શાસન પ્રભાવક, પરમ તારક, સૂરીચક્રચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામિ વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્યરત્ન કર્મ સાહિત્ય જ્ઞાતા પન્યાસ પ્રવર શ્રી નરવાહન વિજયજી ગણિવર્ય

# પ્રકાશકીય

ભણતર ભલે સંસારના વિચલીત ભોગોપભોગની સામગ્રીની ઉપલબ્ધિ કરાવે. તેના ભોગવટા કે સાચવણીના કામમાં ભલે ઉપયોગી બની શકતું હોય. વૈભવ વિલાસના સાધનોના ઢેરના ઢેર ખડકીને પાગલની જેમ હસાવી શકતું હોય પરંતુ આખરે તો તે પાપના પહાડોથી જીવને પ્લાવિત કર્યા વિના રહેતું નથી.

જ્યારે જ્ઞાન! જ્ઞાન એતો અજ્ઞાન રૂપી અંધકારમાં અથડાતા-કુટાતા-ઉન્માર્ગે ચડી જતા એવા પણ જીવોના માર્ગમાં પ્રકાશ ફેલાવી, યોગ્ય રસ્તેવાળી, નિશ્ચીત સ્થાને પહોંચાડનાર પ્રદીપ છે. આંતર જગત ને શુદ્ધ પવિત્ર અને સજાગ બનાવનાર જ્ઞાન બાહ્ય જગત માટે પણ કલ્યાણકાંક્ષી સૌમ્ય ભાષા સહ સરળ સ્વાભાવી પ્રેમપૂર્ણ વહેવારની ભેટ ધરનાર છે.

આવા જ્ઞાનને જીવ પામે, સમજે અને લક્ષમાં લઈને યોગ્ય આચરણ દ્વારા જીવનને સુંદર-અતિસુંદર-નિર્મળ બનાવી શકે એવું સાહિત્ય જિજ્ઞાસુઓને મળી રહે એવી અમારી ભાવનાને ધ્યાનમાં લઈને **પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી નરવાહનવિજયજી ગણિવર્ય** સાહેબે આગમ શાસ્ત્રોમાંથી તારવીને, સરળશૈલીમાં જ્ઞાનાચાર અંગેનું લખાણ તૈયાર કરી આપી અમારા ઉપર જે ઉપકાર કરેલ છે તેને અમો ક્યારેય પણ ભૂલી શકીયે તેમ નથી.

હજુ તો આ પુસ્તકનું લખાણ પણ શરૂ થયું ન હતું પણ આવું પુસ્તક બહાર પડવાનું છે એની જાણ થતાં જ ભરૂચના શ્રી જૈન ધર્મ ફંડ પેઢીના ટ્રસ્ટીઓએ જ્ઞાનખાતામાંથી આ પુસ્તકના પ્રકાશન માટેની રકમ મોકલી આપીને, આવા પ્રકાશન પ્રત્યેના તેમના આદરભાવને પ્રગટ કરવાની સાથે અમારૂં કામ પણ ખૂબ સરળ બનાવી દીધેલ છે તે બદલ અમો તે શ્રી જૈન ધર્મ ફંડના ટ્રસ્ટીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

પુસ્તકના પ્રુફની તપાસણી કરી હોવા છતાં પણ ભૂલ રહી જવા પામી હોય તો તે અમારી ક્ષતિ છે વાંચકવર્ગ તે તરફ અમારૂં ધ્યાનદોરે અને ક્ષતિ બદલ અમને ક્ષમા કરે.

**લેખ**

**પદાર્થ દર્શન ટ્રસ્ટના**

**ટ્રસ્ટીઓ**

# સૂચના

આ પ્રસંગે એક સ્પષ્ટતા કરવી અત્યંત જરૂરી છે કે જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ મુખ્યતાએ પ્રાચીન ગ્રંથોના હસ્તલેખન-જ્ઞાનભંડારોની જાળવણી- પૂજ્ય સાધુ સાધ્વી ભગવંતોની અધ્યયન વ્યવસ્થા આદિમાં સમુચિત રીતે જ કરવો યોગ્ય છે આવા ગ્રંથોનું પ્રકાશન કરવાનું કર્તવ્ય જો કે યથાશક્તિ શ્રાવકોએજ અદા કરવાનું છે તે શકય ન હોય અને જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ અનિવાર્ય બને તો પણ તેમાં જરૂરી મર્યાદાનું પાલન આવશ્યક છે. તેથી જ પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો તથા શ્રી સંઘો હસ્તકના જ્ઞાનભંડારોનેજ ગ્રંથ સાદર સમર્પિત કરાશે. ગૃહસ્થોએ આ ગ્રંથ વસાવવો હોય તો તેનું પુરૂં મૂલ્ય જ્ઞાનખાતે અર્પણ કરીને જ વસાવવો અને જ્ઞાનભંડારમાંથી વાંચન કરવા માટે ઉપયોગ કરવો હોય તો તેનો યોગ્ય નકરો જ્ઞાનખાતે આપવા ચૂકવું નહિ. જેથી કોઈપણ પ્રકારના દોષના ભાગીદાર ન થવાય.

## આર્થિક સહયોગ

**શ્રી જૈન ધર્મ ફંડ પેઢી તથા**
**શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસર પેઢી**
**જ્ઞાનખાતું**
**શ્રીમાળી પોળ,**
**ભરૂચ.**

સર્વ હક્ક પ્રકાશકને આધીન

# પ્રાપ્તિસ્થાન

(૧) પદાર્થ દર્શન ટ્રસ્ટ
C/O ભરતભાઈ બી. શાહ
એ, સરિતા દર્શન,
જયહિંદ પ્રેસ સામે
આશ્રમ રોડ, અમદાવાદ -૩૮૦ ૦૦૯
ટેન. ૪૦૨૩૩૭

(૨) જયંતિલાલ પોપટલાલ શાહ
૬૯૬, નવા દરવાજા રોડ, મયાભાઈની બારી પાસે,
ડી. વાડીલાલ એન્ડ કું ના મેડા ઉપર
ખાડીયા ચાર રસ્તા
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટે.નં. ૩૮૦ ૩૧૫

(૩) અશ્વિનભાઈ એસ. શાહ
૧૧, સુખસાગર એપાર્ટમેન્ટ,
સુખીપુરા રેલ્વે ક્રોસીંગ પાસે,
જૈન નગર-પાલડી, અમદાવાદ ૩૮૦.૦૦૭
ટે.નં. ૩૪૪૩૧૪

(૪) સુનીલભાઈ કે. શાહ
ઠે. ૪/૪૩, પહેલે માળે, સૂર્યનગર હાઉસીંગ સોસાયટી,
સહરા દરવાજે, સુરત-૧૦

(૫) સુરેશભાઈ હીરાલાલ વખારીયા
ઠે-ડી/૫૩, સર્વોદયનગર, ૫મે માળે,
પાંજરાપોળ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪
ટે.નં. ૩૭૫ ૩૮ ૪૮

# આઠ જ્ઞાનાચાર

## કાલાદિ આઠ પ્રકારનો ચારૂ પરિકર :

આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા, સમુન્નત જયકુંજરની સરખામણીમાં આ શ્રી ભગવતીજી સૂત્રને મૂકીને, આ શ્રી ભગવતીજી સૂત્ર કેવું છે અને આ સૂત્રમાં શું શું છે, તેનો પોતાની શાસ્ત્રપ્રસ્તાવના દ્વારા ખ્યાલ આપી રહ્યા છે. જયકુંજરની સરખામણીમાં વપરાયેલાં વિશેષણોમાંથી, આપણે અત્યાર સુધીમાં સત્તર વિશેષણોને જોઈ આવ્યા. અત્યાર સુધીમાં જે વિશેષણો અપાયાં છે, તે સમુન્નત જયકુંજરના અંગોને અંગે અપાયા છે. હવેનાં વિશેષણોનો પ્રકાર બદલાય છે. અઢારમા વિશેષણ તરીકે ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે -

**''कालाद्यष्टप्रकारप्रवचनोपचारचारुपरिकरस्य ।''**

એટલે કે - સમુન્નત જયકુંજર જેમ ચારુ પરિકરથી યુક્ત હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ કાલ આદિ આઠ પ્રકારના પ્રવચનોપચાર રૂપ ચારૂત પરિકરે સહિત છે.

## કામ લેવું હોય તો બંધન સ્વીકારવું જોઈએ :

પરિકર એટલે પરિવાર એવો અર્થ પણ થાય અને તંગ એવો અર્થ પણ થાય. જેની આજુબાજુ જે યોગ્ય રીતેએ વિંટળાએલ હોય, તેને પણ પરિકર કહેવાય. જયકુંજરને જ્યારે શોભાને માટે કે સંગ્રામને માટે બહાર કાઢવામાં આવે છે, ત્યારે તેને શણગારવામાં આવે છે. તેમાં તેના શરીરના વચલા ભાગને તંગ કરવામાં આવે છે. હાલમાં પણ હાથીને રેશમી રંગબેરંગી પટાઓ બાંધવામાં આવે છે. એ તંગો હાથી પાસેથી હાથીનું કાર્ય લેવામાં સહાયક બને છે. એ તંગો વિના હાથી પોતાનું ધાર્યું કાર્ય આપી શકે નહિ. એ જ રીતિએ, શ્રી ભગવતીજી સૂત્ર પાસેથી ધાર્યું કાર્ય લેવું હોય, તો કાલાદિક આઠનું જે બન્ધન છે, તેને સ્વીકારવું જ જોઈએ. કાલ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવન, વ્યંજન, અર્થ અને વ્યંજનાર્થ ઉભય એ આઠ પ્રકારે પ્રવચનોપચાર છે. આ કાલાદિ આઠને જ્ઞાનાચારો કહેવાય છે. જ્ઞાનાચાર એટલે આચાર, કે જે આચારનું પાલન જ્ઞાનની લેવડ દેવડમાં અવશ્ય કરવું જોઈએ. જ્ઞાન દેનાર અને જ્ઞાન લેનાર, બન્ને માટે આ બન્ધન છે. આ બન્ધનને અવગણીને

જ્ઞાન લઈ-દઈ શકાય નહિ. આ બન્ધનને અવગણીને, જ્ઞાનની લેવડ-દેવડ કરનારાઓ જ્ઞાનની આશાતના કરનારા બનીને જ્ઞાનના ફલને પામનારા બની શકતા નથી.

## કાલિક સૂત્રો અને ઉત્કાલિક સૂત્રો :

શાસ્ત્રકાર મહાપુરૂષો ફરમાવે છે કે - શ્રી આગમગ્રન્થો બે પ્રકારના છે. એક કાલિક અને બીજા ઉત્કાલિક. જે સૂત્રોના અધ્યયનાદિને માટે સમય નિશ્ચિત કરવામાં આવેલો છે, તેવાં સૂત્રોને કાલિક સૂત્રો કહેવાય છે. જેમકે- શ્રી આચારાંગ આદિ સૂત્રોનું સૂત્રાધ્યયન પહેલી પોરિસીમાં થાય તથા છેલ્લી પોરિસીમાં થાય અને તેનું અર્થાધ્યયન બીજી પોરિસીમાં તથા ત્રીજી પોરિસીમાં થાય, એમ નિશ્ચિત કરાયેલું છે. જો પહેલી કે ચોથી પોરિસીમાં સૂત્રાધ્યયનને કરવાને બદલે અર્થાધ્યયન કરે અને બીજી કે ત્રીજી પોરિસીમાં તેના અર્થાધ્યયન કરવાને બદલે સૂત્રાધ્યયન કરે, તો તેમ કરનાર સાધુ પ્રાયશ્ચિત્તને પાત્ર બને, એવું મહાપુરૂષોએ ફરમાવ્યું છે. શ્રી દશવૈકાલિક આદિ સૂત્રોને ભણવાને માટે તેવા પ્રકારનું કાલ સંબંધી નિયમન નથી, એટલે એ સૂત્રોને ઉત્કાલિક સૂત્રો તરીકે ઓળખવામાં આવે છે. બીજો પણ હેતુ છે. સૂત્રોના અધ્યયન અંગે યોગોદ્વહન કરવાના હોય છે. તેમાં કાલિક સૂત્રોને અંગે કાલગ્રહણની પણ ક્રિયા વિશેષ કરવાની હોય છે. વળી તેમાં અમુક અમુક વર્ષના દીક્ષાપર્યાયની અપેક્ષા પણ રહે છે. આ શ્રી ભગવતીજી સૂત્ર, એ પણ એક-કાલિક સૂત્ર છે, તેથી જેનો દશ વર્ષનો કે દશ વર્ષથી અધિક એટલો દીક્ષાપર્યાય થયો છે એવો સાધુ, કાલગ્રહણની ક્રિયા વિશેષ કર્યા બાદ જ, આ સૂત્રને ભણી શકે છે. વિધિમાર્ગ એ છે કે ત્યાં સુધી ગુરૂથી એ સાધુને સૂત્રદાન કરી શકાય નહિ અને એ સાધુથી સૂત્રગ્રહણ કરી શકાય નહિ. સૂત્રજ્ઞાનનું દાન કરવાના અભિલાષિઓએ અને સૂત્રજ્ઞાનના અર્થી આત્માઓએ, આ નિયમનું પણ પાલન અવશ્ય કરવું જોઈએ, કારણ-કે વિધિ બલવાન છે. આજ્ઞા એ આજ્ઞા. જેને આજ્ઞા ઊપર પ્રેમ નથી, આજ્ઞાના પાલનની દરકાર નથી, તે સૂત્રને ભણાવે કે સૂત્રને ભણે, તેમાં કાંઈ ભલીવાર આવે જ નહિ. દરેક પ્રકારની આરાધનામાં આજ્ઞા પ્રત્યેના આદરની જ પ્રધાનતા છે. એ વિનાની આરાધના, આરાધના નથી.

## ચાર કાલવેલાએ સ્વાધ્યાયનો આદર :

આઠ જ્ઞાનાચારોમાં પહેલો કાલ નામનો આચાર છે. એ માટે આપણે આ વાત કરી રહ્યા છીએ. કાલિક સૂત્રોને અંગે, સૂત્રાધ્યયન તથા અર્થાધ્યયન માટે દિવસની અને રાત્રિની જે જે પોરિસીઓ બતાવવામાં આવી છે, તે તે પોરિસીઓ જ લેવી જોઈએ. આ ઉપરાંત, કાલિક સૂત્રો કે ઉત્કાલિક સૂત્રો-એના અધ્યયનને અંગે, જ્ઞાનિઓએ જે ચાર

અકાલવેલાઓ કહી છે, તેનો પણ ત્યાગ કરવો જોઈએ. ચાર સન્ધ્યાઓને, ભણવા અંગે ચાર અકાલવેલાઓ કહેવામાં આવે છે. એક સૂર્યોદય પહેલાંની સન્ધ્યા, બીજી સૂર્યાસ્ત સમયની સન્ધ્યા, ત્રીજી દિવસના મધ્ય ભાગ સમયની સન્ધ્યા અને ચોથી રાત્રિના મધ્ય ભાગ સમયની સન્ધ્યા. આ ચાર સન્ધ્યાઓના સમયે સ્વાધ્યાયનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. કાલિક સૂત્રોકે ઉત્કાલિક સૂત્રો-એમાંના કોઈ પણ સૂત્રનો સ્વાધ્યાય, આ ચાર સન્ધ્યાઓના સમયમાંથી કોઈ પણ સન્ધ્યાના સમયે જે સાધુ કરે છે, તેને ભગવાનની આજ્ઞાનો ભંગ આદિ દોષોની પ્રાપ્તિ થાય છે. કોઈ કારણ વિશેષે સ્વાધ્યાયના કાલનું ઉલ્લંઘન થાય, તો તે દોષને માટે થાય નહિ. જેમ કે-હૈયામાં જો વિધિબહુમાન હોય, વિધિ પ્રત્યે આદરભાવ હોય, તો અવિધિ એ દોષ રૂપ નહિ રહેતાં વિધિની જનેતા બને છે; પરન્તુ વિધિબહુમાન ન હોય, તો થોડો ય અવિધિ આજ્ઞાભંગાદિના દોષને પાત્ર ઠરે છે. એટલે આદર અને ઉપયોગ, કાલે કાલોચિત અધ્યયન કરવા તરફ તેમ જ અકાલવેલાઓએ સ્વાધ્યાયના ત્યાગ તરફ રાખવો જોઈએ.

## ભણવા છતાં નિષિદ્ધ કાલે ભણે તો વિરાધના :

નિષિદ્ધ સમયે, ભણવાના લોભે પણ ભણાય નહિ. નિષિદ્ધ સમયે તો, ભણવા છતાં પણ વિરાધના થાય. આમ સ્વાધ્યાય કરવો એ આરાધના છે, પરન્તુ નિષિદ્ધ સમયની આજ્ઞાને અવગણી, તે વિરાધના કહેવાય. એક આજ્ઞાની જાણવા છતાં વિરાધના કરે, એ આજ્ઞાની અવગણના કરે, તે બીજી આજ્ઞાને પાળવા છતાં, પણ આરાધક બને નહિ પણ વિરાધક બને. એટલે નિષિદ્ધ સમયે ભણવાના લોભે ભણવાથી પણ આરાધના નથી. આરાધકભાવ મોક્ષદાયક છે અને વિરાધકભાવ સંસારવર્ધક છે, માટે સૂત્રની આજ્ઞા તરફ ધ્યાન આપવું. કાલે નહિ ભણતાં અકાલે ભણવાથી સૂત્રની વિરાધના થવા ઉપરાન્ત, ક્ષુદ્ર દેવતા છળી પણ જાય, તેથી આત્મવિરાધના થાય તેમ જ સંયમવિરાધનાનો પણ સંભવ ખરો. હંમેશા, દરેક કાર્યમાં, જેનો જે કાલ હોય તે કાલ જ તે કાર્યમાં ફલદાયી બની શકે છે. સૂત્ર જેવી વસ્તુને ભણવામાં વળી આ કાલે આમ ભણવું ને આ કાલે નહિ ભણવું એવો નિયમ કેવો ? આવો પ્રશ્ન, આવો તર્ક, આવી શંકા રખે કરતા, સારી વસ્તુઓને માટે, વિશેષ ફળને પેદા કરનારી વસ્તુઓને માટે કાલની અનુકૂળતા પણ આવશ્યક છે. કોઈ કોઈ મંત્રો સિદ્ધ કરવાના હોય છે, તો તેનો કાલ પણ નક્કી કરેલો હોય છે. સર્પની વિદ્યા, સર્પના ઝેરને ઉતારી દેનારો મંત્ર, કાળી ચૌદશે કે ગ્રહણાદિ સમયે તેનો અન્ય વિધિ કરવા છતાં પણ, તેની સિદ્ધિને પામી શકાતું નથી. કાલ પણ એક દ્રવ્ય છે અને તેને પણ પાંચ સમવાયમાં એક કારણ માનવામાં આવ્યું છે. ગમે તે કાલે ભણાય એવું છે જ નહિ.

**વ્યન્તર દેવો છલે છે :**

અકાલે ભણવાથી, સૂત્રમાં ગુંથાએલા તથાવિધ મંત્રાક્ષરોના યોગે, વ્યન્તર દેવોની ગતિ પણ રોકાઈ જાય છે અને એના પરિણામે પણ નુકશાન થવાનો સંભવ છે. વ્યન્તર દેવો અકાલે જ ફરવાને નીકળે છે, માટે અકાલે સૂત્ર ભણવામાં વિઘ્નની સંભાવના રહેલી છે. કેવળ પાઠ માત્રથી, ઉત્થાન અને સમુત્થાન સૂત્રો, ગામને અનુક્રમે ઉચું-નીચું કરી નાખતાં અને શાન્ત પણ કરી દેતાં. સૂત્રો એવા મંત્રાક્ષરોથી ભરેલાં પણ હોય. આવા મહિમાવાળાં સૂત્રો હોય છે-અને તેવાં સૂત્રોના ઉચ્ચારણોથી દેવની ગતિ પણ સ્ખલિત થાય છે અને તેથી તેઓ ખીજાય છે. એમ બનવાથી દેવો, સાધુને છળવાને છિદ્રો જોયા કરે છે. પોતાની ક્રિયામાં મસ્ત રહેનાર અપ્રમત્ત સાધુને, વ્યન્તર દેવો છિદ્ર વિના છળી શકતા નથી. વિના છિદ્રે છળવાની તાકાત વૈમાનિક દેવોની છે. પૂર્વભવનો વૈરભાવ ઈત્યાદિ કારણે, વૈમાનિક દેવો, ક્રિયારત મુનિને ય વિના છિદ્રે પણ છળનારા બને એ શકય છે; પરન્તુ વ્યન્તરિક દેવોને તેવી તાકાત નથી. આ કારણે પણ નિષિદ્ધ સમયે સ્વાધ્યાય નહિ કરવો, એ હિતાવહ છે.

**ગ્લાન સાધુની સેવામાં મારી સેવા રહેલી છે - એ ફરમાનને ભણવાના રસમાં ભૂલાય નહિ :**

નિષિદ્ધ કાલે સ્વાધ્યાય કરી રહેલા એક સાધુને ભરવાડણ બનીને, ઉપયોગ આપ્યાનો એક પ્રસંગ મહાપુરૂષોએ વર્ણવેલો છે. એ પ્રસંગ એવા પ્રકારનો છે કે - એક વખત એક સાધુ કાલ-ગ્રહણ કર્યા બાદ કાલિક સૂત્રનું અધ્યયન કરી રહ્યા હતા. રાત્રિએ પણ પહેલી પોરિસીમાં મૂલ સૂત્રનું અધ્યયન થઈ શકે. સ્વાધ્યાયના રસમાં, તે સાધુને સમયની ખબર નહિ રહેવાથી, અકાલ થઈ જવા છતાં પણ તે પાઠ કરતાં રહ્યા.

સાધુઓને માટે ક્રિયાઓ તથા તેના સમયો નિયત છે. સાધુએ પોતાની તમામ ક્રિયાઓ કાલે કાલે કરવાને માટે પ્રયત્નશીલ, ઉપયોગશીલ રહેવું જોઈએ. માત્ર ક્રિયાઓ કરવી-એટલું લક્ષ્ય રાખે, પણ કાલે કરવી-એવું લક્ષ્ય ન રાખે તો ક્રિયાઓ સીદાય. વળી અકાલે ક્રિયા કરવાથી લોકનિન્દાના પાત્ર પણ બનાય. અકાલે કરનાર પોતે લોકનિન્દાને પાત્ર બનીને શાસનની નિન્દામાં પણ કદાચ નિમિત્ત બને, દરેક ક્રિયા, કર્તવ્યકાલે કરનારો જ ખરો પંડિત છે. જિનકલ્પીની તમામ ક્રિયાઓ કાલે જ થતી જાય છે, કારણ કે - તેમનો પૂર્વનો ક્રિયાભ્યાસ તેવો થઈ ગયો છે. આવી રીતિએ જીવને અપ્રમત્તપણે જીવવાનો પ્રયત્ન જારી રહે, તો પ્રાય: અકાલે ભણવાનો અવસર ન આવે. સ્વાધ્યાયના સમયે સ્વાધ્યાય કરાય અને અન્ય ક્રિયાઓના સમયે તે તે ક્રિયાઓ કરાય. કેટલાક સાધુઓ ભણવામાં એટલા બધા

ગુલતાન બનેલા હોય છે કે, મારૂં ભણવાનું બગડશે એમ ધારીને, તેઓ વૈયાવૃત્યના સમયે પણ ભણવાનું ચાલુ રાખીને, વૈયાવૃત્યના લાભથી વંચિત રહે છે. એમ કરનારને પ્રભુના ફરમાનનું સાચું જ્ઞાન નથી, માટે તેને હિતાહિતનું ભાન નથી, એવા અવસરને માટે,ગ્લાનસાધુની સેવાની આવશ્યકતાના અવસરને માટે, પ્રભુનું ફરમાન છે કે મારી સેવા તે કરે છે કે જે ગ્લાન સાધુની સેવા કરે છે; ગ્લાન સાધુની સેવા નહિ કરનારો, તેનાથી દૂર ભાગતો રહેનારો, મારી સેવા કરતો નથી. જેને પ્રભુના આ ફરમાનનું સાચું જ્ઞાન હોય અને એથી હિતાહિતનું ભાન હોય, તે સાધુ કદી પણ સ્વાધ્યાયના રસને આધીન બનીને ય, વૈયાવચ્ચની અવગણના કરે નહિ.

## અમુક આજ્ઞાની લતે ચઢી બીજી આજ્ઞાઓને લોપાય નહિ :

ખરી વાત એ છે કે - સ્વાધ્યાય, જ્ઞાનાધ્યયન આદિ શા માટે છે, તે સમજવું જોઈએ. પ્રભુની આજ્ઞાનું જ્ઞાન પ્રભુની આજ્ઞાના પાલનને માટે મેળવાય, તો જ તે સાચું જ્ઞાન છે. સ્વાધ્યાય આદિ અનેક પ્રકારોથી ધર્મ થાય - એમ કહેવા છતાં પણ નિષ્કર્ષ તરીકે તો એ જ વાત કહેવાઈ છે કે **'आणाए धम्मो'** ધર્મ શ્રી જિનાજ્ઞાના પાલનમાં છે. આંજે કેટલાકો જ્ઞાનોપાસનાના નામે ચારિત્રાચારોને નેવે મૂકવામાં લાભ માની બેઠા છે. ગ્રહણ કરેલા મહાવ્રતાદિના પાલનની પ્રતિજ્ઞાનો ભંગ થાય છે - તેની દરકાર રાખ્યા વિના, જ્ઞાનોપાસનાને પ્રધાનતા આપી રહ્યા છે. એથી, એમની જ્ઞાનોપાસના પણ એમને માટે આજ્ઞાભંજક બનાવનારી નિવડી છે. સ્વાધ્યાય, પરોપકાર આદિ કોઈ પણ ધર્મસાધનની લત એવી નહિ લાગવી જોઈએ, કે જેથી લીધેલ પ્રતિજ્ઞાના ભંગનો, શ્રી જિનાજ્ઞાના ભંગનો પ્રસંગ આવે. એમાં આજ્ઞારૂચિ રહેવા પામતી નથી અને આજ્ઞરૂચિ ગઈ તો સર્વસ્વ ગયું એમ સમજવું. જેની આજ્ઞાને ભણીને, જાણીને, પ્રચારીને તરવું છે, તેની જ આજ્ઞાના પાલનમાં અખાડા કરવા, એ આજ્ઞામાલકનું લક્ષણ નથી. આજ્ઞાપાલક એવો ન હોય કે - અમુક આજ્ઞાઓના પાલનને વળગીને બાકીની આજ્ઞાઓને લોપનારો બને, જો એમ થાય તો તે આજ્ઞાપાલક કહેવાય નહિ, પણ આજ્ઞાવિરાધક કહેવાય.

## શાસનદેવતાએ ઉપયોગ દીધો :

પેલા સાધુને, સ્વાધ્યાય કરતાં કરતાં અકાલ થઈ ગયો તેનો ઉપયોગ રહ્યો નહિ; પણ એ સાધુની ભવિતવ્યતા સારી હતી.

એ સાધુને એ રીતિએ અકાલે કાલિક સૂત્રનું અધ્યયન કરતા જાણીને, એ સ્થાનની સમીપમાં રહેલ શાસનદેવતાને વિચાર આવ્યો કે - 'આ સાધુને કદાચ કોઈ વ્યંતર છળશે.' આથી, એ સાધુને વ્યન્તરના છળથી બચાવી લેવાનો એ શાસનદેવતાએ નિર્ણય કર્યો.

એ માટે એ શાસનદેવતાએ એક આહીરણનું રૂપ ધારણ કર્યું. આહીરણના રૂપને ધારણ કરીને, પોતાને માથે એક છાશનો ઘડો મૂક્યો. પછી એ આહીરણ છાશ વેચવાને માટે નીકળી હોય એવો દેખાવ કર્યો.

પેલા સાધુ જ્યાં સ્વાધ્યાય કરી રહ્યા હતા, તેની નજદિકના માર્ગ ઉપર, આહીરણના રૂપને ધરીને શાસનદેવતાએ આંટા મારવા માંડ્યા અને કોઈ છાશ લ્યો, કોઈ છાશ લ્યો-એમ ઊંચા સ્વરે વારંવાર બોલવા માંડ્યું. ઘડીમાં જાય, ઘડીમાં આવે અને છાશ લેવાની બૂમ પાડ્યાં કરે.

એવા વારંવારના અવાજથી, પેલા સાધુના સ્વાધ્યાયમાં વિક્ષેપ પડ્યો. એથી એ સાધુએ પેલી આહીરણને પૂછ્યું કે - આ તે કાંઈ તારો છાશ વેચવાનો વખત છે ?

એટલે ઝટ આહીરણનાં રૂપને ધરનારા શાસનદેવતાએ કહ્યું કે - તમારો પણ આ શું કાલિક સૂત્રનો ઘોષ કરવાનો સમય છે ?

આહીરણે આટલું કહેતાંની સાથે જ, સાધુને અકાલ થઈ ગયાનો ખ્યાલ આવી ગયો અને તેમણે પોતાની ઉપયોગ શૂન્યતાને માટે તથા અકાલે કરેલા સ્વાધ્યાયને માટે મિચ્છામિ દુક્કડં દીધું.

તાત્પર્ય એ છે કે - નિષિદ્ધ કાલ અને નિયત કાલનો ઉપયોગ રાખીને, નિષિદ્ધ કાલે સ્વાધ્યાય નહિ કરવો અને નિયત કાલે કરવા યોગ્ય સ્વાધ્યાય નિયત કાલમાંજ કરવાને માટે નિશ્ચયશીલ બન્યા રહેવું. આઠ પ્રકારના જ્ઞાનાચારોમાં, કાલ નામનો જે પહેલો આચાર કહેવાય છે, તે આ છે.

શાસનનો રાગ હોય તો ચતુર્વિધ શ્રીસંઘ ઉપર પણ રાગ અને ભક્તિભાવ હોય ?

મહાપુરૂષોએ, કાલાચારના પાલનનો ઉપદેશ આપતાં આપેલું ઉદાહરણ, કાલાચારના પાલન પ્રત્યે ઉદ્યમવંત બનવાનું તો શીખવે છે, પણ એમાંથી બીજું ય શીખવા જેવું છે. સાધુ ભૂલતા હોય, ભૂલ કરી રહ્યા હોય, તો તેમને કેવી રીતિએ બચાવી લેવા જોઈએ-તેનો સુન્દર ખ્યાલ પણ આ દૃષ્ટાંતથી મળી રહે છે. શાસનદેવતા દેવ હોવા છતાં પણ એને સાધુની ચિન્તા કેટલી બધી હતી ? કદાચ કોઈ વ્યન્તર આ સાધુ મહાત્માને છળી ન જાય, એવી લાગણી એ દેવના હૈયામાં પ્રગટી ને ? કેમ ? હૈયે શાસનનો રાગ હતો અને એથી સાધુપણાનો રાગ હતો માટે. જેને શાસનનો રાગ હોય, તેને ભગવાનના ભક્તો ઉપર પણ રાગ હોય જ. રાગ હોય-એટલું જ નહિ, પણ જેમ જેમ અધિકગુણી તેમ તેમ અધિક ભક્તિનો ભાવ-એવી દશા હોય. તમને ચતુર્વિધ શ્રીસંઘ ઉપર રાગ છે ? ભક્તિ છે ? ચતુર્વિધ શ્રીસંઘમાંની એક પણ વ્યક્તિને સીદાતી જોઈને તમારૂં હૈયું સીદાય એવું છે ?

શાસનના રાગનું આ રીતિએ પણ માપ નીકળે. જેના હૈયામાં શાસનનો રાગ હોય, તેનાથી કોઈ પણ સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા સીદાય, તે ખમાય નહિ. તેમાં ય સાધુ સાધ્વી અધિકગુણી હોવાથી, તેમના પ્રત્યે અધિકાધિક ભક્તિનો ભાવ હોય; એટલે અવસરે રક્ષા કરવાનું મન થયા વિના પણ રહે નહિ. શાસનદેવતાના હૈયામાં ભક્તિનો ભાવ હતો, માટે એ સાધુનું રક્ષણ કરવાનો વિચાર આવ્યો અને એથી જ સાધુને ઉપયોગ આપવાને માટે ઉચિત ઉપાય યોજી શકાયો. સાધુની ભૂલને જોઈને, એને તિરસ્કારનો ભાવ આવ્યો નહિ, નિન્દા કરવાનું મન થયું નહિ, પણ એમની આશાતના ન થાય - એવી રીતિએ એમને એમની ભૂલનો ખ્યાલ આપવાનું મન થયું. એ ભક્તિભાવનો જ પ્રતાપ હતો કે - શાસનદેવતાએ આહીરણના રૂપને ધારણ કર્યું. તમે અથવા તો આજનાઓ, સાધુઓને ભૂલતા જોઈને અથવા તો સાધુ ભૂલ કરે છે - એમ જાણીને, કેવું કરવા તરફ ઢળો, એ તમે વિચારી લો.

## વિનયના દશ પ્રકારો :

કાલાચાર પછી વિનયાચાર, જ્ઞાની, જ્ઞાન અને જ્ઞાનોપકરણો, એ ત્રણેય પ્રત્યેનો વર્તાવ વિનયશીલ હોવો જોઈએ, નમ્ર હોવો જોઈએ. જ્ઞાનીમાં ગુરૂ, વિદ્યાદાતા અને વિશેષજ્ઞ, એ ત્રણેયનો સમાવેશ થાય છે. વિનયના દશ પ્રકારો છે. તેમાં પહેલો સત્કાર નામનો પ્રકાર છે. ગુરૂ, વિદ્યાદાતા અને વિશેષજ્ઞ - એ ત્રણેય પ્રકારના મુનિજનોનો સત્કાર, એટલે કે - તેમના ગુણોની સ્તવના કરવી તથા તેમને વંદનાદિ કરવું.

બીજો પ્રકાર અભ્યુત્થાન નામનો છે. તેઓ આવે એટલે ઉભા થઈ જવું, એ તેઓના અભ્યુત્થાન નામનો વિનય છે. ત્રીજો સન્માન નામનો વિનય એને કહેવાય કે - તેઓનું વસ્ત્ર પાત્ર આદિ વડે પૂજન કરવું. યોગ્ય વસ્ત્ર- પાત્રાદિને લાવી આપવામાં, આ વિનયની સફલતા છે. તેઓને આદરપૂર્વક આસન આણી આપવું અને આ આસન ઉપર આપ પધારો, એમ કહેવું એ ચોથો આસનાભિગ્રહ નામનો વિનય છે. તેઓના આસનને એક સ્થાનેથી લઈને અન્ય યોગ્ય સ્થાને સ્થાપીને, તેઓને એ આસને પધારવાનું કહેવું, એ પાંચમો આસનાનુ પ્રદાન નામનો વિનય છે. તેઓને વિધિ પૂર્વક વંદન કરવું એ છઠ્ઠો કૃતિકર્મ નામનો વિનય છે. તેઓને બે હાથ જોડીને નમન કરવું, તે સાતમો અંજલિગ્રહ નામનો વિનય છે. તેઓની ચેષ્ટા ઉપરથી તેઓના મનના અભિપ્રાયને જાણી લઈને તેનું અનુસરણ કરવું એ વિનયનો આઠમો પ્રકાર છે. તેમની પર્યુપાસના કરવી, તે વિનયનો નવમો પ્રકાર છે. તેઓ ચાલતા હોય ત્યારે તેઓની સાથે અગર તેઓની આગળ નહિ ચાલતા તેઓની પછવાડે ચાલવું, એ વિનયનો દશમો પ્રકાર છે. આ દશેય પ્રકારનો વિનય

ગુરૂ, વિદ્યાદાતા અને વિશેષજ્ઞો પ્રત્યેપણ યથાયોગ્ય રીતિએ આચરવો જોઈએ. આવા પ્રકારનો જ્ઞાનીનો વિનય, એ પણ બીજો જ્ઞાનાચાર ગણાય છે.

## વિનય એ ધર્મનું મૂળ છે :

જેમની પાસેથી જ્ઞાન લેવાનું હોય, જ્ઞાન મેળવવાનું હોય, તેમના પ્રત્યે વિનયને આચરવામાં આત્માને ખૂબ કેળવવો જોઈએ. વિદ્યાદાતા ગુરૂ પરમ ઉપકારી છે, માટે તેમના ચરણોમાં વારંવાર ઝુકવું જોઈએ. વિનય વિના તો સામાન્ય મંત્ર પણ ક્યાં લેવાય છે ? દુનિયાનો વ્યવહાર પણ વિનય વિના ક્યાં ચાલે છે ? દુનિયામાં પણ જેમની પાસેથી કે જેમના દ્વારા કાંઈક મેળવવું હોય, તેમને સલામ ભરવી પડે છે ને ? કોઈને અરજ કરવી હોય, તો શેઠ સાહેબ, કૃપાનિધિ વિગેરે માન વાચક શબ્દો લખીને તેમને, નમસ્કાર આદિ કરૂં છું એમ જણાવવું પડે છે અને અરજની વિગતમાં પણ નમ્રતાભરી ભાષા વાપરવી પડે છે, લૌકિક સિદ્ધિમાં પણ આટલો વિનય જરૂરી છે, તો સમ્યક્શ્રુતના જ્ઞાનનું ઉપાર્જન કરવામાં વિનય વિના ચાલે જ ક્યાંથી ! અહીંતો વિશિષ્ટ તથા નિર્દંભ વિનય જોઈએ. વિનય, એ ધર્મનું મૂળ છે. **'વિણયમૂલસ્સ'** આ સૂત્રને સાધુઓએ દર પંદર દિવસે તો અવશ્ય યાદ કરવાનું હોય છે. જેનામાં વિનય નથી, તેનામાં ધર્મ નથી અને ધર્મ આવતો પણ નથી. વિનય હોય તો સહનશીલતા પણ આવે, સંવર પણ આવે નિર્જરા પણ આવે. નિર્જરા થવાથી કર્મરહિત થવાય અને કર્મરહિત થવાય એટલે મુકિત મળે. મુક્તિ મળે એટલે આત્મા અવ્યાબાધસુખસાગરમાં શાશ્વત ઝીલ્યા કરે. આતમામ વિનયમાં સમાએલ છે. વિનયહીનને જ્ઞાન હોતું નથી. અનેક લબ્ધિઓના નિધાન એવા પણ ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામીજી, વિનયમાં કચાશ આવવા દેતા નહિ. વિનય, એ એવો ગુણ છે કે - જેનો વિનય કરીએ, તેનામાં જે ગુણ હોય, તે ગુણનો આપણામાં વિકાસ થાય; તો પછી જે જ્ઞાની ગુરૂ અનેક ગુણોના નિધિ છે, તેમનો વિનય કરીએ તો કેટલો લાભ થાય ? અનહદ લાભ થાય. ગુરૂ જ્ઞાન આપનારા હોય, તે છતાં પણ ગુરૂથી નિરપેક્ષ બનીને જ્ઞાનપ્રાપ્તિ કરવાને જે ઈચ્છે, તેને જ્ઞાન વિપરીત રૂપે પરિણમે. ગુરૂના વિનયથી, ગુરૂની ઈચ્છા ન હોય તો પણ,તેમનામા રહેલી કળા આવી મળે છે. એકલવ્ય નામના ભિલ્લે, માત્ર દ્રોણાચાર્ય નામના ગુરૂની મૂર્તિની ઉપાસના કરીને, દ્રોણાચાર્યે જેને પ્રેમથી શીખવેલ એવો અર્જુન પણ ચમત્કાર પામી જાય, એવી ધનુર્વિદ્યા મેળવી હતી ને ? વિનયગુણ અભિમાનને - અહંકારને ગાળનાર છે. જ્યાં અહંકાર છે, ત્યાં વિનય નથી. અહંકારથી છૂટવું હોય, નમ્ર બનવું હોય, વિદ્યા મેળવવી હોય, તો વિનયગુણ ખૂબ ખૂબ કેળવો. કલ્યાણ ધર્મથી છે અને ધર્મનું મૂલ વિનય છે. ધર્મનાં જે જ્ઞાન અને કિયાએ બે કારણો છે, તે કારણોને વિનય વિના

પામી શકાતું નથી. વિનય વિના વિદ્યા નહિ અને વિનય વિના ક્રિયા ખરી ? ક્રિયાની શુદ્ધિ, ક્રિયાનો કસ, ક્રિયાનો રસ, વિનય વિના આવે જ નહિ.

## વિનય ઉપર ઉદાહરણ :

સર્વ અનર્થોનું મૂલ જેમ લોભ છે, તેમ સર્વ ગુણોનું મૂલ વિનય છે. વિનયી માટે સમ્યગ્જ્ઞાન પણ સુલભ અને સદાચાર પણ સુલભ. વિદ્યાની બાબતમાં તો વિનયની ખાસ પ્રધાનતા છે. શીખવનાર શીખવવાને મથે, તો ય શીખનાર વિનય વિના વિદ્યાને ગ્રહણ કરી શકે નહિ. વિનયપૂર્વક ગ્રહણ કરેલું શ્રુત જ તત્કાલ સમ્યક્ફલને આપનારૂં થાય છે અને વિનયહીનને શ્રુત નિષ્ફલ નિવડે છે. આ વિષયમાં એક ઉદાહરણ આપવામાં આવે છે.

મહારાજા શ્રીશ્રેણિકને ચેલ્લણાદેવી નામની એક રાણી હતી, કે જે પરમ સુશ્રાવિકા હતી અને એવી પુણ્યશાલિની હતી કે - પોતાના પતિને તે સર્વ રાણીઓના કરતાં અધિક પ્રિય હતી.

એક વાર શ્રીશ્રેણિકને વિચાર થયો કે આ ચેલ્લણા મને સર્વ રાણીઓના કરતાં અધિક પ્રિય છે, માટે મારે આના ઉપર અન્ય રાણીઓના કરતાં અધિક પ્રસાદ કરવો જોઈએ. જો હું એકસ્તંભવાળો મહેલ કરાવું, તો તેમાં રહીને આ ચેલ્લણા વિમાનમાં રહેલી ખેચરીની જેમ સ્વેચ્છાએ ક્રીડા કરી શકે .

આથી શ્રી શ્રેણિકે શ્રી અભયકુમારને એક સ્તંભવાળો પ્રાસાદ બનાવવાની આજ્ઞા ફરમાવી; અને શ્રી અભયકુમારે પણ તત્કાલ એક કુશળ સૂત્રધારને બોલાવીને તે કાર્ય સુપ્રત કરી દીધું.

એ સૂત્રધાર એ મહેલને માટે જોઈતું લાકડું લેવાને માટે જંગલમાં ગયો. જંગલમાં તેણે એક પછી એક વૃક્ષને જોવા માડ્યું. એમ જોતાં, તેણે એક સર્વ લક્ષણોએ સંપૂર્ણ વૃક્ષને જોયું. એ વૃક્ષ એને ગમી ગયું. એજ વખતે એને વિચાર આવ્યો કે - ગાઢ છાયાવાળું ઘણું ઉંચુ, ઘણાં પુષ્પો તથા ફલોથી શોભતું, મોટી શાખાઓવાળું અને મોટા થડવાળું આ વૃક્ષ, અસાધારણ કોટિનું જણાઈ આવે છે. એટલે જેવું તેવું પણ સ્થાન જો દેવતા વગરનું નથી હોતું, તો આ વૃક્ષ તો અવશ્ય દેવાધિષ્ઠિત હોવું જોઈએ. આ વૃક્ષની શોભા જ કહી આપે છે કે - આ વૃક્ષ દેવાધિષ્ઠિત છે. આથી આ વૃક્ષને છેદતાં પહેલાં, હું આ વૃક્ષના અધિષ્ઠાયક દેવની તપશ્ચર્યાથી આરાધના કરૂં, કે જેથી ન તો મને વિઘ્ન આવે કે ન તો મારા સ્વામીને વિઘ્ન આવે.

પૂર્વકાળના સૂત્રધારો પણ કેવા હતા ? ઘરમાં જો લાકડું ખરાબ આવી જાય છે, તો

એ ઘરમાં રહેનાર પાયમાલ થઈ જાય છે. પહેલાનાં સૂત્રધારો એ વિષયના જાણકાર હતા અને માલિક પ્રત્યે વફાદારીની ભાવનાવાળા હતા.

પછી એ સૂત્રધારે ઉપવાસ કરીને ગંધ, ધૂપ, માલા વિગેરે વસ્તુઓથી તે વૃક્ષને અધિવાસિત કર્યું. એને લઈને, એ વૃક્ષનો આશ્રય કરીને રહેલો વ્યન્તરદેવ તુષ્ટ થયો.

પોતાનું આશ્રયસ્થાન આબાદ બન્યું રહે અને શ્રી અભયકુમારની ઈચ્છા ફળે એ માટે એ વ્યન્તરદેવે શ્રી અભયકુમારને કહ્યું કે તું મારા આશ્રય રૂપ વૃક્ષને છેદાવીશ નહિ. તેં મોકલેલ સૂથારને તું એ વૃક્ષને છેદતાં અટકાવી દે. હું તને એક સ્તંભવાળો મહેલ કરી આપીશ; એટલું જ નહિ, પણ તે મહેલને ફરતે એવો બગીચો કરી આપીશ, કે જેમાં સર્વ ઋતુઓનાં પુષ્પો અને સર્વ ઋતુઓનાં ફળો સર્વ ઋતુઓમાં મળી શકે એવાં વૃક્ષો હોય.

શ્રી અભયકુમારે તરત જ પેલા સૂત્રધારને જંગલમાંથી પાછો બોલાવી લીધો. પછી પેલા વ્યન્તરદેવે પણ પોતાની કબૂલાત મુજબ એક સ્તંભવાળો મહેલ અને તેને ફરતો બગીચો બનાવી આપ્યો.

શ્રી શ્રેણિક તો એ મહેલ અને એ ઉદ્યાનને જોઈને ખુશ થઈ ગયા. તેમણે ચેલ્લણાદેવીને એ નૂતન પ્રસાદમાં રાખી. ચેલ્લણા પણ તુષ્ટ થઈ અને પોતાને મળેલી નૂતન સામગ્રીનો ઉપયોગ તે પ્રભુભકિતમાં અને પતિભક્તિમાં કરવા લાગી. ચેલ્લણા પોતે જ સર્વ ઋતુઓનાં પુષ્પોની માલાઓને રોજ રોજ ગુંથતી હતી અને એ માલાઓથી પ્રભુની પૂજા કરતી હતી તથા પતિના કેશપાશને પૂરતી હતી.

ધર્મને પામેલી સ્ત્રીઓ પ્રભુભક્તા અને પતિભક્તા હોય, એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. શીલગુણની સ્વામિનીઓ જ્યારે ધર્મવાસિત અન્ત:કરણવાળી બને, ત્યારે તેઓ પ્રભુભક્તિમાં લીન બનવા સાથે પતિભક્તિને પણ ખીલવે.

ચેલ્લણા એ રીતિએ જ્યારે સુખવિહાર કરી રહી હતી, તેવા સમયમાં એક એવો બનાવ બન્યો, કે જેને વિનય નામના બીજા જ્ઞાનાચારની સાથે સંબંધ છે

એ નગરમાં એક માતંગપતિ રહેતો હતો, માતંગપતિ તો સમજ્યાને ? ઢેડાઓનો આગેવાન. એ માતંગપતિ વિદ્યાસિધ્ધ હતો

એ માતંગપતિની પત્ની સગર્ભા હતી. તેણીને આમ્રફળ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો.

એ ઋતુ આમ્રફળની ન હતી, છતાં તેણીને એવા પ્રકારનો દોહદ ઉત્પન્ન થયો અને તેણી જાણતી હતી કે મારા પતિ વિદ્યાસિધ્ધ છે તથા, ચેલ્લણા રાણીના ઉદ્યાનમાં સર્વ કાળે આમ્રવૃક્ષો ફલસહિત હોય છે, માટે મારો દોહદ પૂર્ણ થયા વિના રહેવાનો નથી એટલે તેણીએ પોતાના પતિને પોતાના દોહદની વાત કરી.

માતંગપતિએ પહેલાં તો કહી દીધું કે મૂર્ખી છે ? અત્યારે તે આમ્રફળ મળતું હશે ? પણ જ્યારે તેણીએ ચેલ્લણા રાણીના ઉદ્યાનની વાત કરી, ત્યારે માતંગપતિએ તેણીને આમ્રફળને લાવી આપવાનું કબૂલ કર્યું.

માતંગપતિ રાતના ચેલ્લણા રાણીના ઉદ્યાન પાસે આવ્યો અને બહાર રહીને જ તેણે પોતાની પાસે જે અવનામિનિ નામની વિદ્યા હતી, તેનો ઉપયોગ કરીને ઉદ્યાનમાં રહેલી આમ્રવૃક્ષની શાખાને પોતાના તરફ નમાવી અને કશી પણ તકલીફ વિના તેણે શાખા ઉપરના આમ્રફળોને તોડી લીધાં.

પ્રાતઃકાળે ચેલ્લણા રાણીએ જોયું, તો તેણીને આમ્રવૃક્ષોવાળી વાટિકા અપ્રિતિ ઉપજાવતી લાગી. તપાસ કરતાં જણાયું કે - કોઈ આમ્રવૃક્ષનાં ફળોને તોડીને લઈ ગયું છે. તેણીએ શ્રી શ્રેણિક રાજાને વાત કરી. શ્રી શ્રેણિકે પણ જોયું, પરન્તુ ત્યાં કોઈના ય પાદસંચારની નિશાની તેમના જોવામાં આવી નહિ.

શ્રી શ્રેણિક રાજાએ તરત જ શ્રી અભયકુમારને બોલાવ્યા કારણ - કે શ્રી શ્રેણિકના હૈયામાં આ પ્રસંગથી એક મોટી ચિન્તાએ પ્રવેશ કર્યો. શ્રી શ્રેણિકને એવી ચિન્તા થઈ પડી કે જે ચોર આવી અતિશય અમાનુષી શક્તિ ધરાવતો હોય. તે કોઈ વાર ધારે તો અન્તઃપુરમાં પણ પ્રવેશ કરી શકે.

શ્રી અભયકુમાર આવ્યા, એટલે તરત જ શ્રેણિકે આમ્રફળના ચોરને પકડી લાવવાની આજ્ઞા કરવાની સાથે, પોતાના હૈયામાં પેદા થવા પામેલી ચિન્તા પણ કહી બતાવી.

શ્રી અભયકુમાર મહા બુદ્ધિનિધાન હતા. શ્રી શ્રેણિકની સેવા કરવામાં, પિતૃભક્તિ કરવામાં, તેમણે કદી પણ પાછી પાની કરી નથી. શ્રી અભયકુમારનું જીવન વાંચો, જાણો, તો તમને જેમ તેમની બુદ્ધિમત્તા આશ્ચર્ય ઉપજાવે, તેમ તેમની પિતૃભક્તિ પણ આશ્ચર્ય ઉપજાવે. કોઈથી પણ નહિ ઠગાય એવા તે, વેશ્યાના ધર્મછલથી ઠગાયા હતા, એ પણ તેમની ધર્મશીલતાનું જ એક મોટામાં મોટું પ્રતીક છે અને પિતાની જે જે ઈચ્છાઓને એમણે પૂરી કરી છે, તે પણ પ્રાયઃ એજ કરે એમ કહી શકાય.

પિતા શ્રી શ્રેણિકની આજ્ઞાને સાંભળી લઈને, શ્રી અભયકુમારે કહ્યું છે એ ચોરને થોડા જ વખતમાં પકડી લાવીને આપને સોંપવાની હું ખાત્રી આપું છું.

આ પછીથી, પોતાની આ પ્રતિજ્ઞાને પૂર્ણ કરવાને માટે, રાતે અને દિવસે, શ્રી અભયકુમારે એ બગીચાની આસપાસ તેમજ આખા ય નગરમાં પરિભ્રમણ કરવા માંડ્યું પણ ક્યાંયથી ચોરનો પત્તો લાગ્યો નહિ. કોઈ ઠેકાણે કેરીનાં છોડીયાં કે ગોટલો પડેલો પણ જણાયો નહિ; કેમકે - પેલો માતંગપતિ બાહોશ હતો. એને ખબર હતી કે - રાજાનો કેવો

મોટો ગૂન્હો તે કરી ચૂક્યો છે અને જો તે પકડાઈ જવા પામે, તો તો પછી તે પોતાની પત્નીના મોંઢાને જોવાને માટે પણ જીવતો ઘરે આવી શકે નહિ.

### શ્રી અભયકુમારે કહેલી કથા :

જ્યારે કોઈ રીતિએ ચોર પકડાયો નહિ, ત્યારે બુદ્ધિનિધાન શ્રી અભયકુમારે એક યુક્તિ અજમાવી.

કેટલાક દિવસો થયાં નગરજનો એક સ્થલે નાટારંભ કરાવી રહ્યા હતા. એ નાટારંભને જોવાને અને સાંભળવાને માટે, નગરજનો ઘણી જ મોટી સંખ્યામાં એકઠા થયા હતા. શ્રી અભયકુમાર પણ એક વાર એ સ્થાને ગયા.

નગરજનોએ તરત જ તેમને ઉચ્ચ આસને બેસાડ્યા. શ્રી અભયકુમારે કહ્યું કે હે નગરજનો ! નટો આવી પહોંચે ત્યાં સુધીમાં હું તમને એક કથા કહું છું. આમ કહીને, શ્રી અભયકુમારે કથા કહેવા માંડી.

વસંતપુર નામનું એક નગર હતું. તે નગરમાં જીર્ણ નામે મહાનિર્ધન શેઠ વસતો હતો. તેને એક કન્યા હતી અને તે મોટી ઉમરની થઈ હતી. પણ તેણી માટે કોઈ સારો વર મળતો ન હતો. આથી તે કન્યાએ રોજ કામદેવની પૂજા કરવી શરૂ કરી. કામદેવની પૂજા કરવામાં પૂષ્પો તો જોઈએ જ અને પુષ્પોને ખરીદી લાવે તેટલું પણ ધન તેણીની પાસે હતું નહિ, એ કારણે તેણીએ રોજ કોઈ એક ઉદ્યાનમાંથી પુષ્પોને ચોરી લાવવા માંડ્યાં.

હવે તે ઉદ્યાનના પાલકને ખબર પડી ગઈ કે - કોઈ રોજ આવીને પુષ્પોને ચોરી જાય છે. આથી એ ચોરને પકડી પાડવાનો નિશ્ચય કર્યો અને તે એક સ્થલે સ્થિરપણે સંતાઈ રહ્યો.

રોજના નિયમ મુજબ, પેલી કન્યા તો ઉદ્યાનમાં આવી અનેછૂપી રીતિએ પુષ્પોને ચુંટવા લાગી. ઉદ્યાન પાલકે તેણીને જોઈ અને તેણીને જોતાંની સાથે જ ચોરને પકડી પાડવાનો તેનો ભાવ ભાગી ગયો; કારણ કે - બાળા અતિશય રૂપવતી હતી અને તેણીને જોઈને તે ઉદ્યાનપાલક કામાતુર બની ગયો હતો.

ઉદ્યાનપાલક કામાતુર બનીને તે બાળાની પાસે આવ્યો અને ધ્રૂજતાં ધ્રૂજતાં તે બાળાને પકડી લીધી. આ ધ્રુજારી ભયની ન હોતી, પણ કામની હતી. ભયભીતેય ધ્રુજે અને કામાતુરેય ધ્રુજે.

બાળાને પકડીને ઉદ્યાનપાલકે કામભોગની માગણી કરી અને તે સિવાય તને હું છોડીશ નહિ - એમ પણ કહ્યું.

તે વખતે કન્યાએ કહ્યું - કે મને અડ નહિ. છોડી દે. કારણ કે હું હજુ કુમારીકા છું અને તેથી પુરૂષના સ્પર્શને યોગ્ય નથી.

માળીએ તરત જ તેણીને છોડી તો દીધી. પણ તે પહેલાં તેણીની પાસે માળીએ એવું કબૂલ કરાવ્યું કે પરણ્યા પછીથી તેણીએ સૌથી પ્રથમ વારનો સંભોગ તે માળીની સાથે કરવો.

તમને ખ્યાલ આવે છે કે - એ કાળના વ્યભિચારી પુરૂષો પણ કન્યાઓના શીલનું ખંડન તો નહિ જ કરતા હોય ? આજે શું થાય છે અને કેમ થાય છે, તે કહેવાની જરૂર નથી.

માળીની પાસેથી છૂટીને એ કન્યા પોતાને ઘરે ગઈ. થોડા જ વખતમાં કોઈ ઉત્તમ જનની સાથે તેણીનું લગ્ન થયું. એ જ્યારે પરણીને પહેલી જ વાર પોતાના પતિના વાસગૃહમાં ગઈ, ત્યારે તેણીએ પોતાના પતિને કહ્યું કે - હે આર્યપુત્ર ! મેં એક માળીની પાસે પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે કે - પરણ્યા પછીથી મારે પ્રથમ સંગ તેની સાથે કરવો. હું તેની સાથે વચનથી બંધાઈ ગયેલી છું, માટે જો આપ મને આજ્ઞા આપો, તો હું એક વાર તેની પાસે જઈ આવું પછીથી તો, સદાને માટે હું આપને જ આધીન રહીશ.

આ વાતને સાંભળીને, તેણીનો પતિ ગુસ્સે થતો નથી. એ તો વિસ્મિત જ બની જાય છે. એ વિચાર કરે છે કે - આ બાળા કેવા શુદ્ધ હૃદયવાળી છે અને પોતાની પ્રતિજ્ઞાની કેવી પાલક છે ? અને આવો વિચાર કરીને તે, પોતાની તાજી પરણેલી સ્ત્રીને, તેણીની પ્રતિજ્ઞાને પૂર્ણ કરવાને માટે જવાની આજ્ઞા આપે છે.

હવે તે બાળા ઘરમાંથી, પેલા માળીની પાસે જવાને નીકળે છે. તેણીએ કિંમતી વસ્ત્રો પહેરેલાં છે તેમ જ ભારે આભૂષણોને પણ ધારણ કરેલાં છે. રસ્તામાં તેણીને ચોરોનો ભેટો થાય છે. ચોરા કહે છે કે - બધા આભૂષણો ઉતારી આપ, નહિ તો અમે તને લુંટીને પણ લઈ લઈશું.

એ બાળા, આ ચોરોને પણ પેલા માળીની સાથે થયેલા કરારની વાત કહે છે અને તેના અન્તમાં જણાવે છે કે - એક વાર તમે મને એ માળીની પાસે જઈ આવવા દ્યો. હું આવું એટલે તમે ખૂશીની સાથે મારાં આભૂષણો લઈ લેજો.

ચોરોને પણ લાગ્યું કે - આવી સત્ય પ્રતિજ્ઞાવાળી બાઈ જુઠું બોલે નહિ, માટે હમણાં આને જવા દ્યો અને આ જ્યારે પાછી વળશે ત્યારે આપણે આનાં આભૂષણોને લઈ લઈશું.

આમ ચોરોની પાસેથી છૂટીને તે બાળા જ્યાં આગળ ચાલી, ત્યાં થોડેક દૂર જતાં તેણીને એક માનવભક્ષી અને ક્ષુધાતુર એવા રાક્ષસે જોઈ અને રૂંધી. રાક્ષસ તેણીનું ભક્ષણ કરી જવાને માગતો હતો.

એ બાળાએ રાક્ષસને પણ પોતાની બધી હકીકત કહી સંભળાવી અને કહ્યું કે - હાલ તો તું મને જવા દે. તારે મારૂં ભક્ષણ કરવું હોય તો હું વળતી વેળા આવું ત્યારે તું મારૂં ભક્ષણ કરજે.

રાક્ષસે પણ વિસ્મિત બનીને તેણીને આગળ જવા દીધી. એમ કરતાં કરતાં, તે બાળા પેલા ઉદ્યાનમાં પહોંચી ગઈ. ઉદ્યાનમાં માળી તો ઉંઘી ગયો હતો, પણ તેને આ બાળાએ જગાડયો. માળીને જગાડીને બાળાએ કહ્યું કે - તમારા ઉદ્યાનમાંથી જે બાળા રોજ પુષ્પોને ચોરી જતી અને જેણે પરણીને પ્રથમ સંભોગને માટે તમારી પાસે આવવાનું કબૂલ કર્યું હતું, તે હું નવોઢા, મારા વચનનું પાલન કરવાને માટે અહીં તમારી પાસે આવી છું.

માળી તો આવા વચનોને સાંભળીને ચકિત જ થઈ ગયો. તે વખતે એ કામાતુર બન્યો હતો; પણ અત્યારે તે કામાતુર ન હતો. આ વખતે તેનામાં કામને પ્રગટતો તેના ગુણગ્રાહી સ્વભાવે અટકાવ્યો. તેને થયું કે - આ તો ગજબની સત્ય પ્રતિજ્ઞાવાળી છે. આ તો મહા સતી. આને તો મારાથી સ્પર્શાય પણ નહિ. આવા વિચારથી, એ માળીએ બાળાને, જાણે પોતાની માતાને નમતો હોય તેમ નમીને પાછા જવાની રજા આપી.

ત્યાંથી નીકળીને એ બાળા, પોતે જે માર્ગે ઘરેથી અહીં સુધી આવી હતી. તે જ માર્ગે ઘરે જવાને માટે નીકળી. રસ્તામાં રાક્ષસ તેણીની રાહ જોઈને જ ઉભો હતો. રાક્ષસની પાસે તે પહોંચી, એટલે રાક્ષસે પૂછ્યું કે - સાચું બોલ શું કરી આવી ? આ વાત જ એવી હતી કે - શું બન્યું તે જાણવાની ઈચ્છા થયા વિના રહે નહિ. બાળાએ જે બન્યું હતું તે જ કહ્યું. એ સાંભળતા રાક્ષસને થયું કે આવી સત્ય પ્રતિજ્ઞાવાળી મહા સતીને હું કેમ મારી નાખું ? શું હું પેલા માળીથી પણ હીણો છું ? આથી રાક્ષસે પણ, તેણીનું ભક્ષણ કરવાને બદલે, તેણીને પોતાની સ્વામિનીને જે પ્રકારે પ્રણામ કરે તે પ્રકારે પ્રણામ કર્યા અને ચાલી જવાનું કહ્યું.

આગળ ચાલતાં, પેલા ચોરોની પાસે તે પહોંચી; અને કહ્યું કે હવે તમારે આ અંગ ઉપરથી જે કાંઈ પણ આભૂષણો જોઈતાં હોય, તે લઈ લો.

ચોરોએ કહ્યું કે એ તો અમે લઈએ છીએ, પણ તે પહેલાં તું એ કહે કે, તું જ્યાં ગઈ હતી, ત્યાં શું શું બન્યું ?

આથી એ બાળાએ, માળી સંબંધી અને રાક્ષસ સંબંધી જે કાંઈ બન્યું હતું, તે અથેતિ એ ચોરોને કહી સંભળાવ્યું. માળીના અને રાક્ષસના વૃત્તાન્તોને સાંભળવાથી, ચોરોના હૈયા ઉપર પણ સુન્દર અસર થવા પામી. એટલે એ ચોરોએ એ બાળાને કહ્યું કે ભદ્રે ! તું અહીંથી પણ સુખે ચાલી જા. એ માળીથી અને રાક્ષસથી અમે કાંઈ હીણા નથી કે - એમણે

તને છોડી દીધી અને અમે તને છોડી દઈએ નહિ. તું તો અમારી બેન છો. અમે તને પગે લાગીએ છીએ.

એ કાળમાં, ચોરો ય હતા, વ્યભિચારીઓ પણ હતા અને રાક્ષસો ય હતા, છતાં પણ એ બધાનાં હૈયાં કેવાં કુણાં હતા, તે સમજાય છે ? ખરાબ કામ કરવાને નીકળેલા હોવા છતાં ય, ખરાબ કામ કરનારા હોવા છતાં ય, એક બીજાના સારાપણાની હરિફાઈ કરવાની વૃત્તિ એ લોકોમાં હતી, એવું દેખાઈ આવે છે ને ? એટલે ખરાબ કામ કરવા છતાં ય, એમને ખરાબ કામ કરવું ગમતું તો નહિ જ હોય, એમ લાગે છે ને ! આજે શાહુકાર થઈને ફરનાર, શાહ કહેવડાવનાર, સજ્જન તરીકે પોતાને ઓળખાવનારમાં પણ બીજાના સારાપણાની હરિફાઈ કરવાની વૃત્તિ કેટલી હશે ? કદાચ એવાઓની સંખ્યા મોટી હશે, કે જેઓ દેખાવમાં સારાં કામ કરતા હોય અને હૈયામાં ખરાબ કામોને કરવાની વૃત્તિ હોય. ફેર કેટલો? પેલાઓમાં ખરાબ કામો કરવા છતાં પણ સારાપણાની હરિફાઈ કરવાનું મન થાય એવું હૈયું અને આજના અમુકોમાં સારાં કામો કરવા છતાં, પણ ખરાબ કામો કરવાની વૃત્તિ રહ્યા કરે એવું હૈયું ! આથી જ, આજનાઓ નિન્દક સ્વભાવના બની ગયા છે. કોઈના ય સારા કામની વાત આવે, એટલે કહી દે કે - એ છૂપાં કામ કરે છે, તેની ખબર છે ! જો સારાપણાની હરિફાઈ કરવાની વૃત્તિ હોય, તો આવું બોલાય ?

પેલી બાળા નિર્વિઘ્નપણે પોતાના પતિની પાસે પહોંચી ગઈ. એનો પતિ તો રાહ જોઈ રહ્યો હતો. એ આવી પહોંચી, એટલે એના પતિએ એને પૂછ્યું કે શું બન્યું ?

બાળાએ માળીની હકીકત પણ કહી અને રસ્તામાં બનેલી રાક્ષસની તથા ચોરોની ઘટનાવાળી હકીકત પણ કહી. એનો પતિ, એના વચનને ખોટું માને - એવું હતું જ નહિ. બધી વાતને સાંભળીને, તેનો પતિ ખૂશ ખૂશ થઈ ગયો. આવી પત્ની મળવા બદલ પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો. બન્નેએ આખી રાત આનન્દમાં વ્યતીત કરી અને પ્રાતઃકાળે એ પુરૂષે એ બાઈને પોતાના સર્વસ્વની સ્વામિની બનાવી દીધી.

આ રીતિએ, શ્રી અભયકુમારે નગરજનોને કથા કહી સંભળાવી. શ્રી અભયકુમાર અહીં કાંઈ નાટારંભ જોવાને આવ્યા નહોતા કે કથા કહેવાને પણ આવ્યા નહોતા, પરન્તુ પોતે પોતાના પિતાની પાસે જે પ્રતિજ્ઞાને ગ્રહણ કરી હતી, તેની પૂર્ણતાને પામી શકાય - તેવો કોઈ ઉપાય જડી આવે, તો પોતાને નિરાંત વળે, એ માટે જ શ્રી અભયકુમાર અત્રે આવ્યા હતા, એમણે નગરજનોને જે કથા કહી સંભળાવી, તે પણ એ જ હેતુને સિદ્ધ કરવાના આશયથી સંભળાવી હતી.

**ચોરને શોધી કાઢયો ને પકડયો :**

આથી, કથાને કહી રહ્યા બાદ, નગરજનોને ઉદ્દેશીને શ્રી અભયકુમારે પૂછ્યું કે - તમને મેં જે કથા કહી તેમાં સર્વથી વધારે દુષ્કર કામ કર્યું કોણે કહેવાય ? એ બાળાના પતિએ, ચોરોએ, રાક્ષસે કે માળીએ ? તમે આ બાબતનો વિચાર કરીને જવાબ દો.

આવા પ્રસંગોમાં, જવાબ દેનારાના હૈયાના વલણને, જવાબમાં કહેવાયેલી વાત ઉપરથી પારખી શકાય છે. નગરજનોમાં જે લોકો ઈર્ષ્યાવાળા હતા, પોતાની પત્ની કોઈની ય પાસે જાય તે ખમી શકે નહિ - એવા સ્વભાવના જે લોકો હતા, તે લોકોએ શ્રી અભયકુમારના પ્રશ્નના જવાબમાં કહ્યું કે - એ ચારમાં સર્વથી વધુ દુષ્કર કાર્ય તો તેના પતિએ કર્યું કહેવાય, કારણ કે પોતાની નવોઢા પત્નીને અંગે સ્પર્શ પણ કર્યો નહોતો, તે છતાં ય તેણીને અન્ય પુરૂષની પાસે જવા દીધી.

નગરજનોમાં જે લોકો એવા સ્વભાવના હતા કે - જ્યારે પોતે ભૂખ્યા થયા હોય, ત્યારે ગમે તેવું હોય તો પણ ખાઈ ગયા વિના રહે નહિ, તેઓએ શ્રી અભયકુમારના પ્રશ્નના જવાબમાં કહ્યું કે સર્વથી વધુ દુષ્કર કાર્ય કરનાર તો રાક્ષસ જ ગણાય, કારણ કે - તે ક્ષુધાતુર હતો, તે છતાં પણ તેણે તે બાળાનું ભક્ષણ કર્યું નહિ અને તેણીને છોડી દીધી.

નગરજનોમાં જે લોકો વ્યભિચારી હતા, તેઓએ શ્રી અભયકુમારના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું કે સર્વથી વધુ દુષ્કર કાર્ય કરનાર તરીકે માળી જ ગણી શકાય, કારણ કે - તેણે તેની પાસે રાત્રિના સમયે સ્વયમેવ ચાલી આવેલી યુવાન, સ્વરૂપવતી અને નવોઢા રમણીને ભોગવી નહિ.

આમાં કોઈએ ચોરની પ્રશંસા તો કરી જ નહિ; સર્વથી વધુ દુષ્કર કાર્ય ચોરોએ કર્યું છે - એમ કોઈએ કહ્યું નહિ; એ પેલા માતંગપતિથી સહન થયું નહિ એટલે માતંગપતિએ શ્રી અભયકુમારના પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે જે ચોરોએ સુવર્ણથી લદાયેલી બાળાને લૂંટ્યાં વગર જ જવા દીધી, તે ચોરો જ સર્વથી વિશેષ દુષ્કર કાર્યને કરનારા ગણાવા જોઈએ.

શ્રી અભયકુમારને આટલું જ કામ હતું. ચોરોને કોણ વખાણે છે, એ જ શ્રી અભયકુમારને જાણવું હતું અને જેઓ ચોરોને વખાણે, તેમાંથી જ પોતાને આમ્રફળના ચોરને પકડી પાડવો હતો. ચોરોની એવી પ્રશંસા કરનારો તો એક જ નીકળ્યો. એટલે શ્રી અભયકુમારને સરલતા થઈ પડી.

શ્રી અભયકુમારે તરત જ માતંગપતિને પકડી લીધો અને પૂછ્યું કે તેં આમ્રફળોની ચોરી શી રીતિએ કરી ? માતંગપતિએ તરત જ કહ્યું કે - વિદ્યાના બળથી.

પછી એ માતંગપતિને, શ્રી અભયકુમાર, શ્રી શ્રેણિકની પાસે લઈ આવ્યા અને સર્વ વૃત્તાન્ત પિતા રાજાને કહી સંભળાવ્યો.

## વિનય વિના વિદ્યા નહિ :

શ્રી શ્રેણિકે કહ્યું કે - સામાન્ય પણ ચોરની ઉપેક્ષા થઈ શકતી નથી, તો પછી આ તો ઘણો શક્તિમાન ચોર છે ; માટે તેની ઉપેક્ષા નહિ કરતાં, આનો નિ:સન્દેહપણે નિગ્રહ જ કરવો જોઈએ.

એ વખતે શ્રી અભયકુમારે શ્રી શ્રેણિક મહારાજાને વિનંતી કરી કે પહેલાં તો આપ આની પાસેથી, જે વિદ્યા છે તે ગ્રહણ કરી લો અને પછીથી, આપને જેમ કરવું યોગ્ય લાગે તેમ કરજો

શ્રી શ્રેણિકને શ્રી અભયકુમારની વિનંતી વ્યાજબી લાગી, એટલે રાજાએ પેલા માતંગપતિને પોતાની સામે બેસાડ્યો અને તેને જે વિદ્યા આવડતી હતી તે બોલવાનું કહ્યું

માતંગપતિએ પોતાને આવડતી વિદ્યા બોલીને આપવા માંડી, પણ રાજાના હૃદયમાં તે સ્થિર થઈ શકી નહિ. ફરી ફરી તેમ કરવા છતાં પણ, રાજાના હૃદયમાં વિદ્યા સ્થિર થઈ શકી નહિ, કારણ કે - રાજા સિંહાસન ઉપર બેઠા હતા અને વિદ્યાદાતા માતંગપતિ નીચે બેઠો હતો. એમ બેસવાથી વિદ્યાદાતાનો અવિનય થતો હતો અને વિદ્યાદાતાનો અવિનય થતો હોવાથી એવી વિદ્યા રાજાના હૃદયમાં સ્થિર થઈ શકે નહિ, એ સ્વાભાવિક છે.

પરન્તુ, શ્રી શ્રેણિકને તો એમ લાગ્યું કે આ માતંગપતિ જ કાંઈક લૂચ્ચાઈ કરે છે., આથી તેનો તિરસ્કાર કરવાપૂર્વક શ્રી શ્રેણિકે તેને કહ્યું કે તારામાં કાંઈક પણ કપટભાવ છે અને એથી જ તારી કહેલી વિદ્યા મારા હૃદયમાં સંક્રમિત થતી નથી.

એ વખતે, બુદ્ધિનિધાન શ્રી અભયકુમારે કહ્યું કે દેવ ! અત્યારે તો આવિદ્યાગુરૂ છે અને જેઓ ગુરૂનો વિનય કરે તેઓને જ વિદ્યા સ્ફુરે છે પણ ગુરૂનો અવિનય કરનારને વિદ્યા સ્ફુરતી નથી. એટલે આપના સિંહાસન ઉપર આ માતંગપતિને બેસાડો અને આપ જમીન ઉપર તેની સામે હાથ જોડીને બેસો. એમ કરવાથી આપને જરૂર વિદ્યા આવશે.

શ્રી શ્રેણિક સમજુ હતા. તરત જ તેમને વિદ્યામાં વિનય અવશ્ય જોઈએ, તે વાતનો ખ્યાલ આવી ગયો. તેમણે સિંહાસન ઉપરથી ઊતરીને શ્રી અભયકુમારે કહ્યા મુજબ કર્યું.

પછી સિંહાસને બેસાડેલા માતંગપતિના મુખેથી, રાજાએ એક ઉન્નામિની નામની અને બીજી અવનામિની નામની - એમ બે વિદ્યાઓને સાંભળી અને જેવી સાંભળી તેવી જ એ વિદ્યાઓ રાજાના હૈયામાં વસી ગઈ.

હવે શ્રી અભયકુમારે શ્રી શ્રેણિકને વિદ્યાદાતા ગુરૂને તો કોઈ પણ સંયોગમાં મરાય

નહિ એ વાતનો ખ્યાલ આપ્યો અને વિદ્યાદાતા ગુરૂ પ્રત્યેના બહુમાનભાવને લક્ષમાં રાખીને શ્રી શ્રેણિકે તરત જ એ માતંગપતિને મુક્ત કરી દીધો.

## વિનય પોતાના જ ભલાને માટે :

આ ઉદાહરણ ઉપરથી તમે સમજી શક્યા હશો કે - જ્ઞાનના અર્થી આત્માઓએ જ્ઞાનીનો વિનય કરવામાં કચાશ રાખવી, તે પોતાના જ્ઞાનોપાર્જનમાં જ કચાશ રાખવા બરાબર છે. જેઓ જ્ઞાનની મહત્તાને અને અજ્ઞાનની વિડમ્બનાને સમજે છે, તેઓ તો કદી પણ વિદ્યાદાતા ગુર્વાદિક પ્રત્યે અવિનયને આચરવાનો વિચાર સરખો ય કરે નહિ. ખરી રીતિએ તો, જ્ઞાનના અર્થિઓએ ગુરૂનો, વિદ્યાદાતાનો અને વિશેષજ્ઞનો જે યથાયોગ્ય રીતિએ વિનય કરવાનો છે, તે એકાન્તે પોતાના ભલાને માટે જ કરવાનો છે. વિનયને આચરનારાઓ, બીજાને વિનયને આચરવાનું શીખવવાના ફલને પણ પામી શકે છે.

## જ્ઞાનનો વિનય :

જ્ઞાનીના વિનયની વાત થઈ ગઈ. હવે જ્ઞાનના વિનયની વાત કરીએ. જ્ઞાનીના વિનયમાં પણ જ્ઞાનનો જ વિનય છે, પરન્તુ જ્ઞાનનો પૃથક્ વિનય પણ હોય છે. જ્ઞાનીનો વિનય જ્ઞાનના અર્થિએ કરવાનો હોય છે, જ્યારે જ્ઞાનનો વિનય તો જ્ઞાનીએ પણ કરવાનો હોય છે. જેઓ જ્ઞાનોપાર્જનનો પ્રયત્ન કરી રહ્યા હોય, ભણતા હોય, તેમને બની શકતા દરેક પ્રકારે ભણવાની અનુકૂળતા કરી આપવી જોઈએ. ભણવાને માટે તેમને સારી રીતિએ શોધીને શુદ્ધ કરેલા ગ્રન્થોનુય સમર્પણ કરવું જોઈએ. સૂત્રની તથા અર્થની જે પરિપાટી હોય, તેનું તેમને પ્રદાન કરવું જોઈએ અને પ્રદાન કરાવવું જોઈએ. તેમને આહારની તેમ જ ઉપાશ્રય આદિની અનુકૂળતા પણ કરી આપવી જોઈએ. આ બધું, સાધુઓએ સાધુઓને માટે કરવાનું છે. ભણવું એ ય જ્ઞાનનો વિનય છે અને ભણાવવું એ ય જ્ઞાનનો વિનય છે. શ્રાવકોએ પણ જ્ઞાનનો વિનય કરવાનો હોય છે. જ્ઞાનીના વિનયની વાત જે થઈ ગઈ, તેમાં શ્રાવકોએ પણ પોતપોતાને ઉચિત રીતિએ જ્ઞાની ગુરૂઓનો વિનય આચરવો જ જોઈએ. આ ઉપરાન્ત, જ્ઞાનનો વિનય આચરવા માટે, શ્રાવકોએ શ્રી ઉપધાન આદિ તપ કરવા અને કરાવવા પૂર્વક તથા શ્રાવકો જે સૂત્રોને અને જે સૂત્રાર્થોને ભણી શકે છે, તે સૂત્રોનો તથા સૂત્રાર્થોનો પોતે પણ અભ્યાસ કરવો જોઈએ અને અન્યોને પણ અભ્યાસ કરાવવો જોઈએ. સાધુઓને તેમ જ શ્રાવકોને જ્ઞાનાધ્યયન કરવામાં જે જે રીતિએ સહાયક બની શકાય તેમ હોય તે તે રીતિએ સહાયક બનવામાં ઉપેક્ષા નહિ સેવવી જોઈએ. આજે શ્રી ઉપધાન તપ કરીને જ ભણવું એ બાબતમાં અને ધાર્મિક શિક્ષણને મેળવવાની બાબતમાં શ્રાવક-શ્રાવિકા વર્ગ ઘણો જ પછાત પડી ગયો છે અને પછાત

પડતો જાય છે, જ્યારે સાધુ-સાધ્વીઓમાં ભણવા-ભણાવવાનું આમ દેખીતી રીતિએ વધતું દેખાય છે, પરન્તુ જ્ઞાનોપાર્જનના અને જ્ઞાનદાનના વિધિ તરફનું દુર્લક્ષ્ય બહુ વધતું જાય છે. આ તો પ્રસંગ પ્રાપ્ત થયો, એટલે સૂચના કરી દીધી. તમે તમારે લગતી વાત અને સાધુ-સાધ્વી પોતાને લગતી વાત આટલી સૂચના માત્રમાં સમજી જાય, એ સારૂં છે. સૌએ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે આ જે કાંઈ કરવાનું છે, તે કેવળ પોતાના જ આત્મકલ્યાણને માટે કરવાનું છે.

## જ્ઞાનોપકરણોનો વિનય :

જ્ઞાનોપકરણોનો વિનય પણ, જ્ઞાની અને જ્ઞાનના અર્થી માટે આવશ્યક જ છે. સૂત્રાદિક ગ્રન્થોને લખવા, લખાવવા, તે ગ્રન્થોને શોધી-શોધાવીને શુદ્ધ બનાવવા; તે ગ્રન્થોના રક્ષણની વ્યવસ્થા કરવી; તે ગ્રન્થોને સુગંધી દ્રવ્યોથી સારા રાખવા; એ વિગેરે જેમ જ્ઞાનોપકરણોનો વિનય ગણાય છે, તેમ પાટી, સાપડો, કાગળ, પેન્સીલ, શાહી, શાહીનું ઉપકરણ - એ વિગેરેની બરાબર જાળવણી કરવી, એ પણ જ્ઞાનોપકરણોનો વિનય ગણાય છે. જ્ઞાનનાં સાધનોનું સંરક્ષણ કરવું, તેની સંવૃદ્ધિ કરવી, તેનો ખર્પી જીવોમાં પ્રચાર કરવો, એ વિગેરે પણ જ્ઞાનોપકરણનો વિનય ગણાય છે. આજે જ્ઞાનોપકરણોની આશાતના તો ઘણી જ વધતી જાય છે, એમ કહીએ તો ચાલે. પેન, પેન્સીલને મોઢામાં નાંખવાથી જ્ઞાનની આશાતના થાય છે. કાગળ વિગેરે પગ નીચે આવે, તેમાં પણ જ્ઞાનની આશાતના છે. આજે છાપાંઓ દ્વારા તો જ્ઞાનની ગજબની આશાતના થઈ રહી છે. કેટલીક અજ્ઞાન અને મૂર્ખ બાઈઓ છોકરાંઓના મેલાને લેવામાં ને ફેંકવામાં છાપાઓનો ઉપયોગ કરે છે. સ્વરૂપે મિથ્યા એવા પણ શ્રુતના કાગળ, પુસ્તક આદિ ઉપર પણ પગ ન મૂકાય. એને થુંક ન લગાડાય, જ્ઞાનની આશાતનાની તો કેટલી વાતો કરવી ? આજે તો બુટ અને ચંપલની નીચે પણ અક્ષરો હોય છે અને તમે એમાં પગ મૂકીને એને જમીન ઉપર ઘસડો છો. હમણાં હમણાં સડકો ઉપર પણ લોકોને લખવાની આદત વધી જવા પામી છે અને એમાંય જ્ઞાનની ઘણી આશાતના થાય છે. આવી રીતિએ જ્ઞાનની આશાતના કરનારાઓનું ભણતર ભયંકર નિવડે, એમાં નવાઈ નથી.

## બહુમાન નામનો ત્રીજો જ્ઞાનાચાર :

બહુમાન નામનો ત્રીજો જ્ઞાનાચાર છે. વિનયને બીજા આચાર તરીકે જણાવ્યા પછીથી પણ, ત્રીજા જ્ઞાનાચાર તરીકે બહુમાનને જણાવેલ છે, તેમાં મુંઝાવા જેવું નથી. વિનયના અને બહુમાનના સ્વરૂપને સમજો. વિનય એ બાહ્ય સન્માનાદિ છે, જ્યારે બહુમાન એ આન્તરીક સન્માનાદિ છે. વિનયમાં ગુણ ઘણા છે, પણ જો વિનય હોય અને

બહુમાન ન હોય, તો એ નિર્જીવ મુડદા સમાન છે. ધન વિનાનું ઘર હોય, નાક વિનાનું મુખ હોય, દાન વિનાનું માન હોય, ગંધ વિનાનું પુષ્પ હોય, રંગ વિનાનું કંકુ હોય, પાણી વિનાનું સરોવર હોય, પ્રતિમા વિનાનું મન્દિર હોય અને મધ્ય મણિ વિનાનો હાર હોય, તો એ ઘર, મુખ, માન, પુષ્પ, કંકુ, સરોવર, મન્દિર અને હાર શોભે ? ન જ શોભે ! એ જ રીતિએ, વિનય પણ બહુમાન વિના શોભે નહિ સફળ બને નહિ. વિનયની સાચી કિંમત જ બહુમાનને અંગે છે. વિનય હોય ત્યાં બહુમાન હોય એ બનવા જોગ છે જ્યારે બહુમાન હોય ત્યાં વિનય તોજ ન દેખાય, કે જો વિનયને આચરવાનું અશક્ય હોય. બહુમાન એકલું પણ લાભ કરે છે અને જો બહુમાનપૂર્વકનો અલ્પ પણ વિનય હોય તો ય એ વિનય ઘણા લાભને માટે થાય છે. વિનય એ બાહ્યોપચાર છે. એની આવશ્યકતા ઘણી છે. બહુમાનના નામે એ વિનયની અવગણના કરનારાઓ તો મૂર્ખા જ છે. જેમ નિશ્ચયના નામે વ્યવહારની અવગણના કરનારા, જ્ઞાનના નામે ચરણની અવગણના કરનારા અને મનની મજબૂતાઈના નામે મર્યાદાની અવગણના કરનારા મૂર્ખા છે, તેમ બહુમાનના નામે વિનયની અવગણના કરનારા પણ મૂર્ખા જ છે; પરન્તુ વિનયનો સાચો આધાર, વિનયની સફલતાનો સાચો પાયો બહુમાન છે. આથી, જ્ઞાનના અર્થી આત્માઓએ પોતાના હૃદયમાં જ્ઞાની ગુર્વાદિક પ્રત્યેના બહુમાનના ભાવને અવશ્ય સ્થાપિત કરવો જોઈએ. એમાં જ બહુમાન નામના આ ત્રીજા જ્ઞાનાચારનું પાલન રહેલું છે.

## બહુમાનના પાંચ લક્ષણો :

વિનયાચાર તો પ્રત્યક્ષપણે દેખાઈ આવે એવી વસ્તુ છે, જ્યારે બહુમાન એ આભ્યંતર ભક્તિ-પ્રીતિ રૂપ છે, એટલે એને ચર્મચક્ષુઓથી જોઈ શકાય નહિ. સામાન્ય રીતિએ લોકો વિનયાચાર ઉપરથી બહુમાનનું માપ કાઢે છે, પરન્તુ તેમાં ખોટા પડવાની-ઠગાવાની સંભાવના પણ ઘણી છે. એમાં તો, બહુમાન ન હોય, તે છતાં પણ બહુમાન છે એમ પણ લાગે, એ ય સંભવિત છે અને બહુમાન હોય તે છતાં પણ બહુમાન નથી એમ લાગે એ ય સંભવિત છે. આમ છતાંય બહુમાનને જાણવાનાં લક્ષણો દ્વારા જો બારીકાઈથી જોઈ શકવાની બુદ્ધિ હોય, તો બહુલતયા બહુમાન છે કે નહિ તેનો નિર્ણય કરી શકાય છે.

જેના પ્રત્યે બહુમાન હોય છે, તેના અભિપ્રાયને અનુસરવાનું મન થયા વિના રહેતું નથી. એ શું ઈચ્છે છે, એને જાણવાની કાળજી સતત રહ્યા કરે છે અને કેમ કરીને એની ઈચ્છાને પૂર્ણ કરી શકાય - એનું ચિન્તન પણ રહ્યા કરે છે. એની મરજીથી વિરૂદ્ધ

ચાલવાની તો સ્વપ્ને ય ઈચ્છા થાય નહિ, પણ એની એકે એક મરજીને સંતોષવાનું મન થયા કરે. બહુમાનનું આ પહેલું લક્ષણ છે.

બહુમાનનું બીજું લક્ષણ એ છે કે - જેના પ્રત્યે બહુમાન હોય, તેના દોષોને જોવાનું મન થાય નહિ; દોષો જોવાઈ જાય, તો પણ તે દોષોને હૈયું વજન આપે નહિ પણ એને ભૂલી જાય; અને એના દોષોને ઢાંકવાની કાળજી રહ્યા કરે. કોઈના પણ જાણવામાં એના દોષો આવે નહિ. એની તકેદારી રહ્યા કરે. કોઈ એના દોષોની વાત કરે, તો તેને યથાશક્તિ રોકે; તેના ગુણો તરફ જોવાનું કહે; આ ગુણો પાસે એ દોષોની તો કાંઈજ કિંમત નથી - એમેય કહે; એ દોષો ભલે દોષો તરીકે દેખાતા હોય, પણ વસ્તુતઃ એને માટે આ દોષરૂપ છે કે નહિ, એ વિચારણીય છે - એમ પણ કહે; અને દોષોના કથનને રોકવાનું સામર્થ્ય ન હોય તો મનમાં દુઃખ અનુભવીને તે એવો ખસી જાય. કે જેથી દોષોની વાત કાને પડે નહિ. જેના પ્રત્યે બહુમાન હોય તેના માટે હૈયામાં આવો ભાવ પણ જાગ્યા વિના રહે નહિ.

બહુમાનનું ત્રીજું લક્ષણ એ છે કે - જેના પ્રત્યે બહુમાન હોય, તેના અભ્યુદયનું અહર્નિશ ચિન્તન રહ્યા કરે. એના દોષોનું જેમ આચ્છાદન કરે, તેમ એના દોષો કેમ નાશ પામે અને એના ગુણોમાં કેમ અભિવૃદ્ધિ થયા કરે, એની વિચારણા પણ એને આવ્યા જ કરે. જેમ એના અભ્યન્તર અભ્યુદયની ભાવના રહ્યા કરે, તેમ તેના બાહ્ય અભ્યુદયની ભાવના રહ્યા કરે. કોઈ જો તેની પ્રશંસા કરે, તો તે બહુ ગમી જાય. એની થતી નિન્દા પ્રત્યે જેવો તિરસ્કાર હોય, તેવો જ એની થતી પ્રશંસા પ્રત્યે સદ્ભાવ હોય. પોતે એની પ્રશંસા કરે અને બીજાઓને પણ યથાશક્તિ એની પ્રશંસામાં જોડે.

બહુમાનનું ચોથું લક્ષણ એ છે કે - જેના પ્રત્યે બહુમાન હોય, તેની જો કોઈ પણ પ્રકારના પાપોદયથી દુર્દશા થાય, તો એ દુર્દશાને જોઈને, તેનું અન્તર બળીને ખાખ થઈ જાય. એનું જો ચાલે તેમ હોય, તો એ એની દુર્દશાને નિવાર્યા વિના રહે નહિ. જેના પ્રત્યે બહુમાન, તેની દુર્દશાને ઠંડે કલેજે જોઈ શકવા જોગી હૈયાની સ્થિતિ સંભવી શક્તિ જ નથી; ત્યાં વળી એની દુર્દશામાં રાજીપો થાય, એની દુર્દશામાં અજાણતાં પણ નિમિત્ત રૂપ બની જવાય. એવું તો બને જ શાનું ? જો સંયોગવશ, ખ્યાલફેરથી, અજાણતા પણ એવી ભૂલ થઈ ગઈ હોય, તો એ ભૂલ એને સદાને માટે સાલ્યા વિના રહે નહિ.

હવે બહુમાનનું પાંચમું લક્ષણ એ છે કે - જેના પ્રત્યે બહુમાન હોય, તેની દુર્દશામાં જેમ અત્યન્ત દુઃખિત થઈ જાય, તેમ તેનાં અભ્યુદયમાં અત્યન્ત હર્ષિત થઈ જાય. અભ્યુદય પેલાનો થાય અને હૈયું આનું નાચી ઉઠે. અભ્યુદય એની મેળે થાય, તો પણ જે અત્યન્ત રાજી થાય, તે અભ્યુદય થાય એવો શક્ય પ્રયત્ન કર્યા વિના રહે ખરો ?

આ પાંચ લક્ષણો દ્વારા બહુમાન છે કે નથી, તે ઘણે ભાગે જાણી શકાય છે. વિશિષ્ટ જ્ઞાની તો જ્ઞાનના બળે જાણી શકે, પણ આપણે તો લક્ષણો જ જોવાં પડે. જેના હૈયામાં બહુમાન હોય, તેના હૈયામાં જેના પ્રત્યે બહુમાન હોય તેને માટે આવા પાંચેય પ્રકારના ભાવો પ્રાદુર્ભૂત થયા વિના રહે નહિ અને એ ભાવો શક્તિ-સામગ્રીના યોગને અનુસારે અમલી બન્યા વિના પણ રહે નહિ. બહુમાન, એ એક પ્રકારની આભ્યંતર પ્રીતિ જ છે, પણ બહુમાનની પ્રીતિમાં વિશેષતા એ હોય છે કે - એ પ્રીતિ ભક્તિભાવથી ભરેલી હોય છે. જેના ઉપર તમને ખરેખરી પ્રીતિ હોય છે, ગાઢ સ્નેહ હોય છે, તેના માટે તમારા હૈયામાં કેવા કેવા ભાવો જાગે છે, એનો વિચાર કરો, તો તમને બહુમાનના યોગે હૈયામાં કેવા કેવા ભાવો પેદા થવા પામે છે, તેનો ખ્યાલ આવ્યા વિના રહે નહિ. તમારી આજની પ્રીતિ મોટે ભાગે સ્વાર્થી છે, એટલે કદાચ તમને આ ચીજનો સાચો ખ્યાલ ઝટ નહિ આવી શકે; પરન્તુ તમે કદાચ જો કોઈ પ્રત્યે નિસ્વાર્થ પ્રીતિવાળા અથવા તો પૂર્વભવના ઋણાનુબંધી સ્નેહવાળા હશો, તો એનો વિચાર કરતાં તમને આ વસ્તુનો ઘણી જ સહેલાઈથી ખ્યાલ આવી શકશે. એની ઈચ્છાઓ ફળે, એના દોષો ઢંકાય અને એનો અભ્યુદય કેમ થાય, એવું મનમાં થયા જ કરે તેમ જ એની દુર્દશાથી અત્યન્ત દુઃખિત થવાય અને એના અભ્યુદયથી અત્યંત રાજી થવાય-એમ પણ બને જ. આ બધું કરવું પડે નહિ, પણ થઈ જ જાય. એટલે ગુર્વાદિકની પ્રત્યે ભક્તિમતી પ્રીતિને પેદા કરવાનો પ્રયત્ન ચાલુ જ રાખવો જોઈએ.

## બહુમાનમાં બહુ મોટો વાંધો પડી ગયો છે :

આ વાતને તમે વર્તમાન વાતાવરણની સાથે જરી સરખાવી જૂઓ. આજે બહુમાનનો કેટલો બધો નાશ થઈ જવા પામ્યો છે ? તમારા સંસારમાં, તમારા માતા-પિતાદિ વડિલો પ્રત્યે તમારા હૈયામાં આ પ્રકારનું બહુમાન છે ખરૂં ? મોટે ભાગે નથી. એ જ રીતિએ, દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે તમારા હૈયામાં બહુમાન છે ખરૂં ? આજે વાત-વાતમાં સાધુ-સાધ્વીનાં છિદ્રો જોવાય છે, દોષો ગવાય છે, નાના દોષો મોટા કરીને વગોવણી કરાય છે, અરે અછતા દોષોનું પણ આરોપણ થાય છે તેમ જ તેમના અભ્યુદય તરફ દુર્લક્ષ કરાય છે, એ વિગેરે બહુમાનનો અભાવ સૂચવે છે. ખરી વાત તો એ છે કે -દેવ પ્રત્યે સાચું સમજપૂર્વકનું બહુમાન નથી, એથી દેવે કહેલા ધર્મ પ્રત્યે બહુમાન નથી અને એ જ કારણે સાધુ-સાધ્વી પ્રત્યે બહુમાન નથી. આજે હજુ દેવ-ગુરૂ-ધર્મના વિનયની ક્રિયાઓ કેટલેક અંશે ચાલી રહી છે; જો કે તેમાંય ઘણી ઉણપ આવી જવા પામી છે, પણ દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યેના બહુમાનમાં તો બહુ જ મોટો વાંધો પડી ગયો છે. એમની મરજીને અનુસરવાનું મન થવાને

બદલે, આપણી મરજીને એ અનુસરે એવી ઈચ્છા થાય; એમના દોષોને ઢાંકવાને બદલે, એમના દોષોની વાતો કરતાં હૈયે ચીરાડો પડે નહિ; તેમના અભ્યુદયનું ચિન્તન કરવાને બદલે, તેમનો અપયશ કરવામાં સામેલ થવાય; તેમની દુર્દશાથી દુ:ખિત થવાને બદલે આપણે શું કરીએ ? એ તો કરે એવું પામે-એવું એવું બોલવાનું મન થાય; અને તેમના સાચા અભ્યુદયથી રાજી થવાને બદલે, તેમનો અધ:પાત થાય-એવી રીતિએ તેમને વર્તવાની પેરવી કરાય-આવું પણ આજે ચાલી રહ્યું છે, માટે તમે એવા કોઈ પાપમાં ન આવી જાવ, તેનાથી તમારે સાવધ રહેવા જેવું છે.

## વિનય-બહુમાનની ચતુર્ભંગી :

બહુમાન એટલે અન્તરની પ્રીતિ; હૃદયનો ભક્તિભાવ વિશેષ. કોઈ સાધુને શરીરે વા આવ્યો હોય અને તેથી તે નમી શકતો ન હોય, એટલે વિનયોપચાર ન કરે, પણ હૃદયમાં બહુમાન હોય તો ભક્તિ ભારોભાર હોય; હૃદયથી તો તે ઝૂકી પડતો હોય. હૃદયના આ ભાવનું નામ છે બહુમાન. બહુમાન એટલે અંતરંગ પ્રેમ, હાર્દિક સ્નેહ. બિમારી ભોગવતો શિષ્ય સંથારાવશ છે, ગુરૂ આવે તો તે ઉભો થઈ શકતો નથી; આસનાદિ આપી શકતો નથી; હાથે ય એવા જડાઈ ગયેલા છે કે - હાથ પણ જોડી શકતો નથી; એમ વિનયના પ્રકારોમાંનો કોઈ પણ પ્રકાર યદ્યાપિ સાચવી શકતો નથી; તથાપિ હૃદયમાં તો આ તમામ સમાએલું છે, કેમ કે - ત્યાં બહુમાન વિરાજમાન છે. વિનય અને બહુમાનને અંગે ચૌભંગી થાય છે. ૧. એકમાં વિનય પણ છે અને બહુમાન પણ છે. ૨. એકમાં બહુમાન છે, પણ વિનય નથી. ૩. એકમાં વિનય છે, પણ બહુમાન નથી. અને ૪. એકમાં બહુમાન પણ નથી અને વિનય પણ નથી. આ ચતુર્ભંગીમાં વિનય અને બહુમાન - ઉભય હોય એ સર્વશ્રેષ્ઠ પ્રકાર છે. એથી ઉતરતો પ્રકાર બહુમાન છે, પણ વિનય નથી - એ છે. બહુમાન નથી અને વિનય છે - એની તો કાંઈ ખાસ કિંમત જ નથી, જ્યારે વિનય ને બહુમાન- બેય નથી, એ તો સર્વથા નકામો જ છે.

## બહુમાનથી એકાન્તે કલ્યાણ :

વિનય, એ છે શારીરિક ક્રિયાવિશેષ, જ્યારે બહુમાન એ છે આન્તરીક ભાવવિશેષ, શારીરિક ક્રિયાવિશેષ તો દેખાવ રૂપ પણ હોય, કેમ કે - એ બહાર દેખાડાય છે, એટલે બહુમાન વિના પણ વિનય હોઈ શકે છે. વિનય હોય ત્યાં બહુમાન હોય પણ ખરૂં અને ન પણ હોય; જ્યારે બહુમાન હોય તો શક્તિ-સમજ-સામગ્રીના અભાવે જ વિનય ન હોય, પણ એ વિના તો નિયમા વિનય હોય જ; કેમ કે - જેના પ્રત્યે બહુમાન છે, હૃદયનું આકર્ષણ છે, તે શક્ય હોય તો વિનય દ્વારા પ્રદર્શિત થયા વિના રહી શકતું નથી. વાસ્તવિક રીતિએ,

બહુમાન જ કલ્યાણ કરે છે. વિનય જો બહુમાનપૂર્વકનો હોય, તો એ વિશેષ કલ્યાણકર બને. બહુમાન વિનાનો વિનય તો દંડરૂપ પણ હોય. સ્વાર્થ સાધવાને માટે પણ હોય. એની કાંઈ કિંમત અંકાય નહિ. એ તો, વિનયગુણનો વ્યભિચાર માત્ર છે. એટલે વિનયથી તો ઊલટા સાવધ રહેવું પડે. શ્રી ઉદાયન રાજાનો ઘાત કરનારે, મુનિવેષમાં કેવો વિનય સાચવ્યો હતો ? વિનયરત્ન - એવા નામનો તે અધિકારી થયો હતો ! પણ એ બધુ કેવલ ખૂન કરવાની તકને મેળવવાને માટે જ હતું. વિનય તો દુન્યવી કાર્યસિદ્ધિના સ્વાર્થ માટે પણ કરાય. અન્યાયી, જૂલ્મગાર રાજા કે અધિકારીને, તેના પ્રત્યે પ્રેમનો અંશેય નહિ છતાં, નમવું પડે છે ને ? તેને ઝુકી ઝુકીને સલામ કરવી પડે છે ને ? એ વિનય છે કરવો પડતો વિનય. એ વિનય છે સામાને યેન કેન પ્રસન્ન કરવા માટેનો વિનય. એ વિનય છે, પણ ત્યાં હૈયામાં બહુમાન નથી. વિનય સ્વાર્થ માટે પણ હોય, જ્યારે બહુમાન પરમાર્થથી થાય છે. વિનયથી કલ્યાણ જરૂર છે, વિનયધર્મનું મૂલ છે, પણ બહુમાનપૂર્વકના વિનયથી. માટે વિનયથી એકાન્તે કલ્યાણ ન કહી શકાય, જ્યારે બહુમાનથી એકાન્તે કલ્યાણ છે - એમ કહી શકાય.

## શાના વિનય - બહુમાનની વાત ?

આ વિનય અને બહુમાન સંબંધી વાત જ્ઞાની, જ્ઞાન અને જ્ઞાનોપકરણને અંગે ચાલે છે, એ ન ભૂલતા. આમાં દેવ - ગુરૂ - ધર્મ એ ત્રણેય આવી જાય. એટલે બહુમાન પણ યોગ્ય સ્થાને જોઈએ અને વિનય પણ યોગ્ય સ્થાને જોઈએ. અયોગ્ય સ્થાને તો, વિનય પણ નુકશાન કરનાર ગણાય અને બહુમાન પણ નુકશાન કરનારું ગણાય. ભવાભિનંદી જીવોના હૈયામાં સંસારનું બહુમાન બહુ હોય છે અને એથી તેઓ સંસારની સાધનામાં વિનયને આચરનારા પણ હોય છે. એ વિનય અને એ બહુમાન સંસારની વૃદ્ધિનું કારણ બને છે અને એથી તત્ત્વજ્ઞ મહાપુરૂષોએ તો એવા વિનયનો અને એવા બહુમાનનો ત્યાગ જ કરવાનું ઉપદેશ્યું છે. સંસારથી તરવાને માટે જ, વિનય અને બહુમાનનો ઉપદેશ છે.

## અપાતા ઉદાહરણનો હેતુ :

હવે આપણે આ બહુમાન નામના જ્ઞાનાચારને અંગે જે ઉદાહરણ અપાય છે, તે જોઈએ. બહુમાનપૂર્વકના વિનય વિના વિદ્યા ફળતી નથી. ગુરૂ સમાનભાવે, એકસરખી રીતિએ વિદ્યા આપે, છતાં ય એ વિદ્યાને બહુમાનપૂર્વકના વિનયથી ગ્રહણ કરનારને એ વિદ્યા જેવી ફળે છે, તેવી બહુમાનવિહીન વિનયથી એ વિદ્યાને ગ્રહણ કરનારને એ વિદ્યા ફળતી નથી. વિદ્યા એની એ, ગુરૂ એના એ, આપવાની રીતિ એક જ, વિદ્યાદાનમાં ગુરૂના હૃદયનો પ્રેમ એકસરખો અને વિદ્યાને ગ્રહણ કરનારા બન્નેનો વિનય પણ સરખો, તે છતાં

પણ એકને વિદ્યા સારામાં સારી રીતિએ ફળે છે, જ્યારે એ જ વિદ્યા બીજાને તેવા પ્રકારે ફળતી નથી, તેનું કારણ - એકમાં જે વિનય હતો તે બહુમાન પૂર્વકનો હતો અને બીજામાં જે વિનય હતો તે બહુમાનવિહીન હતો, એ જ છે. આવા અભિપ્રાયને અનુલક્ષીને, વિનયવાળા હોવા છતાં પણ જે બહુમાનવિહીન હોય, તેઓ બહુમાનપૂર્વકના વિનયવાળા બને - એવી આશા રાખીને, આ ઉદાહરણ આપવામાં આવે છે. તમારે પણ આ ઉદાહરણને એ જ હેતુને લક્ષ્યમાં રાખીને સાંભળવાનું છે. એ માટે ઉદાહરણના હેતુનું વર્ણન અત્રે પહેલું કરવામાં આવ્યું.

## વિદ્યાગુરૂના બહુમાન અંગે ઉદાહરણ :

એક સિદ્ધપુત્રની પાસે બે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. એ બન્ને ય વિદ્યાર્થીઓ વિનયને આચરવામાં કુશળ હતા. પરન્તુ એક પોતાના વિદ્યાદાતા ગુરૂ પ્રત્યેના બહુમાનભાવથી વિનયને આચરતો હતો, જ્યારે બીજો કેવળ રૂઢિને અનુસરીને જ વિનય ને આચરતો હતો. બીજાના હૈયામાં વિદ્યાદાતા પ્રત્યે બહુમાનનો ભાવ નહિ હતો.

એ બન્ને ય વિદ્યાર્થીઓને, એ સિદ્ધપુત્રે અષ્ટાંગનિમિત્ત શાસ્ત્ર ભણાવ્યું અને અષ્ટાંગનિમિત્ત શાસ્ત્રમાં તે બન્ને ય ઘણા કુશળ થયા.

એક દિવસ, કોઈ કાર્ય વિશેષને અવલંબીને, એ બન્ને જણા સાથે બહાર ગયા. રસ્તે જતાં, રસ્તામાં પડેલાં પગલાંઓને જોઈને, બીજા વિદ્યાર્થીએ પહેલા વિદ્યાર્થીને કહ્યું કે - આગળ હાથી જાય છે.

એના અનુમાનને સાંભળીને, પહેલા વિદ્યાર્થીએ કહ્યું કે - હાથી નથી જતો પણ હાથણી જાય છે. એ હાથણી ડાબી આંખે કાણી છે. એ હાથણી ઉપર સ્ત્રી-પુરૂષ બેઠેલાં છે. તેમાં જે સ્ત્રી છે, તેણીએ લાલ વસ્ત્રને ધારણ કરેલું છે. વળી તે ગર્ભિણી છે અને નજદિકના સમયમાં તેણી પુત્રને પ્રસવશે.

પહેલા વિદ્યાર્થીની આવી વાતને સાંભળીને, બીજા વિદ્યાર્થીએ કહ્યું કે - આવું બધું તદ્દન અસંગત શું બોલ બોલ કરે છે ?

પહેલો વિદ્યાર્થી કહે છે કે મેં કાંઈ જ અસંગત કહ્યું નથી. જે કહ્યું છે, તે બરાબર જ કહ્યું છે. આપણું જ્ઞાન તો અનુભવસિદ્ધ છે. આપણે આગળ ચાલો, એટલે જે હશે તે હમણાં જ જણાઈ આવશે.

હવે પુરી ખાત્રી કરવાને માટે બન્ને ય વિદ્યાર્થીઓ ત્યાં થોભ્યા જ્યાં પુરૂષે પાંદડાનું ઘર બનાવીને સ્ત્રીને એમાં બેસાડી હતી. તરત જ સ્ત્રીને પ્રસવ થયો. પેલા પુરૂષને ઘણો આનંદમાં આવેલો એ બે વિદ્યાર્થીઓએ જોયો. તેમણે એને પૂછયું, એટલે એણે કહ્યું કે પુત્રનો જન્મ થયો છે.

આમ પહેલા વિદ્યાર્થીની બધી ય વાત મળતી આવી. બીજો વિદ્યાર્થી એથી વિસ્મિત થયો અને વિસ્મિત થઈને ખેદ પામ્યો. તેને થયું કે - આને આટલું બધું જ્ઞાન ક્યાંથી ? એનામાં લાંબી બુદ્ધિ હતી નહિ. સ્વભાવનો એ અતિશય ક્ષુદ્ર હતો. એટલે એને એવો જ વિચાર આવ્યો કે આમાં ગુરૂનો જ કાંઈક ગોટાળો છે. મારાથી ખાનગી રીતિએ ગુરૂએ આને વિશિષ્ટ ભણાવ્યું. ગુરૂ ય કેવા નગુણા છે ? એમની ચાકરી મેં કાંઈ આનાથી કમ નથી કરી, છતાં આને વિશિષ્ટ વિદ્યા દીધી ને મને સામાન્ય વિદ્યા દીધી. ગુરૂ થઈને એવો પક્ષપાત કરે, કૂડકપટ કરે, એ કેટલું બધું ખરાબ કહેવાય ?

એનામાં ગુરૂ પ્રત્યે બહુમાન હોત, તો આવો વિચાર એને કદી પણ આવત નહિ. ગુરૂ પ્રત્યે બહુમાન હોત તો આવું બનત નહિ, પણ માનો કે - સ્થૂલ બુદ્ધિને લીધે કોઈ ઓછું ય ગ્રહણ કરી શકે અને એથી આવું બનેય ખરૂં, પણ તે ગુરૂને દોષ દે નહિ. ગુરૂ પ્રત્યે જેને બહુમાન હોય, તે તો પોતાના દોષને શોધવાને મથે. ખબર છે કે અમે સાથે જ ભણ્યા છીએ. સાથે જ રહ્યા છીએ છતાં પણ પોતાના દોષ તરફ નજર જવાને બદલે, ગુરૂના દોષ તરફ જ નજર કરી અને ગુરૂનો અછતો પણ દોષ કલ્પી કાઢયો.

હવે ત્યાંથી નીકળીને એ બન્ને વિદ્યાર્થી ચાલતા ચાલતા નદીના કાંઠે ગયા. ત્યાં એક વૃધ્ધ સ્ત્રી પાણી ભરવાને આવી હતી. તેણીએ ઘડામાં પાણી ભર્યું અને તેને માથે મૂકયો.

એટલામાં, એ ડોસીએ આ બે વિદ્યાર્થીઓને જોયા. આ વિદ્યાર્થીઓને જોઈને એ ડોસીને પોતાના પુત્રના ખબર પૂછવાનું મન થયું, એ ડોશીનો પુત્ર ઘણા વખતથી બહારગામ ગયો હતો અને તેના વિષે કાંઈ પણ સમાચાર મળ્યા ન હોતા. આ બન્નેને નિમિત્તજ્ઞ બ્રાહ્મણપુત્રો જાણીને, ડોસીએ પૂછયું કે ઘણા વખતથી પરદેશ ગયેલો મારો દીકરો ઘેર પાછો ક્યારે આવશે ?

ડોસી આમ પૂછતી હતી - એવામાં જ ડોસીના માથેથી ઘડો નીચે પડયો અને ભાંગી ગયો.

આથી પેલા બીજા વિદ્યાર્થીએ એ ડોસીને જવાબ દેતાં કહ્યું કે નિમિત્તશાસ્ત્રમાં એમ કહ્યું છે કે - કોઈ પ્રશ્ન પૂછે ત્યારે જે કાંઈ બનાવ બને, તેને અનુસરીને તે પ્રશ્નનો ઉત્તર સમજવો. તે વખતે જે કાંઈ પરિણામ આવે, તેવું પ્રશ્નવસ્તુનું થયું છે - એમ સમજવું. આથી હું તને કહું છું કે - પ્રશ્ન પૂછતી વેળાએ તારો ઘડો ભાંગી ગયો છે, માટે તારો પુત્ર મરણ પામ્યો છે - એમ તું સમજી લે.

એ વિદ્યાર્થીએ જેવું આ પ્રમાણે કહ્યું, તેની સાથે જ ડોસીએ તો રો-કકળ શરૂ કરી દીધી. તેણી એકદમ પોક મૂકીને રોવા લાગી. રોતી એવી તે ડોસીને પહેલા વિદ્યાર્થીએ શાન્તવન આપતાં કહ્યું કે ડોસી મા ! તમે જરા પણ ખેદ કરો નહિ. તમે આનન્દ પામો.

તમારો દીકરો તો તમારા ઘરમાં આવી ચૂકયો છે, માટે તમે ઉતાવળાં ઘેર જાવ અને તમારા પુત્રના મોંઢાને જુઓ !

ડોસી તરત જ ઘેર ગઈ અને પેલા બન્ને વિદ્યાર્થીઓ પોતાનું કાર્ય પતાવીને ગુરૂની પાસે પાછા આવ્યા.

તેઓ આવીને ઉભા રહ્યા. ત્યાં પેલી ડોસી હર્ષઘેલી બનીને દોડતી દોડતી એક મૂલ્યવાન ધોતીજોટો લઈને ત્યાં આવી પહોંચી અને પહેલા વિદ્યાર્થીને પગે પડીને તેણીએ ધોતીજોટો ભેટ આપતાં કહ્યું કે તમારા કહ્યા મુજબ જ બન્યું. હું મારે ઘેર ગઈ, ત્યારે મારો પુત્ર ક્ષેમકુશળ પરદેશથી આવી ગયો હતો. તમારૂં વચન ફળ્યું.

આ પ્રસંગે તો, બીજા વિદ્યાર્થીના હૈયામાં રહેલા ક્રોધ રૂપી અગ્નિને ભભૂકાવી મૂકયો. ગુરૂ પ્રત્યે ખૂબ રોષવાળો બનીને તે ગુરૂની પાસે ગયો. અને કહ્યું કે - તમારા જેવા અનુપમ જ્ઞાનના નિધિ અને સર્વ વાતોના જાણ પણ જ્યારે અતિશય વિનયવાળા બે સમાન શિષ્યોમાં આવો ભેદભાવ કરે, ત્યારે એ વાત કેવી કહેવાય ? કોને કહેવાય ? અને એ વાતને કહીને કોની પાસે ઉપાલમ્ભ દેવડાવાય ? જ્યારે અમૃત સમાન શીતલ ચન્દ્રમંડલમાંથી અંગારાઓની વૃષ્ટિ થાય, જ્યારે હજાર કિરણોવાળો સૂર્ય પોતે જ અન્ધકારને ઉત્પન્ન કરનારો બને, જ્યારે કલ્પવૃક્ષની સેવાથી સંપત્તિ પ્રાપ્ત થવાને બદલે ઉલટું દારિદ્રય પ્રાપ્ત થાય, જ્યારે ઉત્તમ વૈદ્યના યોગે જ મંદવાડ પેદા થવા પામે અને જ્યારે ઠંડા પાણીમાંથી અગ્નિના ભડકા ઉઠે, ત્યારે તેનો દોષ કોને દેવો ?

રોષમાં બોલ્યો છે, ઠપકો આપતાં બોલ્યો છે, દોષ દેતાં બોલ્યો છે, એટલે હૈયે બહુમાન નથી, છતાં પણ ભાષા કેવી છે ?

બહુમાન વિના પણ એ વિનયાચારનું પાલન કરવાને માટે ટેવાએલો છે, તેનું જ આ પરિણામ છે. આવામાં બહુમાન હોત, તો કેવું સારૂં થાત ?

એણે જે કહ્યું, તેને સાંભળતાં ગુરૂને આશ્ચર્ય થાય છે, કારણ કે - પાપનો ભાવ પેલામાં છે, પણ ગુરૂમાં નથી. એવું એવું એણે કહી નાખ્યું, તે છતાં પણ ગુરૂ પૂછે છે કે તું આવું ક્યા કારણે બોલે છે ? મેં તો વિદ્યા દેવામાં કે અમ્નાયાદિ આપવામાં, કોઈ જગ્યાએ કોઈ પ્રકારે કોઈને પણ ઠગ્યો નથી.

ગુરૂએ તદ્દન સાચી વાત સીધી રીતે કહી, તેથી શાન્તિ પામવાને બદલે પેલો બહુમાન વગરનો શિષ્ય વધારે જોરવાળા રોષમાં આવીને બોલ્યો કે, પેલા તમારા વહાલા શિષ્યે માર્ગમાં હાથણી વિગેરે જે કાંઈ કહ્યું તે તમામ સાચું નિવડયું અને મારૂં તો કશું જ સાચું નિવડયું નહિ, તો એ તમારા ભણાવવામાં જ વાંક છે કે નહિ ? જો તમે સરખું ભણાવ્યું

હોત, તો બેયનું સાચું નિવડત આ તો, એનું કહેવું સાચું નિવડયું એટલે એનું સન્માન થયું અને મારૂં કહેવું ખોટું નિવડયું એટલે મારૂં અપમાન થયું. ત્યારે આટલા વર્ષો સુધી તમારું માથાકુટ વૈતરૂં કુટીને હું તો મરી ગયો, છતાં છેવટ તો મને આ જ ફળ મળ્યું ને ? કહો, આમાં વાંક તમારો નહિ તો કોનો વાંક ?

આવા પ્રકારે, એ વિદ્યાર્થીએ પોતાના વિદ્યાગુરૂને ઘણાં ઘણાં કઠોર વચનો કહ્યાં, તેથી વિદ્યાગુરૂને લાગ્યું કે - એ મને નાહકનો ફજેત કરશે. એટલે આની રૂબરૂ જ ખૂલાસો થઈ જાય તો સારૂં - એમ સમજીને, એ વિદ્યાગુરૂએ તરત જ પેલા વિદ્યાર્થીને બોલાવ્યો અને તેને પૂછયું કે તેં માર્ગમાં હાથણી વિગેરે જે કાંઈ કહ્યું, તે તેં શા ઉપરથી કહ્યું, તે તું વિગતવાર મને કહી સંભળાવ.

એ પહેલા વિદ્યાર્થીએ કહ્યું કે - ગુરૂદેવ ! આપની કૃપાથી મને જે જે ચિન્હો જણાયાં, તે તે ચિન્હો વિષે મેં ઉંડો વિચાર કર્યો અને એથી જ હું હાથણી વિગેરે કહી શકયો. પગના ચિન્હ ઉપરથી તો જણાય કે - હાથી અગર હાથણી હશે, પણ ત્યાં માર્ગ ઉપર મૂત્રના લિસોટા પડયા હતા; તે લિસોટા વાંકાચૂંકા હોવાથી, મેં અનુમાન કર્યું કે અહીંથી હાથી નહિ પણ હાથણી જ ગઈ છે તે હાથણી ડાબી આંખે કાણી છે - એવું અનુમાન મેં એ ઉપરથી કર્યું કે - માર્ગની જમણી બાજુએ ઘાસ ખાવાને માટેનો કેટલેક ઠેકાણે પ્રયત્ન કરેલો જણાયો, જ્યારે ડાબી બાજૂએ જે ઘાસ હતું તે બધે સરખું ને અખંડ હતું. વળી મેં જોયું કે - હાથણી ઉપરથી ઉતરીને બે જણાંએ પેશાબ કરેલો હતો અને તેના આકાર ઉપરથી મેં કલ્પના કરી કે આ જગ્યાએ પુરૂષે પેશાબ કરેલો છે અને આ જગ્યાએ સ્ત્રીએ પેશાબ કરેલો છે. જે જગ્યાએ સ્ત્રીએ પેશાબ કર્યો હતો, તે જગ્યાએ હાથના થાપાની નીશાની હતી, તેથી મેં અનુમાન કર્યું કે - એ સ્ત્રી બે હાથનો ટેકો દઈને ઊભી થઈ છે, માટે તે સગર્ભા હોવી જોઈએ અને તેનો પ્રસવકાળ નજદિકમાં જ હોવો જોઈએ. માર્ગની રેતીમાં તે સ્ત્રીનું જમણું પાસુ વધુ ઉંડું ઉતરેલું મેં જોયું, તેથી મેં કલ્પના કરી કે - સ્ત્રી જમણી કુંખે ગર્ભવાળી હોવી જોઈએ વળી તે સ્ત્રીજે તરફ ગઈ હતી, તે તરફની કાંટાની વાડમાં લુગડું ભરાવાથી રહી જવા પામેલા તાંતણા લાલ રંગના હતા. તેને જોવાથી મેં અનુમાન કર્યું કે - તે સ્ત્રીએ લાલ વસ્ત્ર પહેર્યું હશે. હવે પેલાં ડોસી માને મેં જે એમ કહ્યું કે તમારે ઘરે તમારો પુત્ર આવી ગયો છે તેનું કારણ એ છે કે - ઘડો નીચે પડીને ફૂટી ગયો એટલે માટીનો ઘડો માટીમાં મળી ગયો એમ ગણાય અને પાણી નદીમાં ચાલ્યું ગયું એટલે નદીનું પાણી નદીમાં મળી ગયું એમ ગણાય. આમ જે જેમાંનું હતું. તે તેમાં મળી ગયું, માટે મેં અનુમાન કર્યું કે - આ ડોસીનો દીકરો આ ડોસીને તરતમાં મળવો જોઈએ.

પહેલા શિષ્યની આવી અનુપમ બુદ્ધિપ્રતિભાને જોઈને, વિદ્યાગુરૂ સિદ્ધપુત્ર ખૂબજ પ્રસન્ન થયા. પછી તેમણે પેલા બીજા શિષ્યને કહ્યું કે વત્સ ! તું જો કે - આમાં મારો દોષ છે ખરો ? મેં આને કોઈ વિશેષ વિદ્યા આપી છે ખરી ? ખરી વાત એ છે કે - તું પણ મારો વિવિધ પ્રકારે વિનય કરતો હતો, પરન્તુ તારા હૈયામાં મારે વિષે બહુમાન નહિ હતું. આ બધી વિદ્યાઓ તે બહુમાનગર્ભિત વિનય માગે છે. તારી સાથે જ અભ્યાસ કરતા આ બુદ્ધિમાન શિષ્યના હૈયામાં મારે વિષે સારી રીતિએ બહુમાન હતું. આનામાં સ્વભાવિક એવી વૈનયિકી બુદ્ધિ પણ છે. એ બુદ્ધિ પણ સમ્યક્પ્રકારના બહુમાનથી ગર્ભિત એવા વિનયથી જ ઘણી સ્ફૂરે છે. હવે તું જ કહે કે - આણે જેવું નિરીક્ષણ કર્યું અને જેવી વિચારણા કરી તેવું નિરીક્ષણ તથા તેવી વિચારણા તું કરી શકયો નહીં, એમાં મારો શો દોષ છે ?

વિદ્યાગુરૂ સિદ્ધપુત્રે જ્યારે આ રીતિએ એને સમજાવવાનો પ્રયત્ન કર્યો, ત્યારે તે નામદાર તો વળી ગુસ્સાની ટોચે પહોંચી ગયા. વિદ્યાગુરૂએ સાચે સાચી ઉણપ બતાવી, તો પણ તે વાત તેનાથી ખમી શકાઈ નહિ. તેણે તો અતિ ક્રોધવિવશ બનીને, ભણવાના પુસ્તકને પછાડતાં કહ્યું કે, ના, તમારો કશો વાંક નથી વાંક જ બધો મારો છે.

આ પ્રમાણે કહીને, તે ત્યાંથી તરત જ પોતાને ગામ જવાને માટે રવાના થઈ ગયો. પોતાને ગામે તે પોતાની તાજી પરણેલી સ્ત્રીને મૂકીને ભણવાને માટે આવ્યો હતો. નવોઢાને તજીને ભણવામાં વર્ષો ગાળવા છતાં પણ તેની વિદ્યા સફલ ન થઈ, તેથી તેણે ઘરે જઈને પણ એની સ્ત્રી ઉપર ક્રોધ કર્યો. એ બીચારીને ખૂબ માર માર્યો અને ગાળો દીધી. એના કારણમાં તે એ જ કહેતો રહ્યો કે રાંડ ! તારા પાપે, તારૂં સ્મરણ થવાથી મારી વિદ્યા ફોગટ થઈ.'

## અણસમજથી અવિનય જેવો વિનય કરનાર પણ બહુમાનથી ફાવે છે :

આમ, બહુમાનને અંગે અપાતું ઉદાહરણ સમાપ્ત થાય છે વિનય હોવા છતાં પણ બહુમાન ન હોય, તો કેવું પરિણામ આવે છે - એ જોયું ને ? હવે વિનય થોડો હોય, વસ્તુતઃ વિનય કહી શકાય એવો વિનય ન હોય, તે છતાં પણ બહુમાનથી ફલની પ્રાપ્તિ થાય છે એને અંગે શાસ્ત્રોમાં અપાએલું ઉદાહરણ જુઓ.

એક ઠેકાણે શિવમૂર્તિ હતી. એ શિવમૂર્તિનો એક વ્યન્તર દેવ અધિષ્ઠાયક બન્યો હતો અને એ દેવ મૂર્તિના ચમત્કારને વધાર્યા કરતો હતો.

એક બ્રાહ્મણ રોજ ચન્દન, પુષ્પાદિથી તે મૂર્તિની પૂજા કરતો હતો. એમાં, એક ભિલ્લના હૈયામાં મૂર્તિ ઉપર બહુમાન થયું. આથી તે ભિલ્લ રોજ એ મૂર્તિને નમવાને અને

પૂજવાને આવવા લાગ્યો. પણ તે કરતો શું, એ જાણવા જેવું છે. તે આવતો ત્યારે એક હાથમાં ધનુષ્ય અને બીજા હાથમાં બાણોનો સમૂહ લઈને ત્યાં આવતો. તે આવીને, પોતાના બન્ને ય હાથો રોકાએલા હોવાથી પોતાના પગ વડે જ પેલા બ્રાહ્મણે કરેલી પૂજા દૂર કરી નાખતો હતો. પછી મોંઢાથી કોગળા કરવા દ્વારા મૂર્તિને પાણી છાંટીને તે ભિલ્લ મૂર્તિને બિલ્વપત્ર ચઢાવતો હતો.

મૂર્તિના અધિષ્ઠાયક વ્યન્તરે જાણ્યું કે - આ મૂર્ખને વિનય આવડતો નથી, પણ આના હૃદયમાં બહુમાન રહેલું છે, આથી તે ભિલ્લ ઉપર પ્રસન્ન થયો. તેણે જાણે શિવની મૂર્તિ જ વાત કરી રહી હોય. તેમ તેની સાથે રોજ વાતચીત કરવા માંડી અને એમાં તે રોજ ભિલ્લને કુશલતા વગેરે પૂછતો.

એક દિવસ, પેલા બ્રાહ્મણે ભિલ્લની સાથે વાતો કરતી શિવમૂર્તિને જોઈ. એથી તેણે રોષે ભરાઈને શિવને ઠપકો આપતાં કહ્યું કે - તમે નીચની સાથે આવી રીતિએ વાતો કરો છો, માટે તમે પણ નીચ છો.

વ્યન્તરે શિવમૂર્તિ જવાબ દેતી હોય તેમ જણાવ્યું કે - આનો મારા વિશે અતિશય દૃઢ અનુરાગ છે, કાલે સવારે તું તે જોઈ અને જાણી શકીશ.

બ્રાહ્મણ તો તે દિવસે અવગણના કરી ચાલ્યો ગયો. બીજે દિવસે જ્યારે તે પાછો આવ્યો, ત્યારે એ શિવમૂર્તિનું એક ચક્ષુ ઉખડી ગયેલું તેણે દીઠું. એથી તેને જરા ખેદ તો થયો. પણ તેણે કાંઈ કર્યું નહિ. બેસી રહ્યો.

એટલામાં પેલો ભિલ્લ ત્યાં આવી પહોંચ્યો. ચક્ષુ વિનાની શિવમૂર્તિને જોતાં જે તેને અતિશય ખેદ થયો. હું ચક્ષુવાળો ને મારો શિવ ચક્ષુ વિનાનો, એ બને નહિં - એવું વિચારીને, તેણે ભાલાથી પોતાની આંખ ઉખાડી અને એ ચક્ષુ શિવને અર્પણ કર્યું.

એથી વ્યન્તર દેવ ઘણો ખુશ થઈ ગયો. તરત જ તેણે એ ભિલ્લને પૂર્વવત્ ચક્ષુવાળો બનાવી દીધો અને શિવમૂર્તિ રૂપે તે ભિલ્લને ચક્ષુદેશનું રાજ્ય આપ્યું. બ્રાહ્મણ તો જોઈ જ રહ્યો. કરે પણ શું ?

હૈયામાં બહુમાનને ધરનારા ક્યારે વિનયાચાર ન આચરે ?

આ ઉદાહરણ દ્વારા બહુમાન એકલું પણ કેવું ફલદાયક નિવડે છે, તેનો ખ્યાલ અપાયો છે. ભિલ્લની કુરબાની એના હૈયામાં જે બહુમાન હતું, તેને આભારી હતી. બહુમાન અજબ કામ કરે છે. આવી અપેક્ષાએ વિનય કરતાં બહુમાન વધી જાય છે. ભિલ્લ જે, યોગ્ય રીતિએ પૂજા નહોતો કરતો અને આશાતના જેવું જ કરતો હતો તે તેની અણસમજને લીધે જ; બાકી તો, અવસરે તે જાન પણ કુરબાન કરે તેવો હતો. આવા

શ્રાવકો પણ હોય છે. આમ સંયોગવશાત્ મંદિર ઉપાશ્રયની કે સાધુ-સાધ્વીની બહુ ખબર લેતા નહોય, પણ હૈયામાં દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે અતિશય બહુમાન હોય. જ્યારે મંદિર-ઉપાશ્રય કે સાધુ-સાધ્વી ઉપર આફત આવી લાગે, ત્યારે એવાઓ જણાઈ આવે એ વખતે એવાઓ જાનની પણ દરકાર કરે નહિ. રોજ પૂજા-સેવા કરનારા ક્યાં ય ભરાઈ ગયા હોય, ત્યારે આ નજદિકમાં, રક્ષામાં ઉભા હોય. મુદ્દો એ છે કે - જે વિનયાચાર છે, તે બહુમાનપૂર્વકનો હોવો જોઈએ. બહુમાન હોય અને વિનયાચાર ન હોય, તો સમજવું કે - સમજ, શક્તિ, સામગ્રી આદિની કોઈ ઉણપ છે, કે જેને લઈને વિનયાચાર નથી; બાકી આવો બહુમાનવાળો વિનય કર્યા વિના રહે નહિ.લોકાંતિક દેવો મહા સમજુ હોય છે. તેઓ સદા તત્ત્વસ્વરૂપની વિચારણામાં જ રમણ કરનારા હોય છે. આમ છતાં પણ, તેઓ ભગવાનના કલ્યાણકાદિકના ઉત્સવાદિમાં, દેશનામાં કે બીજે ક્યાંય જતા નથી. એટલે શું એમ માનવું કે - તેમના હૈયામાં ભગવાન અને ભગવાને કહેલા માર્ગ પ્રત્યે શ્રદ્ધા નથી? ના, એમ નથી જ. એ દેવોની સ્થિતિ જ એવી હોય છે કે એ સદા સુખશય્યામાં પોઢયા રહે. ભગવાન અને ભગવાનના માર્ગ પ્રત્યે તો એમના હૈયામાં ભારે બહુમાન હોય છે. બહુમાનના આ વર્ણનથી વિનયાચારની ઉપેક્ષા નથી જ કરવાની. વિનયાચારની જે ઉપેક્ષા કરે છે અને તેનો બહુમાનના નામે જે બચાવ કરે છે, તે તો બહુમાનથી રહિત છે - એટલું જ નહિ, પણ તેવા લોકો ખરી રીતિએ તો માર્ગનું અપમાન કરનારા છે. એવા દંભિઓ તો, દુર્લભબોધિ બની જઈને સંસારમાં ભટકનારા બની જાય છે.

### શ્રી ઉપધાન તપ :

ચોથો જ્ઞાનાચાર ઉપધાન નામનો છે. ઉપ એટલે ગુરૂની સમીપે રહીને ધાન એટલે વિધિપૂર્વકના તપશ્ચરણને આચરવાપૂર્વક શ્રુતને ધારણ કરવું. અર્થાત-વિધિપૂર્વક તપશ્ચરણને આચરતા રહેવા સાથે, સદ્‌ગુરૂની સમીપે રહીને, સદ્‌ગુરૂ દ્વારા શ્રુતને ધારણ કરવું જોઈએ. આમાં તપની વિશેષતા હોઈને, આને શ્રી ઉપધાન તપ તરીકે ઓળખાવાય છે. નવકાર મંત્ર આદિ શ્રુતના આરાધન અને અધ્યયન નિમિત્તે સુશ્રાવકો અને સુશ્રાવિકાઓ જે ઉપધાન તપ કરે છે, તેને જ ઉપધાન તપ કહેવાય છે - એવું પણ નથી. એને જેમ ઉપધાન તપ કહેવાય છે, તેમ સાધુઓ જે નાના-મોટા અથવા તો આગાઢ યોગનું અને અનાગાઢ યોગનું ઉદ્‌વહન કરે છે, તેને પણ શ્રી ઉપધાન તપ કહેવાય છે. એટલે શ્રી ઉપધાન તપનું વિધાન ચતુર્વિધ શ્રીસંઘને માટે છે. શાસ્ત્રોમાં શ્રી ઉપધાન તપની આવશ્યકતા ઉપર પણ ખૂબ ભાર મૂકવામાં આવેલો છે. આઠ પ્રકારના જ્ઞાનાચારોને આશ્રયીને, શાસ્ત્રોમાં શ્રી ઉપધાન તપની આવશ્યકતા ઉપર પણ ખૂબ ભાર મૂકવામાં

આવેલો છે. આઠ પ્રકારના જ્ઞાનાચારોને આશ્રયીને, શાસ્ત્રમાં અકાલ-કુશીલ, અવિનય-કુશીલએ વિગેરે જે આઠ પ્રકારના કુશીલો ગણાવાયા છે તેમાં અનુપધાન કુશીલને માટે મોટું દોષપણું કહેલું છે. કેટલીક વાર, શક્તિ-સામગ્રી આદિના અભાવમાં ચતુર્વિધ શ્રીસંઘની વ્યક્તિઓ શ્રી ઉપધાન તપ વિધિપૂર્વક ન કરી શકે- એ પણ શક્ય છે; આમ છતાં પણ, શ્રી ઉપધાન તપ દ્વારા શ્રુતનું આરાધન કરવાનો ભાવ તો અવશ્ય હોવો જોઈએ. જેઓના હૈયામાં તેવો આરાધકભાવ નથી હોતો અને ઉપેક્ષાભાવ હોય છે, તેઓ ગાઢ જ્ઞાનાવરણીય કર્મને ઉપાર્જનારા બને છે, શ્રી ઉપધાન તપની ઉપેક્ષા, એ શ્રી શ્રુતજ્ઞાનની આશાતના છે. શ્રી નવકાર મંત્ર આદિને ભણેલાઓએ પણ, જો શક્તિ-સામગ્રીનો યોગ હોય, તો અવશ્ય શ્રી ઉપધાન તપ વિધિપૂર્વક કરવા સાથે, સદ્‌ગુરૂની સમીપે રહીને સદ્‌ગુરૂ દ્વારા તે શ્રુતને પુન: ગ્રહણ કરવું જોઈએ. તેમ કરવાથી, જ્ઞાનાવરણીય કર્મની ભારે નિર્જરા થાય છે. શ્રી ઉપધાન તપ: એ એક એવી ક્રિયાવિશેષ છે કે - જ્ઞાનનો અને ચરણનો કેવો સુમેળ શ્રી જૈન શાસનમાં રાખવામાં આવેલો છે, તેનો ખ્યાલ આવે. આરાધના જ્ઞાનની કરવાની છે, છતાં પણ સંયમાત્મક અને તપસ્વરૂપ ક્રિયા સાથે જોઈએ જ. એથી શ્રી ઉપધાન તપને કરનારો, માત્ર જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા કરનારો બનતો નથી, પરન્તુ સંવરપૂર્વક તપ કરીને તે આશ્રવને રોકીને ઘણી નિર્જરાને સાધનારો બને છે. મુખ્યત્વે જ્ઞાનાવરણીય કર્મને અને બીજાં પણ ઘણાં કર્મોને ક્ષીણ કરી નાખવાને માટે શ્રી ઉપધાન તપ એ મોટું સાધન છે. જેના હૈયે જ્ઞાન પ્રત્યે બહુમાન હોય, તેને જો આ વાતની ખબર પડે કે - વિધિપૂર્વક તપ કરવા સાથે સદ્‌ગુરૂના શ્રીમુખે શ્રુતજ્ઞાનને ગ્રહણ કરવાથી જ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ સફલ બને છે, તે શ્રી ઉપધાન તપ પ્રત્યે પણ આદરવાળો બન્યા વિના રહે જ નહિ. આથી, આ ચોથા જ્ઞાનાચારના આચરણ પ્રત્યે પણ ઉપેક્ષાવાળા નહિ રહેતાં, આરાધનાશીલબનવું, એ જ હિતાવહ છે.

## અનિહ્નવન નામનો જ્ઞાનાચાર :

પાંચમો જ્ઞાનાચાર અનિહ્નવન નામનો છે. નિહનવ ન એટલે છૂપાવવું તે અને અનિહ્નવન એટલે નહિ છૂપાવવું તે. જે ગુરૂની પાસેથી જે જ્ઞાનનું ઉપાર્જન કર્યું હોય, તે જ્ઞાનના ઉપાર્જનને અંગે તે ગુરૂના નામને છૂપાવવું નહિ, પણ અવસરે તે ગુરૂના નામને ઉમળકાભેર ઉચ્ચારવું, એ આ પાંચમા જ્ઞાનાચારનો પરમાર્થ છે. જે ગુરૂની પાસેથી જ્ઞાનોપાર્જન કર્યું હોય, તે ગુરૂનું નામ પ્રસિદ્ધિને પામેલું ન હોય, એટલાં માત્રથી તે ગુરૂના નામને ઉચ્ચારતાં અચકાવું જોઈએ નહિ અથવા તો તે ગુરૂ હીનજાતિવાળા હોય તોય તે ગુરૂના નામને ઉચ્ચારવામાં સંકોચ પામવો જોઈએ નહિ અથવા તો પોતે વિશેષ ભણીને

એ ગુરૂ કરતાં ઘણો મોટો જ્ઞાની બની ગયેલ હોય, તો પણ તેને પોતાથી ઓછું ભણેલા એવા પણ પોતાના ગુરૂના નામને છૂપાવવું જોઈએ નહિ ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે - એક અક્ષરનું જ્ઞાનોપચાર કરનાર ગુરૂને પણ માનની દૃષ્ટિએ જોવા જોઈએ; તેમનું નામ બહુમાનભેર ઉચ્ચારવું જોઈએ. જેમની પાસે ભણેલ હોય તેમનું નામ તો દે, પણ જેટલું ભણેલ હોય તેથી કાં તો અધિક કહે અને કાં તો ઓછું કહે, તો પણ દોષપાત્ર બનાય. કોઈની પાસે ભણીને કોઈનું નામ દેવાય નહિ અને જે ભણ્યા હોઈએ - તેમાં અધિક પણ બતાવાય નહિ અને અલ્પ પણ બતાવાય નહિ.

## મહાપાપનું કારણ :

ખોટું નામ દેવામાં અને ભણતરને અધિક-ઓછું બતાવવામાં, મૃષાવાદનો દોષ તો લાગે જ છે, પરન્તુ ચિત્તની કલુષિતતા વિના પણ પ્રાયઃ એવું બોલાતું નથી. ઉપયોગફેર થઈ જાય એ વાત જુદી છે, બાકી જો જાણી જોઈને ભણાવનાર તરીકે એકને બદલે બીજાનું નામ લે અગર તો જાણી જોઈને તેમની પાસે ઓછું ભણેલ હોય છતાં અધિક ભણ્યાનું બતાવે કે અધિક ભણેલ હોય છતાં ઓછું ભણ્યાનું બતાવે, તો એ ચિત્તની કલુષિતતા વિના બને નહિ. એમાં તો, એમ કરતાં પૂર્વે પણ ચિત્તની કલુષિતતા હોય અને જો એમ કર્યું એ ઠીક કર્યું - એવો ભાવ આવી જાય, તો પાછળ પણ ચિત્તની કલુષિતતા હોય. ચિત્તનું કલુષિતપણું, એ તો મહા દોષનું કારણ છે. આમ, મૃષાવાદનો અને ચિત્તના કલુષભાવનો દોષ લાગવા ઉપરાન્ત, જ્ઞાનાતિચાર રૂપ દોષની પ્રાપ્તિ પણ થાય છે. આ ઉપરથી તમે સમજી શક્યા હશો કે - આ પાંચમા જ્ઞાનાચારનું ઉલ્લંઘન પણ આમ અનેક પ્રકારે મહા પાપનું કારણ બને છે.

## જ્ઞાન ફળ્યું કે ફટયું ?

આ આચારના સંબંધમાં પણ, આજના જીવોએ વિશેષ કાળજીવાળાં બનવાની જરૂર છે - એવું સૂચન કરવાનું મન થઈ જાય, એવું વાતાવરણ મોટે ભાગે સર્જાઈ રહ્યું છે. વિદ્યાદાતા પ્રત્યે હૃદયનો કેવો વિનીતભાવ બન્યો રહેવો જોઈએ, એમનું નામ કેવી સારી રીતિએ દેવું જોઈએ અને એમના ઉપકારને કેવા પ્રકારે યાદ કર્યા કરવો જોઈએ, એ વિગેરે બાબતો તરફ આજે ઘણે અંશે ઉપેક્ષા આવી જવા પામી છે. એથી પણ જ્ઞાન ફળતું નથી. તમે કહેશો કે - એવા ઉદ્દંડોને પણ લખતાં-બોલતાં, પોતાની વાતને સિદ્ધ કરતાં, સામાને બોલતો બંધ કરતાં આવડે છે; પરન્તુ એને જ જેઓ જ્ઞાનનું ફળ માને છે, તેઓ ય અજ્ઞાન છે. જ્ઞાનનું સાચું ફળ તો મુક્તિ તરફની કૂચ છે. જ્ઞાની તો સદા જોયા કરે કે - હું કેટલે અંશે મુક્તિની નિકટમાં બની રહ્યો છું, જે કહેવાતો જ્ઞાની પૌદ્ગલિક ઉન્નતિમાં રાચે તે

કહેવાનો જ જ્ઞાની છે પણ ખરો જ્ઞાની નથી. આજે સમ્યક્શ્રુતનું વર્તમાનની અપેક્ષાએ ઠીક ઠીક પ્રમાણમાં ગણાય તેવું જ્ઞાન ધરાવનારાઓ પણ, પૌદ્ગલિક ઉન્નતિમાં રાચી રહ્યા છે, અનાચારોના માર્ગે ઘસડાઈ ગયા છે, પવિત્ર વિચારોને તજીને અનાચારોને સેવવા ઉપરાન્ત, એમ કરવામાં દોષ નથી - એવું મનાવી રહ્યા છે, ઉપકારને મનાવી રહ્યા છે, એ સૂચવે છે કે - એમને જ્ઞાન વિપરીત રૂપે પરિણમ્યું છે. જ્ઞાન તો, અનાચારના વિચાર માત્રથી પણ આઘાત પમાડે અને અતિચારનો પણ ડર લગાડે. એ દષ્ટિએ જુઓ, તો તમને લાગે કે - એવાઓને એમનું જ્ઞાન ફળ્યું તો નથી, પણ ફૂટી નીકળ્યું છે. જ્ઞાનનાં વખાણ મોક્ષના કારણપણાને અંગે જ છે અને મોક્ષ તરફ જેની નજર ન હોય, મોક્ષના અર્થિપણાને પેદા કરવાની વૃત્તિ પણ જ્ઞાનથી જેને પ્રગટે નહિ તેને જ્ઞાન ફળતું નથી. જ્ઞાન જો થોડું હોય પણ મોક્ષના અર્થીમાં હોય, તો જ ઉન્નતિકારક બની શકે છે અને જ્ઞાન જ્ઞાન રૂપે ગણાવવાને માટે લાયક તો, સમ્યગ્દર્શન ગુણના પ્રગટીકરણ પછીથી જ બને છે. આ સમ્યગ્જ્ઞાનવાળાઓ તો, ઉપયોગશૂન્યતાથી પણ ગુરૂના નામને છૂપાવવાનું, અન્યનું નામ દેવાનું, અધિક-ઓછું ભણ્યાનું કહેવાનું પાપ પલ્લે પડી જવા પામે નહિ - તેની કાળજીવાળા હોય છે.

### વ્યંજન નામનો જ્ઞાનચાર :

વ્યંજન નામે છઠ્ઠો જ્ઞાનાચાર છે. વ્યંજન શબ્દના અનેક અર્થો થાય છે, પરન્તુ અત્રે વ્યજનનો અક્ષર એવો અર્થ ગ્રહણ કરવાનો છે; અને અ આદિ સ્વરો તથા ક આદિ વ્યંજનો - એ બન્નેય અર્થોનો તેમાં સમાવેશ કરી લેવાનો છે. સૂત્રમાંના એક પણ અક્ષરનો ફેરફાર કરવો જોઈએ નહિ. એક પણ અક્ષરનો ફેરફાર થઈ જાય, તો તેથી અર્થમાં ફેરફાર થઈ જવા પામે છે. સર્વજ્ઞની વાણીના એક અક્ષરમાં પણ ફેરફાર કરવો, એ અનંતા શ્રી અરિહન્તદેવોની આશાતના છે અને એથી જીવનો અનંતો સંસાર પણ વધી જાય. ફેરફાર કરવાની વાત તો દૂર રહી, પણ સૂત્રના એક અક્ષરનું પણ અશુદ્ધ ઉચ્ચારણ કરવાનો ય મહાપુરૂષોએ નિષેધ કરેલો છે. હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત, જે પ્રમાણે હોય, તે પ્રમાણે ઉચ્ચારણ કરવું, એ વિધિ છે. વ્યંજનના ભેદથી અર્થભેદ જન્મે, અર્થભેદથી ક્રિયાભેદ જન્મે અને એમ કરતાં મોક્ષનું જે કારણ છે, તે મોક્ષનું કારણ મટી જવા પામે.

### એક અક્ષરની પણ ઘાલમેલ થાય નહિ :

એક શબ્દના અનન્તા અર્થો હોય છે અને અનન્તજ્ઞાનીઓએ કહેલું સૂત્ર છે - આવું માનનારો, કદી પણ સૂત્રના એક અક્ષરમાં પણ ઘાલમેલ કરવાનું પસંદ કરે નહિ. **'धम्मो मंगलमुक्किट्ठं'** એની જગ્યાએ, પદપદ્ધતિને ફેરવીને **'उक्किट्ठं मंगलं धम्म'** એમ પણ

બોલી શકાય નહિ; અથવા તો, પર્યાયભેદ કરીને **'पुण्णं कल्लाणमुक्कोसं'** એમ પણ બોલી શકાય નહિ. એ સૂત્રને તો એવી **'धम्मो मंगलमुक्किट्ठं'** રીતિએ જ બોલાય, પદપદ્ધિતિ ફરવાથી અગર પર્યાયભેદ કરવાથી પણ, મૂળ જે અર્થ હોય છે, તેમાં કાંઈક ને કાંઈક ન્યૂનાધિકતા આવે છે. આવી રીતિએ પદપદ્ધતિના ફેરફારમાં કે પર્યાયભેદ કરવામાં, મૂળ રચયિતા જે મહાપુરૂષ, તેમના પ્રત્યેના બહુમાનની ખામી જણાય છે તેમ જ પોતાના જ્ઞાનનો અપચો જણાય છે. એ બન્નેય વસ્તુઓ નુકશાનકારક છે, જેમ પદાનુક્રમને ફેરવાય નહિ અને પર્યાયપલટો કરી શકાય નહિ, તેમ પદમાંના એક વર્ણની જગ્યાએ અન્ય વર્ણ પણ મૂકી શકાય નહિ. એમાંથી તો વળી ઘોર અનર્થ પણ જન્મી જવા પામે. જેમ કે **'धम्मो मंगलमुक्किट्ठं'** ની જગ્યાએ, કોઈ ભૂલથી પણ **'कम्मो मंगलमुक्किट्ठं'** કહી દે, તો શાસ્ત્ર શબ્દની જગ્યાએ શસ્ત્ર શબ્દ મૂકી દેવા જેવું જ એ ભયંકર થઈ પડે ને ?

## એમાં મિથ્યાભિમાન અને મૂર્ખતા છે

તમને જો ખ્યાલ હોય, તો શ્રી સિદ્ધસેન દિવાકરે શ્રી ચૈત્યવંદનાદિ સૂત્રોને સંસ્કૃત ભાષામાં ફેરવવાની ઈચ્છા માત્ર વ્યક્ત કરી, એટલામાં તો તેમને પારાંચિત પ્રાયશ્ચિત આપવામાં આવ્યું હતું. આ રીતિએ વ્યંજનના જ્ઞાનાચારના પાલનનો જે આગ્રહ સેવવામાં આવે છે, તે ખરેખર યોગ્ય જ છે. તમે જ વિચાર કરો કે - અનન્તજ્ઞાનીએ જે રૂપે જેને કહ્યું હતું, તેને તે રૂપે પદપદ્ધતિને બદલીને, પર્યાયને બદલીને, કે તેમાંના વર્ણને ફેરવીને અન્ય કોઈ કહી શકે, એ શું શક્ય છે ? એમા અર્થનો અંશે પણ તફાવત પડે જ નહિ, એ શક્ય છે ? જે પદ દ્વારા અને જે પદ પદ્ધતિ દ્વારા અનન્તજ્ઞાનીઓની આજ્ઞાનુસાર ગણધર ભગવાનોએ કહેલ હોય તેમાં ફેરફાર કરવાથી અર્થમાં કાંઈ જ નૂયૂનાધિકતા ઉત્પન્ન થવા પામે નહિ એ સંભવિત છે ? હા એ પણ અસંભવિત તો નથી જ. પરંતુ માત્ર ગણધર ભગવાનોને માટે જ એ અસંભવિત નથી. ગણધર ભગવાનો સિવાયના તો કોઈ ને પણ માટે, તે અસંભવિત નથી - એમ તો નહિ, પણ સુસંભવિત છે. વળી, પદનો ક્રમ, તેનો પર્યાય અથવા તો સૂત્રની ભાષા આદિને ફેરવવાની જરૂર શી છે ? જે સૂત્રથી જે અપાય છે, તે સૂત્રની જગ્યા એ અન્ય સૂત્રને ગોઠવીને અધિક સારા અર્થને આપવાની તાકાત આવી ગઈ છે, એમ માની લીધું છે ? જો ના, તો અનન્તજ્ઞાનીઓએ કહેલાના અર્થમાં હ્રાસ ઉપજે - એવું કરવાની જરૂર લાગે જ નહિ અને જો હા, તો મિથ્યાભિમાન અને મૂર્ખતાનું જ પ્રદર્શન છે, એમ કહેવું પડે.

## રાણીએ જરા સરખો પણ કેવો ફેરફાર કર્યો ?

જરા સરખો ફેરફાર કરી નાખવા માત્રથી પણ કેવો અનર્થ નિપજે છે, તેને

જણાવનારાં ઉદાહરણોનો આ સંસારમાં તોટો નથી, પરન્તુ એ વિષયમાં કુણાલનું ઉદાહરણ વિશેષ પ્રસિદ્ધ છે.

પાટલી પુત્રના રાજા અશોકને કુણાલ નામે એક પુત્ર હતો. રાજાને તેના ઉપર અત્યન્ત સ્નેહ હોવાથી, રાજાએ તેને બાલપણથી જ ઉજ્જયિની નગરી આપી દઈને, ત્યાં રાખ્યો હતો. પોતાને અત્યન્ત સ્નેહ હોવાથી જ તેને દૂર રાખવાનું કારણ એ હતું કે- અપર માતા દ્વારા મારો આ પુત્ર કોઈ પ્રકારના પરાભવને પામે નહિ, એવી હાર્દિક ઈચ્છા હતી.

કુણાલને પોતાનાથી દૂર રાખવા છતાં પણ, કુણાલના પાલન આદિની રાજાએ ઘણી જ સુવ્યવસ્થા કરી હતી અને પોતે નિરંતર તેની ખબર મંગાવ્યા કરતો હતો.

એક વાર એવું બન્યું કે - કુમાર કુણાલ જ્યારે આઠ વર્ષની ઉમ્મરનો થયો, ત્યારે તેને વિશિષ્ટ પ્રકારે ભણાવવાનો પ્રબંધ કરવા સંબંધી ખાસ સૂચના, પોતાના ત્યાં રાખેલા પ્રધાનોને લખી મોકલવાની, રાજાને ઈચ્છા થઈ. ઈચ્છા થતાંની સાથે જ, રાજાએ તે સંબંધી પત્ર લખ્યો. રાજા પત્ર લખી રહ્યો, એટલામાં જ કોઈ અગત્યનું કામ આવી પડયું, કે જેથી તે પત્ર ત્યાં જ મૂકીને રાજા અન્ય કાર્યાર્થે ગયો, કારણ કે - તરત જ તે પાછો ફરવાનો હતો.

રાજાના ગયા બાદ, રાણી તે જગ્યાએ આવી. એ રાણી કુમાર કુણાલની અપર માતા હતી અને હૈયાની અતિશય ક્ષુદ્ર હતી. કુણાલ પરના રાજાના સ્નેહને તે જાણતી હતી અને એ વાતની એના હૈયામાં ભારે ખટક હતી. એ સમજતી હતી કે એ રાજા પોતાનું રાજ્ય કુણાલને જ આપશે, જ્યારે રાણીની ઈચ્છા એ હતી કે - તેણીના પોતાના પુત્રને રાજ્ય મળે - આ માટે, એ રાણી કુમાર કુણાલના અનિષ્ટની તક જ શોધ્યા કરતી હતી.

રાણીએ ત્યાં આવીને પેલો પત્ર હાથમાં લીધો અને વાંચ્યો. તેણીને વિચાર આવ્યો કે - એક તો કુણાલ ઘણો રૂપાળો છે અને આ રીતિએ તે ભણશે એટલે તો રાજા એને જ રાજ્ય આપશે. રાણીને પોતાની આશાની ઈમારત સાવ જમીનદોસ્ત થઈ જતી લાગી. એથી ઈર્ષ્યાના ઝેરવાળી તે ક્રુર બની ગઈ. ભવિતવ્યતાના યોગે તેણીને પોતાની ઈચ્છાને સફલ કરવાની બુદ્ધિ પણ સુઝી આવી. તેણીએ વિચાર્યું કે - રાજાએ આ પત્રમાં કુણાલને ભણાવવાનું સૂચન કરવાને માટે જે **'अधीयताम्'** એવું પદ લખ્યું છે, તે પદમાંના **'अ'** અક્ષર ઉપર જો હું માત્ર એક મીંડુ જ ઉમેરી દઉં, તો કદાચ મારી ધારણા પાર પડે. એમ કરવાથી, **'अधीयताम्'** ને બદલે **'अंधीयताम्'** પદ બને અને જો પ્રધાનો રાજાની આજ્ઞાનો તરત અમલ કરી દે, તો તેઓ કુમારને ભણાવવાને બદલે આંધળો બનાવી દે. કુણાલને આંધળો બનાવી દીધા પછીથી તો ભલે ને જે બનવું હોય તે બને, પણ એ

આંધળાને આ રાજા રાજ્ય તો આપી શકે જ નહિ અને એથી મારા પુત્રને અનાયાસે જ રાજ્યની ગાદી મળી જાય.

આવો વિચાર કરીને તેણીએ પત્રમાંના **'अधीयताम्'** પદમાંના **अ** અક્ષર ઉપર મીડું વધારી દીધું અને તે પત્રને જેવો હતો તેવો જ બીડેલો ત્યાં મુકીને, રાણી અંદરના ભાગમાં ચાલી ગઈ. સ્વાર્થાન્ધો જેટલું ન કરે, તેટલું ઓછું જ ગણાય.

તરત જ રાજા પાછો ફર્યો. રાજાએ પત્રને ખોલીને ફરીથી વાંચ્યો નહિ. પોતાના અતિ વિશ્વાસુ માણસની સાથે રાજાએ તે પત્ર ઉજ્જયિનીમાં રહેલા પોતાના પ્રધાનો ઉપર રવાના કરી દીધો.

## કાગળને વાંચ્યા વિના રવાના કરવો નહિ :

કાગળને મોકલતાં પહેલાં, ફરીથી બરાબર વાંચી જવો જોઈએ, વિચારી જવો જોઈએ. નહિંતર કોઈ વાર મોટો અનર્થ નિપજી જાય છે. ઘણાઓને કાગળ વિગેરે લખ્યા પછીથી, તેને રવાના કરતાં પહેલાં, ફરી બરાબર વાંચી જવાની ટેવ હોતી નથી. કાગળને લખીને પૂરો કર્યો કે તરત જ તેને રવાના કરી દેવાની ટેવ હોય, એમાં કોઈ વાર ગોટાળો થઈ જવાનો સંભવ રહેલો છે. એક માણસ પોતાની સ્ત્રીને કાગળ લખી રહ્યો હતો. તે વખતે ઉપરથી એક ચકલી ચરકી ગઈ. એથી એ ભાઈ સાહેબનો મીજાજ ગયો. એકદમ બરાડી ઉઠયો કે રાંડ ! જો તું મારી પાસે હોત, તો હું તારી ટાંગ તોડી નાખત. ચકલીને ઉદ્દેશીને બોલાએલા આવા શબ્દો, એ માણસે આવેશમાં પોતાની પત્ની ઉપરના પત્રમાં પણ લખી દીધા, કારણ કે - એ વખતે એના હૈયામાં એ પ્રકારનો ભાવ હતો અને એથી ભૂલ થઈ. કાગળ પૂરો લખી રહીને તેણે વગર વાંચે રવાના પણ કરી દીધો. એ કાગળને વાંચીને બાઈ બીચારી તો ગભરાઈ જ ગઈ. એ સાસરે જવાનો વિચાર કરતી હતી, તે વિચારને માંડી વાળ્યો. એને થયું કે - જો હું જઈશ ને મારો ભાયડો મારી ટાંગ તોડી નાખશે, હું તો જન્મારાની લંગડી થઈશ. માટે હવે ત્યાં જવું ય નથી ને જવાબેય લખવો નથી. એમ બે વર્ષ નીકળી ગયાં. ભાઈ સાહેબને બે વર્ષો સુધી હાથે રોટલા કૂટી ખાવા પડયા. પછીકંટાળીને એ જાતે તેડવા ગયો, ત્યારે રૂબરૂમાં બધો ખુલાસો થયો અને બાઈ ઘેર આવી. એ માણસે જો પોતાના લખેલા કાગળને ફરીથી વાંચ્યો હોત અથવા તો બાઈએ જવાબ લખીને કાંઈક પણ ઈશારો કર્યો હોત, તો એ બન્નેને બે વર્ષનો વિરહ વેઠવો પડત નહિ. સામાન્ય ભૂલમાં બે ય દુ:ખી થયાં. ભાઈને બાઈનો ખપ હતો, અને બાઈને ભાઈનો ખપ હતો. એક-બીજા વિના એક બીજાને ફાવતું નહોતું, છતાં પણ નહિ જેવી બાબતમાં એવું બન્યું. આનું નામ, ભવિતવ્યતાની બલવત્તા.

## કુણાલે પિતૃભક્તિવશ કરેલું સાહસ :

રાજા અશોકે પણ જો પોતાના પત્રને રવાના કરતાં પહેલાં વાંચી લીધો હોત, તો એ પત્રથી જે પરિણામ આવ્યું, તેવું વિષમ પરિણામ આવવા પામત નહિ. પરિણામમાં કુમાર કુણાલ અન્ધ બનવા છતાંય, તેની અપર માતાની મનોભાવના ફળી નથી અને સુયુક્તિથી કુણાલે મોટી ઉમરનો થયા બાદ પોતાના પુત્રને માટે રાજ્ય પોતાના પિતાની પાસેથી જ મેળવ્યું છે, પણ વિષમ પરિણામ આવ્યું, એનો તો કોઈથી ય ઈન્કાર થઈ શકે તેમ નથી.

પ્રધાન પાસે રાજાનો પત્ર પહોંચતા, તેને વાંચીને તો તેના હોશકોશ ઉડી ગયા. તેની આંખોમાંથી અશ્રુઓ સરવા માંડયા.

એ જ વખતે, કુણાલ ત્યાં આવી પહોંચ્યો, પ્રધાનને રડતા જોઈને એ મુંઝાયો. વિચક્ષણ એવા તેણે ત્યાં પડેલ રાજાના પત્રને ઉઠાવી લીધો અને વાંચી લીધો.

હવે એ કુમાર કેવો પિતૃભક્ત છે અને સત્ત્વશીલ છે, તે જુઓ. એ પત્રને વાંચીને કુણાલ વિચાર કરે છે કે - પિતાજીની કોઈ પણ આજ્ઞાનો ભંગ મેં કર્યો નથી. પણ મારાથી પિતાજીની આજ્ઞાનો ભંગ અજાણતા થઈ ગયો હશે, એમ આ પત્ર ઉપરથી લાગે છે. નહિતર, એકાન્તે મારા હિતની જ ચિન્તા કરનારા મારા પિતા આમ કેમ લખે ? મારે તો એમની આજ્ઞાનો અમલ જ કરવો જોઈએ. જે પુત્ર પિતાની આજ્ઞાનો ભંગ કરે, તેને પુત્ર જ કેમ કહેવાય ?

કુણાલે પોતાનો વિચાર પ્રધાનને જણાવતાં, થોડોક કાલ વિલંબ કરવાને માટે પ્રધાન વિગેરેએ કુણાલને સમજાવવા માંડયું. આથી કુણાલે, કોઈ દુષ્ટ અદષ્ટના વશથી, પોતાના હાથે જ તપાવેલી લોઢાની સળીને પોતાની બન્ને આંખોમાં આંજી અને એથી તે અન્ધ બન્યો.

કુણાલ પિતૃભક્ત હતો, એની ના નથી; પણ આ સ્થલે એક વાત વિચારવા જેવી છે. તેણે જો થોડો કાળ વિલંબ કર્યો હોત, તો એટલા માત્રથી તે પિતૃભક્ત મટી જાત નહિ. મહાપુરૂષો આવા સાહસનો નિષેધ કરે છે. સહસાત્કારે કોઈ ક્રિયા કરવી તે અવિવેક છે અને અવિવેક એ મોટી આપત્તિનું મૂલ છે. એટલા માટે તો, શાસ્ત્રમાં કહ્યું છે કે - ગુરૂની આજ્ઞાના આરાધક પુરૂષે પણ, જો કોઈ આજ્ઞા વિશેષના પાલનમાં અશુભ ભાવિ જણાય, તો તે આજ્ઞાનું તત્કાલ પાલન નહિ કરતાં કાળક્ષેપ કરવો. ત્રણ વખત આદેશ આવવાની અપેક્ષા પર્યંત એની મર્યાદા છે. ક્ષણનો વિલંબ કરવાથી પહોર મળે છે, પહોરનો વિલંબ કરવાથી દિવસ મળે છે, અને દિવસનો વિલંબ કરવાથી વિશેષ કાળ મળે છે. એ રીતિએ કાલક્ષેપ કરવો એ ઉચિત છે. પણ કુણાલને પોતાના

પૂર્વભવમાં કરેલું કર્મ એ રીતિએ ભોગવવાનું ભાવિ નિર્મિત્ત થયેલું હશે. માટે કુણાલે કાલક્ષેપ નહિ કરતાં સાહસ કર્યું.

## વ્યાકરણને ભણવાની જરૂર :

આપણો મુદ્દો છે - અક્ષરની વધઘટથી થતા ફેરફારનો. **'अधीयताम्'** ની જગ્યાએ **'अंधीयताम्'** થવાથી કુણાલની આંખો ગઈ. એક અક્ષરને વધારવાથી જેમ અર્થ ફરે છે, તેમ એક અક્ષરના ઘટાડવાથી પણ અર્થ ફરે છે. કુન્તી એટલે પાંડવોની માતા. જો કોઈ અડધો ન કાઢી નાખીને બોલે અને પાંડવો સાંભળે, તો એને યમરાજના મહેમાન થવું પડે ને ? જેટલા અક્ષરો હોય, તેટલા બધા, એ જે પ્રમાણે હોય તે પ્રમાણે જ બોલવા જોઈએ. એક માતા એ પોતાના પુત્રને વ્યાકરણનો અભ્યાસ કરવાની પ્રેરણા કરતાં કહ્યું હતું કે -

**'यद्यापि बहु नाधीषे, तथापि पुत्र! पठ व्याकरणम् ।**
**स्वजनः श्वजनो माभूत्, सकलं शकलं सकृच्छकृत् ।।१।।'**

માતા કહે છે કે - દિકરા ! તું વધારે ન ભણે તો કાંઈ નહિ, પણ તું વ્યાકરણ તો જરૂર ભણ, કે જેથી સ્વજન ના સ્થાને શ્વજન ન થઈ જાય, સકલ ના સ્થાને શકલ ન થઈ જાય અને સકૃત ના સ્થાને શકૃત ન થઈ જાય. આ ત્રણ શબ્દ યુગલોમાં વર્ણનો સામાન્ય માત્ર જ ફેરફાર છે ને ? છતાં પણ, એટલા ફેરફાર માત્રથી અર્થ કેટલો બધો ફરી જાય છે, તે જુઓ. સ્વજન એટલે પોતાનું માણસ, કુટુંબીજન; જ્યારે શ્વજન એટલે કુતરો; સકલ એટલે સંપૂર્ણ જ્યારે શકલ એટલે ટૂકડો, અને સકૃત એટલે એક વાર, જ્યારે શકૃત એટલે વિષ્ટા. આશય જેવો ન હોય, તેવો અર્થ પણ ઉચ્ચારની બીનઆવડતથી કે લખવાની બીનઆવડતથી પૈદા થઈ જવા પામે.

જેઓ વ્યાકરણને જ વ્યાધિકરણ માને, તેમને અજ્ઞાનના વ્યાધિમાંથી કોણ છોડાવે ? સહજ ફેરફારથી, શ નો સ બોલવાથી તો એક વખત ભરસભામાં મોટો ઝઘડો થઈ ગયો હતો.

સનાતનીઓ અને આર્ય સમાજીસ્ટો વચ્ચે વાદ ગોઠવાયો હતો. **'प्रथमकवले मक्षिका'** 'પહેલે કોળીએ માખી' ની જેમ આર્યસમાજીસ્ટ પંડિતથી ભૂલ થઈ ગઈ. એને ઉચ્ચારનું ભાન નહોતું તેથી ભૂલ થઈ. સનાતની આગેવાન પંડિતનું નામ દેવીદાસ શર્મા હતું, તેથી તેણે કહ્યું કે દેવીદાસ સરમા ! સાંભળો.

શર્મા એ તો અટક હતી, જ્યારે સરમા નો અર્થ કુતરી થાય, એટલે દેવીદાસ

શર્મા એકદમ ઉશ્કેરાઈ ગયો. સનાતનીઓએ અમારા પંડિતને કુતરી કહી એમ માનીને તોફાન આદર્યું.

એટલે વ્યાકરણના અધ્યયનની પણ પરમ આવશ્યકતા છે, કે જેથી કયો શબ્દ કયા વર્ણવાળો છે તેનું ભાન આવે અને અક્ષરભેદે કેવો અર્થભેદ થઈ જવા પામે છે, તે વિગેરે પણ સમજાય.

**અક્ષર ફર્યે અર્થ ફરે :**

અક્ષર ફરે ત્યાં અર્થ ફરે; સૂત્ર અને અર્થ બન્ને ફરે; માટે વ્યંજન રૂપ શ્રુતોપચાર પણ બરાબર જાળવવો જોઈએ. પ્રતિક્રમણનાં સૂત્રો ઘણે ભાગે અશુદ્ધ બોલાય છે. તેમાં કોઈ કોઈ તો વર્ણભેદવાળો ઉચ્ચાર કરે છે. સૌએ સમજવું જોઈએ કે સાચો લાભ શુદ્ધ બોલવામાં જ છે. મંત્રાક્ષરો જેવાં સૂત્રોને અશુદ્ધ બોલવાથી કેવું નુકશાન થાય, તે તમે સમજી શકતા નથી ? આજે પાઠશાળાઓમાં પણ શુદ્ધ ઉચ્ચારથી ભણાવવા તરફ પૂરતું લક્ષ્ય અપાતું નથી તેમ જ આજે જે પંચ પ્રતિક્રમણાદિ સૂત્રોનાં પુસ્તકો છપાય છે, તેમાં કેટલાકો તો અશુદ્ધિઓના ભંડાર સમા પુસ્તકો પ્રગટ કરે છે. તેમને ખબર નથી કે - આવી રીતિએ રળતર લેવા જતાં, કર્મનું કેવું નડતર થશે ? જ્ઞાનની આશાતના કરનારાઓની કેવી ગતિ થાય, એ કાંઈ તેમનાથી અજાણ્યું નથી.

**સાતમો જ્ઞાનાચાર :**

સાતમો જ્ઞાનાચાર અર્થ નામનો છે. સૂત્રને કાયમ રાખીને પણ જો તેના અર્થને ફેરવી નાખવામાં આવે, તો તેથી પણ મોટો અનર્થ થાય છે. માત્ર અણસમજથી જ અર્થનું પરાવર્તન થાય છે - એવું નથી. અણસમજથી ભૂલ કરનાર પણ ભૂલ કરવાનો ઈરાદો જેનો નથી, એવો તો કોઈ સમજદારનો સૂયોગ મળતાં સમજી જાય અને સુધરી જાય, પણ જે ઈરાદાપૂર્વક ખોટો અર્થ કરે, તેની શી ગતિ થાય ? જેમ કે -**चैत्य** શબ્દને કાયમ રાખે, પણ મૂર્તિને નહિ માનવાના આગ્રહમાં તણાઈને, તેનો જિનમંદિર એવો અર્થ થતો હોવા છતાં પણ, અને એવો અર્થ કરવો એજ ઘટિત હોવા છતાં પણ, અઘટિત રીતિએ એનો જ્ઞાન એવો અર્થ કરીને, અનર્થની પરંપરાને વધારનારાઓ છે. મુક્તિમાર્ગદર્શક સૂત્રનો અર્થ બદલી નાખવાથી, તે સૂત્રને પોતાને માટે સંસારવર્ધક બનાવાય છે. સ્થાનકવાસી સંપ્રદાય એમ જ ઉભો થયો છે ને ? સંપ્રદાય એમ જ વધે છે ને ? આજે જે મોટી ચર્ચા ચાલી રહી છે, તેમાં પણ અર્થનો અનર્થ કરાઈ રહ્યો છે. ખોટો અર્થ કર્યો અને તેનો વળગાડ થઈ ગયો. હવે એ છુટતું નથી. અભિનિવેશ નામનું મિથ્યાત્વ એ જ રીતિએ પતન પમાડે છે. ખોટો અર્થ કરનારો, સૂત્રને કાયમ રાખવા છતાં પણ, છઠ્ઠા જ્ઞાનાચારના આચરણનો

લાભ નથી પામી શકતો, કારણ કે - તે અર્થને બદલી નાખે છે. જે અપેક્ષાથી જે અર્થ કહેવાયો હોય, તે અપેક્ષાથી તે અર્થને ગ્રહણ નહિ કરવો, એ પણ સાતમા જ્ઞાનાચારની વિરાધના છે. એટલા માટે તો, આપણે ત્યાં માત્ર આગમો જ પ્રમાણ ગણાતાં નથી, પરન્તુ પંચાંગી પણ પ્રમાણ ગણાય છે અને પંચાંગીને અનુસરતા મહાપુરૂષોએ રચેલા જે વિવિધ ગ્રન્થો છે તે પણ પ્રમાણ ગણાય છે. મહાપુરૂષોએ કહેલો અર્થ આપણી બુદ્ધિમાં ન ઉતરે, તો તત્વ કેવલિગમ્ય છે - એમ માનવું, પરન્તુ ફાવતો અર્થ કરીને તેનો પ્રચાર કરવાના પ્રયત્નમાં પડવું નહિ.

**આઠમો જ્ઞાનાચાર :**

આઠમો જ્ઞાનાચાર સૂત્ર તથા અર્થ એ ઉભય સંબંધી છે. છઠ્ઠા અને સાતમા જ્ઞાનાચારનું આચરણ કરવામાં કાળજીવાળા બનેલા, આ આઠમા જ્ઞાનાચારનું તો સ્વાભાવિક રીતિએ જ આચરણ કરનારા બની જાય છે. જો એમ છે, તો પછી જ્ઞાનીઓએ આ જ્ઞાનાચારને જૂદો કેમ કહ્યો ? આવો પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે. એવા પ્રશ્નનું સમાધાન એ છે કે - કેટલાક એવા હોય છે કે - માત્ર સૂત્રને જ ઓળખે, કેટલાક એવા હોય છે કે - માત્ર અર્થને જ ઓળખે અને કેટલાક એવા હોય છે કે - સૂત્રને પણ ઓળખે અને અર્થને પણ ઓળખે. જે સૂત્ર બોલે તે અશુદ્ધ બોલે તેમ જ જે અર્થ કરે તે ખોટો કરે, એવાઓને બચવાને માટેનો આ આઠમો આચાર છે સૂત્ર અને અર્થ - એ બન્નેનું શક્તિ-સામગ્રી મુજબ અને યોગ્યતા મુજબ જ્ઞાન સંપાદન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**આ આઠેય આચારો શોભાવે પણ છે અને શ્રેયોભાગી પણ બનાવે છે :**

આ રીતિએ આપણે આઠ જ્ઞાનાચારો સંબંધી કેટલીક વિચારણા કરી આવ્યા. આ શ્રી ભગવતીજી સૂત્ર, આ આઠ પ્રકારના જે જ્ઞાનાચારો છે, તેનાથી પરિવૃત્ત છે. આઠ આચારોને પ્રવચનોપચાર તરીકે ઓળખવામાં આવેલા છે, એટલે આ આઠ આચારોના પાલનમાં પ્રવચનની ભક્તિ રહેલી છે. એથી જ, આ આઠ આચારોને ટીકાકાર મહર્ષિએ ચારૂ તરીકે ઓળખાવ્યા છે. ચારૂ એટલે સુન્દર, મનોહર. ખરેખર, આ આઠ આચારો ઘણા જ સુન્દર અને મનોહર છે. આ આઠ આચારોથી જ્ઞાન અને જ્ઞાનોપાર્જનનો પ્રયત્ન દીપી ઉઠે છે. જ્ઞાનને અને જ્ઞાનાધ્યયનને તેમજ જ્ઞાનદાનને પણ દીપાવનાર અને એને સફલતાની પરાકાષ્ઠાએ પહોંચાડનાર આ આઠ આચારો છે. જયકુંજર જેમ એને બંધાતા તંગોથી દેખાવડો બને છે અને એની કાર્યસાધકતામાં એ તંગો જેમ ઘણો મોટો ઉમેરો કરી દે છે, તેમ આ આચારોનું પાલન પણ શ્રી ભગવતીજી સુત્રને, શ્રી ભગવતીજી સૂત્રમાં

રહેલા જ્ઞાનને, શ્રી ભગવતીજી સૂત્રને ભણાવનારને, શ્રી ભગવતીજી સૂત્રને ભણનારને અને શ્રી ભગવતીજી સૂત્રના અર્થોનું શ્રવણ કરનારને શોભાવે છે અને શ્રેયોભાગી બનાવે છે. આ આઠ આચારોના સંબંધમાં કાંઈક વિસ્તારથી જે કહેવામાં આવ્યું છે -એ તરફ વર્તમાનમાં લક્ષ્ય દોરવાની ખાસ જરૂર છે. બહુમાનપૂર્વકનો વિનયાચાર આવે, તો બાકીના આચારના પાલનનું અર્થિપણું પેદા થયા વિના રહે નહિ અને જ્ઞાન સફલ નિવડયા વિના રહે નહિ. બહુમાનપૂર્વકના વિનયાચારવાળા અને એથી બીજા આચારો પર લક્ષ્યવાળા, કેટલીક વાર અણસમજ આદિથી કાળની બાબતમાં ભૂલ કરતા જણાય છે, માટે એને અંગે ય ખાસ કહેવાયું છે. બાકી જેઓ જાણી-બુઝીને આ જ્ઞાનાચારોની અવહીલના કરે છે, એવાઓને કહેવાનો તો અર્થ જ શો છે ? એવાઓની તો માત્ર દયા જ ચિન્તવવી રહી.

## ઉત્સર્ગ ને અપવાદનો સંબંધ

**ભગવતીજી સૂત્ર રૂપ જયકુંજરની શમ અને સિદ્ધિ સુલભ બને છે :**

નવાંગી ટીકાકાર તરીકે સુપ્રસિદ્ધ થયેલા આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસુરીશ્વરજી મહારાજા, પંચમ ગણધર ભગવાન શ્રી સુધર્મા સ્વામીજીએ સૂત્રથી ગુંથેલા શ્રી ભગવતીજી સૂત્ર તરીકે ઓળખાતા આ પંચમ અંગસૂત્રની ટીકાની રચના કરવાની શરૂઆત કરતાં, મંગલને આચર્યા બાદ અને અભિધેયને વર્ણવ્યા બાદ, શાસ્ત્રપ્રસ્તાવના કરતાં, આ શ્રી ભગવતીજી સૂત્રને જયકુંજરની સાથે સરખાવી રહ્યા છે. જયકુંજર એટલે જયપ્રધાન હસ્તિ. આ હાથી જેની પાસે હોય, તે નિયમા જય મેળવે અને એથી જ આ હાથીને જયકુંજર કહેવામાં આવે છે. આ શ્રી ભગવતીજી સૂત્રનું યથાર્થ જ્ઞાન જેણે સંપાદન કર્યું હોય, તે જીવ રાગ પરિષહો, ઉપસર્ગો અને કષાયો ઉપર વિજય મેળવી શકે છે. એનામાં અતિશય પ્રકાશને જિનધર્મ સાધવાની શક્તિ પ્રગટે છે અને વિકસે છે! આવા ગુણોને લક્ષમાં લઈને, ટીકાકાર મહર્ષિએ, આ શ્રી ભગવતીજી સૂત્રને જયકુંજરની ઉપમા આપી છે, જયકુંજરની માત્ર ઉપમા જ આપી છે એમ પણ નથી, પણ જયકુંજરને અંગે જે જે સંભવે છે તે તે આ શ્રી ભગવતીજી સૂત્રમાં અંગે પણ કેવી કેવી રીતિએ સંભવે છે, એ ચોવીસ વિશેષણો વાપરીને બતાવ્યું છે. આ ચોવીસ વિશેષણો જેને સમજાય અને હૈયામાં સમાય, તેને શમ અને સિદ્ધિ સુલભ બને છે! શ્રી ભગવતીજી સૂત્ર પ્રત્યેના આદરભાવમાં [illegible] તફાવત છે [illegible] પણ, આમ લૌકિક જયમાં કારણ, એવા જયકુંજરની સાથે કેમ ઘટાવેલ છે ? એ માટે કે - પરિચિત વસ્તુના ઉદાહરણથી

અપરિચિતનો ઝટ ખ્યાલ આવે છે. વિશેષણોથી એવો ખ્યાલ આપ્યો છે કે - સૂત્ર લોકોત્તર સિદ્ધિસાધન છે. બાકી તો લૌકિક તથા લોકોત્તરનો મુકાબલો કરનારો મૂર્ખ ગણાય. લોકોત્તર સિદ્ધિનો રસ જન્મ મરણને ઘટાડનાર છે અને લૌકિક સિદ્ધિનો રસ જન્મ-મરણને વધારનાર છે.

લૌકિક ઋદ્ધિની વૃદ્ધિ માટે તો મમ્મણે વિકટમાં વિકટ કામ કર્યાં. આરામતલબીની ઉમ્મરે પણ એણે તો ઝંપલાવ્યે જ રાખ્યું. ન જોયો દિવસ, ન જોઈ રાત કે ન જોયો ઉત્પાત! ઘોર મધ્ય રાત્રિએ, જ્યારે દિશા પણ ન સૂઝે, પંખીઓ પણ માળામાંથી બહાર ન નીકળે, એવા સમયે મમ્મણે નદીમાં ઝંપલાવ્યું હતું. વરસાદને લીધે નદીમાં પૂર આવેલું તો ય! આમ લૌકિક સિદ્ધિને માટે સતત્ પ્રયત્ન કર્યા કરવા છતાં પણ, તે મરીને ગયો ક્યાં? બીચારો સાતમી નરકે જ ગયો.

આવી સિદ્ધિ શા કામની? આપણે તો એવી સિદ્ધિ જોઈએ, કે જે પૂર્ણ સિદ્ધિ આપે. સાચી સિદ્ધિનો સંકલ્પ માત્ર પણ નિષ્ફળ નથી જતો. જયકુંજર જેમ લૌકિક દુઃખોને કાપનારો, લૌકિક સુખોને આપનારો અને લૌકિક જયમાં સ્થાપનારો છે, તેમ શ્રી ભગવતીજી સૂત્ર પણ સઘળાં ય દુઃખોને કાપે છે, સઘળાં ય સુખોને આપે છે અને શાશ્વત સ્થિતિમાં સ્થાપે છે. આ કાપવાપણું, આપવાપણું અને સ્થાપવાપણું આત્મિક સામ્ય રૂપે હોઈને જ, આ શ્રી ભગવતીજી સૂત્રને જયકુંજરની ઉપમાથી વર્ણવાય છે. આત્મવિજય માટે, આ સૂત્ર એ લોકોત્તર જયકુંજર છે.

**ઉત્સર્ગ અને અપવાદ રૂપ ઘણ્ટાયુગલનો ઘોષ :**

ટીકાકાર મહર્ષિએ જયકુંજરની સાથે સરખામણી કરતાં, આ શ્રી ભગવતીજી સૂત્રને આપેલાં ચોવીસ વિશેષણો પૈકીનાં અઢાર વિશેષણોને તો આપણે જોઈ આવ્યા. હવે ઓગણીસમું વિશેષણ. ઓગણીસમા વિશેષણ તરીકે, ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે -

**उत्सर्गापवादवादसमुच्छलदतुच्छघण्टायुगलद्घोषस्य!**

એટલે કે - જયકુંજર હાથી જેમ સમ્યક્પણે ઉછળતા અને અતુચ્છ એવા ઘણ્ટાયુગલના ઘોષથી યુક્ત હોય છે, તેમ આ શ્રી ભગવતીજી સૂત્ર પણ ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગ રૂપ અતુચ્છ ઘણ્ટાયુગલના ઘોષથી યુક્ત છે. હાથીને શણગારીને જ્યારે બહાર કાઢવામાં આવે છે, ત્યારે તેના મધ્ય ભાગની બન્ને બાજુએ એક ઘંટ બાંધવામાં આવે છે. હાથીના ચાલવાથી એ બન્ને ઘંટો હાલે છે - ઉછાળા મારે છે અને એમ ઉછાળા મારવાથી - હાલવાથી વાગે છે, એટલે તેમાંથી ઘોષ પેદા થાય છે. એ મુજબ, શ્રી ભગવતીજી સૂત્રની પ્રરૂપણામાંથી ઉત્સર્ગમાર્ગનો રણકો પણ નીકળ્યા કરે છે અને અપવાદમાર્ગનો રણકો

પણ નીકળ્યા કરે છે. ઉત્સર્ગ અને અપવાદ-એ બન્ને ય પ્રકારના વાદોનું, માર્ગોનું, એના સ્વરૂપનું શ્રી ભગવતીજી સૂત્રમાં એક સરખી રીતિએ પ્રતિપાદન કરવામાં આવેલું છે, એ આ વિશેષણનો પરમાર્થ છે.

## ઉત્સર્ગનું ને અપવાદનું સ્થાન નક્કી કરવામાં કુશલતા જોઈએ :

ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગ, એ બન્ને માર્ગો દેખીતી રીતિએ એક બીજાથી વિરોધી માર્ગો હોય છે, પરન્તુ શ્રી જૈન શાસનની આ પણ એક ખુબી છે કે - એ બન્ને ય માર્ગોને યથાસ્થાને યોજીને, સમાન ફ્લને પેદા કરવાની શક્તિવાળા બનાવી દીધેલા છે. ઉત્સર્ગ એ પણ એક મોક્ષમાર્ગ છે અને અપવાદ એ પણ એક મોક્ષમાર્ગ છે - આવું સમજીને, જેને જે માર્ગે ચાલવું ફાવે તેણે તે માર્ગે ચાલવું અને એ બેમાંથી ગમે તે માર્ગે ચાલવામાં આવે તો પણ મોક્ષ મળે - આવું સમજવાનું નથી. ઉત્સર્ગ એ મુખ્ય માર્ગ છે અને અપવાદ એ ગૌણ માર્ગ છે - એમ પણ સમજવાનું નથી. ઉત્સર્ગમાર્ગમાં ઘણી તાકાત છે અને અપવાદમાર્ગમાં તેટલી તાકાત નથી. એવું પણ માની લેવાનું નથી ઉત્સર્ગ જેમ પોતાના સ્થાને બલવાન છે, તેમ અપવાદ પણ પોતાના સ્થાને બલવાન છે. યથાસ્થાને ઉત્સર્ગ જેમ ધ્યેયસાધક છે, તેમ અપવાદ પણ જો યથાસ્થાને હોય તો ધ્યેય સાધક જ છે. પરન્તુ કયે સ્થાને ઉત્સર્ગની પ્રધાનતા છે અને કયે સ્થાને અપવાદની પ્રધાનતા છે - એનો નિર્ણય કરવામાં ઘણી જ કુશલતા જોઈએ. ઉત્સર્ગના સ્થાને અપવાદના સેવનમાં આરાધના નહિ પણ વિરાધના અને અપવાદના સ્થાને ઉત્સર્ગના સેવનમાં આરાધના નહિ પણ વિરાધના. એટલે ઉત્સર્ગનું સ્થાન ક્યું અને અપવાદનું સ્થાન કયું- એનો નિર્ણય કરવામાં ભારે કુશલતા જોઈએ; માર્ગનું સુન્દર જ્ઞાન જોઈએ, તેમ સૂક્ષ્મ બુદ્ધિ પણ જોઈએ.

## વ્યાખ્યાતા ઉત્સર્ગ - અપવાદનો જ્ઞાતા જોઈએ :

એટલા માટે તો, ઉત્સર્ગમાર્ગના અને અપવાદમાર્ગના જ્ઞાતા નહિ બનેલા સાધુઓને માટે પણ વ્યાખ્યાન કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. બન્ને માર્ગોનું જ્ઞાન ન હોય, તો ઉત્સર્ગમાર્ગનું એવું મંડન કરે, કે જેથી શ્રોતાઓને અપવાદમાર્ગ એ જાણે પાપમાર્ગ જ છે - એવો ભાસ ઉત્પન્ન થવા પામે અથવા તો અપવાદમાર્ગનું એવું મંડન કરે, કે જેથી શ્રોતાઓને ઉત્સગ્માર્ગ પ્રત્યે જે દઢ પ્રીતિ ઉત્પન્ન થવા પામવી જોઈએ, તે દઢ પ્રીતિ ઉત્પન્ન થવા પામે નહિ અને તેમનું મન અપવાદોને સેવવા તરફ લલચાયા કરે. વ્યાખ્યાતા જો બન્ને પ્રકારના માર્ગોનો યથાર્થ જ્ઞાતા હોય, તો તેનાથી એવો અનર્થ ઉત્પન્ન થવા પામે નહિ.

## ઉત્સર્ગમાર્ગને અપવાદમાર્ગ કોને કોને કહેવાય ?

ઉત્સર્ગમાર્ગ કોને કહેવાય ? રત્નત્રયીની આરાધનાનો સર્વસામાન્ય જે વિધિમાર્ગ, તેને ઉત્સર્ગમાર્ગ કહેવાય છે. ત્યારે અપવાદમાર્ગ કોને કહેવાય છે ? રત્નત્રયીની આરાધનાના સર્વસામાન્ય વિધિમાર્ગ રૂપ ઉત્સર્ગમાર્ગે ચાલી રહેલા આત્માઓને ખાસ સંયોગો ઉપસ્થિત થતાં, તેઓ પોતાની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થવા પામે નહિ, માર્ગથી ચ્યુત થવા પામે નહિ, એવા પ્રકારે સર્વસામાન્ય વિધિમાર્ગથી અન્યથા, અથવા તો તેનાથી તદ્દન ઉલટાપ્રકારની પણ ક્રિયા કરાવીને, તેમને સર્વસામાન્ય વિધિમાર્ગના આરાધક બનાવી રાખવાનો જે માર્ગ, તેને અપવાદમાર્ગ કહેવાય છે. આ બન્ને ય માર્ગોમાં લક્ષ્ય મોક્ષની સાધના તરફ જ રાખવાનું છે. ઉત્સર્ગમાર્ગના આચારણ દ્વારા જે લક્ષ્યને સિદ્ધ કરવાની વાત છે, તે જ લક્ષ્યને સિદ્ધ કરવાની વાત અપવાદમાર્ગના આચરણમાં પણ રહેલી જ છે. એટલે ફરક હૈયામાં કે આશયમાં પડતો નથી, પણ ફરક માત્ર બાહ્ય ક્રિયાઓમાં જ પડે છે. જ્યારે એવો જ કોઈ અવસર આવી લાગે, ત્યારે સાધ્યની સાધનાને અંગે જ, સર્વસામાન્ય વિધિમાર્ગથી અન્યથા પ્રકારનું અગર તો તદ્દન ઉલટા પ્રકારનું પણ આચરણ કરવું પડે, તો પણ એ આચરણ જો જ્ઞાનીઓએ બતાવેલા અપવાદમાર્ગને અનુરૂપ હોય, તો તેવું બાહ્ય દૃષ્ટિએ વિરોધી એવું પણ આચરણ કરવામાં વિરાધના નથી, પરન્તુ આરાધના છે. આથી તમે સમજી શકયા હશો કે - અપવાદમાર્ગ એ ખાસ સંયોગોમાં જ અમલમાં મૂકવાનો માર્ગ છે, અપવાદમાર્ગને આશ્રયીને કરાતા વર્તનને વ્યક્તિની, સંયોગોની મર્યાદા છે, માટે એની પ્રરૂપણા સર્વસામાન્ય માર્ગ તરીકે થઈ શકે નહિ અને ઉત્સર્ગમાર્ગની પ્રરૂપણા સર્વસામાન્ય માર્ગ તરીકે થઈ શકે. સર્વસામાન્ય માર્ગ તરીકે તો ઉત્સર્ગમાર્ગની જ પ્રરૂપણા કરવી જોઈએ.

## અપવાદમાર્ગ ઉત્સર્ગમાર્ગને જ આભારી છે :

અપવાદમાર્ગની ઉત્પત્તિ જ ઉત્સર્ગમાર્ગને આભારી છે. ઉત્સર્ગમાર્ગ ન હોય, તો અપવાદમાર્ગને દર્શાવવાની જરૂર પડે નહિ. અથવા તો કહેવું જોઈએ કે - સર્વ કાળે સરખા પ્રકારે આરાધના કરી શકે નહિ. રત્નત્રયીની આરાધના કરનારા જીવો પણ કર્મસહિત તો ખરા ને ? ત્યારે રત્નત્રયીની આરાધના કરતાં કોઈકને વિચિત્ર પ્રકારનો કર્મોદય થાય, એમ પણ બને ને ? કોઈની શક્તિ ક્ષીણ થઈ જાય, એમ પણ બને ને ? એ બધા વખતે અથવા તો એવા બીજા પણ શક્ય પ્રસંગો પ્રામ થતાં, ચાલુ વિધિમાર્ગો મુજબ રત્નત્રયીની આરાધનાને ચાલુ રાખી શકાય તેવું ન હોય, તો શું કરવું. આરાધના રત્નત્રયીની જ કરવાની ભાવના છે, પણ ઉત્સસર્ગમાર્ગે આરાધના ચાલુ રાખી શકાય તેવી સ્થિતિ નથી,

તો કરવું શું ? એવા વખતે કેવી કેવી રીતિએ વર્તીને રત્નત્રયીની આરાધનામાં ટકી રહેવું, એને અંગે જે ઉપાયો બતાવવામાં આવ્યા છે, તે અપવાદમાર્ગ છે. જે ઉત્સર્ગમાર્ગમાં આવ્યો નથી, તેને તો અપવાદમાર્ગનો ખપ જ ક્યાં પડવાનો છે ? એટલે, અપવાદમાર્ગ એ પણ એક પ્રકારનો મોક્ષમાર્ગ જ છે, માટે આપણે તો એ માર્ગે ચાલીને કલ્યાણ સાધીશું - આવું જેઓ માને કે બોલે, તેઓ તો માર્ગના રહસ્યને પામેલાઓ જ નથી. મોક્ષના અર્થી જીવોની નજર તો, ઉત્સર્ગમાર્ગ તરફ જ હોવી જોઈએ. અપવાદમાર્ગ તો, કારણ વિશેષ કોઈ વ્યક્તિ વિશેષને માટે છે. કેટલાક અપવાદો એવા ય છે કે - ઘણાઓને રોજ વારંવાર સેવવા પડે, પરન્તુ એવાઓએ પણ પોતાની નજર તો ઉત્સર્ગમાર્ગના સેવન તરફ જ રાખવી જોઈએ.

## ઉત્સર્ગમાર્ગની જેમ અપવાદમાર્ગને અનુસરવામાં પણ આરાધના કેમ, તેને જણાવતું ઉદાહરણ :

પ્રશ્ન - અપવાદમાર્ગમાં ઉત્સર્ગમાર્ગથી તદ્દન ઊલટા પ્રકારનું આચરણ પણ હોઈ શકે અને તેમ છતાં પણ તેમાં વિરાધના ન ગણાય પણ આરાધના ગણાય, એમ આપે કહ્યું તે સમજાયું નહિ. એનું વિશેષ સ્પષ્ટીકરણ થાય તો સારું.

એ માટે એક ઉદાહરણ જ જોઈએ. કોઈ એક રાજા ગાઢ મિથ્યાદૃષ્ટિ હતો; અને જેવો મિથ્યાત્વમાં તે દૃઢ હતો, તેવી જ તેની રાણી સમ્યક્ત્વમાં દૃઢ હતી. રાજા અને રાણી વચ્ચે એ બાબતોમાં કેટલીક વાર વાતો થતી, પણ રાજા રાણીને તેણીની માન્યતાથી ચળાવી શકતો નહિ, તેમ રાણી રાજાને પણ તેની માન્યતાથી ચળાવી શકતી નહિ. બન્ને પોતપોતાને માન્ય ધર્મને અનુસરનારાં ત્યાગીઓની પ્રશંસા કર્યા કરતાં.

એમાં, એક વાર કોઈ સન્યાસિની એ નગરમાં આવી. બાલબ્રહ્મચારિણી, બુદ્ધિશાલીની અને બોધ દેવામાં કુશલ એવી સંન્યાસિનીએ નગરમાં આવી ભારે આકર્ષણ જમાવ્યું. રાજા અને સઘળો ય નગરલોક એની તરફ વળી ગયો. જૈન સાધુ-સાધ્વી એ નગરમાં આવે, તો તેમને આહાર-પાણી મળવાં પણ મુશ્કેલ પડી જાય, એવી સ્થિતિ પેદા થઈ જવા પામી. રાણીના હૈયાની વેદનાનો પાર રહ્યો નહિ.

અધુરામાં પૂરું રાજા રાણીની પાસે વારંવાર એ જ સંન્યાસિનીની વાત કરતો; એટલું જ નહિ, પણ એ જૈન સાધુ-સાધ્વીની ભેગાભેગી નિન્દા પણ કરતો, રાણીને માટે આ ઘણું જ અસહ્ય હતું, પણ તેણીનો ઉપાય નહોતો. એથી તે ખમી ખાતી. એ માત્ર એટલું જ કહેતી કે - અવસરે આપને બતાવીશ.

રાણી તો રોજ એ જ વિચાર કર્યા કરતી હતી કે - હવે કરવું શું ? એક બહુ

સામર્થ્યસમ્પન્ન મુનિનો યોગ થતાં, તેણીએ એ જ વાત કહી કે- કોઈ પણ ઉપાયે આ સંન્યાસિનીની અસરમાંથી આ નગરના લોકોને છોડાવો. અત્યારે તો, સંન્યાસિનીની ભારે અપકીર્તિ થયા વિના, નગરજનો તેણીની અસરથી મુક્ત બને અને જૈન-સાધુ સાધ્વીની ભક્તિ કરે, એ શક્ય જ નથી.

એ પછી, એવું બન્યું કે - સંન્યાસિની સગર્ભા બની. લોકોના જાણવામાં એ વાત આવી અને એથી લોકવર્ગ એ સંન્યાસિનીથી ખૂબ જ નારાજ થઈ ગયો. તેણીને દંભ અને પાખંડથી ભરેલી માનીને, લોકોએ તેણીને એ નગરમાં રહેવા પણ દીધી નહિ.

રાજાને એ પ્રસંગથી અત્યન્ત ખેદ ઉપજ્યો. એને મિથ્યાધર્મ ઉપર ખેદ ઉપજ્યો નહિ, પણ એનો ધર્મ વગોવાયો એથી એને ખેદ ઉપજ્યો. હવે તે દુ:ખમાં જ દિવસોને પસાર કરવા લાગ્યો.

રાણીને પણ એ વાતની ખબર હતી. તેને લાગ્યું કે - જૈન સાધુ-સાધ્વીની નિન્દા સાંભળતાં મને કેવી વેદના થતી હતી, તેનો રાજાને ખ્યાલ આપવાની આ સુંદર તક છે. વળી રાજાનો જે આ નિમિત્તે પણ મિથ્યાધર્મ ઉપરનો રાગ જાય અને સમ્યગ્ધર્મ ઉપર જો રાજાના હૈયામાં રાગ પેદા થાય તો સારૂં, એવું પણ રાણીના હૈયામાં હતું. આથી, તેણીએ અવસરે સંન્યાસિનીની વાત કાઢી અને રાજાને કહ્યું કે - જોયું ને ? આપ જેનાં બહુ બહુ વખાણ કરતાં હતા, તે સંન્યાસિની કેવી નીકળી ? કુવામાં હોય તે હવાડામાં આવે. ધર્મ સારો હોયા તો એને આચરનાર સારો હોય અને ધર્મ ખરાબ હોય તો એને આચરનાર ખરાબ હોય, એમાં નવાઈ પામવા જેવું કાંઈ છે જ નહિ.

રાણીનાં આ વચનોએ, રાજાના હૈયાને ભેદવામાં તાતા તીરનું કામ કર્યું, પણ તે ઉલટા પ્રકારે. સંન્યાસિની વ્યભિચારિણી પૂરવાર થઈ હતી. તેથી તે વિષે તો કાંઈ બોલાય તેમ નહોતું, પણ રાજાએ કહ્યું કે - જૈન સાધુ કેવા ભૂંડા હોય છે, તે હું તને દેખાડી આપીશ. એ જ વખતે રાજાએ મનમાં ગાંઠ વાળી કે જો તક મળે તો જૈન સાધુની બદમાશ તરીકેની ખ્યાતિ થાય એવું કાવતરૂં રચવું.

રાજાએ પોતાના એક અતિ વિશ્વાસપાત્ર માણસને કહી રાખ્યું કે - કોઈ જૈન સાધુ આપણા નગરમાં આવે, તો તેની તપાસ રાખજે અને મને ખબર આપજે.

કેટલાક દિવસો બાદ, કોઈ એક ગીતાર્થ સાધુ વિહાર કરતા કરતા એ નગરે આવ્યા. તે સાધુ એકલા જ હતા. જે ગીતાર્થ હોય, તે એકલા પણ વિચરી શકે. એકલાને મુશ્કેલી તો ખરી જ.

પેલા માણસને જૈન સાધુ આવ્યાની ખબર પડી, એટલે રાજાને તેણે ખબર આપી. હવે રાજાએ ષડ્યંત્ર ગોઠવ્યું.

રાજાએ તેને કહ્યું કે નગર બહાર જે કામદેવનું મન્દિર છે, તેમાં પલંગ, ગાદિ, દારૂ, આરીસો, દીવો અને સૌન્દર્યનાં અમુક અમુક સાધનો મૂકાવી દે. આપણા નગરની વેશ્યાને કહી દે કે - આજની રાતે તેણીએ કામદેવના મન્દિરમાં રહેવાનું છે અને એની બધી કળા અજમાવવાની છે. આટલી વ્યવસ્થા કરીને તારે જૈન સાધુની પાસે જવું. સાધુને ગમે તેમ સમજાવીને અગર ગમે તેવું નિમિત્ત શોધી કાઢીને પણ, સન્ધ્યાકાળે એ કામદેવના મન્દિરમાં લઈ જવા અને જેવા તે અંદર પેસે કે તરત જ મન્દિરનું બારણું બંધ કરી દેવું અને બહાર તાળું મારી દેવું, તાળું માર્યા પછી, મારી પાસે આવીને મને ખબર આપવી અને મારા હુકમ સિવાય કોઈ પણ સંયોગોમાં તારે એ તાળાને ખોલવું નહિ. તારે આ બધી વ્યવસ્થા એવી ગુપ્ત રીતિએ કરવી, કે જેથી કોઈને પણ આ વાતની જાણ થવા તો પામે જ નહિ, પણ ગંધેય આવે નહિ.

રાજા આ પ્રકારે પોતાના દુ:ખના નિવારણનો અને પોતાના કોપને સફલ કરવાનો ઉપાય યોજી રહ્યો છે. તમારે આ બાબતને ગંભીરતાથી વિચારવાની જરૂર છે. રાજા ખરાબ કરી રહ્યો છે એવું તો તમે ઘણી જ સહેલાઈથી માની લેશો અને બોલી નાખશો, પરન્તુ તમે તમારા સંયોગમાં આવા પ્રકારનું કોઈ કૃત્ય, નિર્દોષને દોષિત ઠરાવવાનું દુષ્કૃત્ય કરો છો કે નહિ અથવા એવું તમે કરો એવા છો કે નહિ - એનો વિચાર તમારે કરવાનો છે.

રાજાની આજ્ઞા મુજબ જ એના વિશ્વાસુ માણસે સઘળી વ્યવસ્થા કરી. રાજાના અંગતગુપ્તચરો મોટે ભાગે ઘણાં કુશળ હોય છે.

કામદેવના મન્દિરને તાળું મારીને તે રાજાની પાસે પહોંચ્યો, અને કહ્યું કે - આપની સઘળી ય આજ્ઞાનો સર્વ પ્રકારે અમલ કરી દીધો છે. એ સાંભળતાં, રાજાના આનંદનો અવધિ રહ્યો નહિ. રાજાએ રાણીને કહ્યું કે - તારા એક જૈન સાધુ નગર બહાર કામદેવના મન્દિરમાં રાત રહ્યા છે. સવારે આપણે ત્યાં જવાનું છે.

રાણી સમજી ગઈ કે દાળમાં કાંઈક કાળું છે. પણ તેણીના હૈયામાં જૈન સાધુ વિષે ભારોભાર વિશ્વાસ હતો, એટલે મુંઝાઈ નહિ. નહિ મુંઝાવા છતાં, પણ એને આખી રાત ચેન પડયું નહિ:

રાજાએ પોતાના મંત્રિઓને, સામંતોને અને નગરજનોને પણ કહેવડાવી દીધું કે - સવારે રાજા નગરની બહાર કામદેવના મન્દિરમાં રાત રહેલા જૈન સાધુને જોવાને માટે જવાના છે, માટે સર્વેએ ત્યાં સાથે આવવું.

આટલી વ્યવસ્થા કરીને, રાજાએ એ જ રાણીની સાથે આખી રાત્રિ સુખચેનમાં પસાર કરી. રાણી જેવી ધર્મશીલ હતી, તેવી જ પતિભકતા પણ હતી. ધર્મની વાત સિવાય, પતિને કોઈ પ્રકારે પ્રતિકૂળ થાય - તેવું વર્તન એ કદી પણ કરતી નહિ. રાજાની ધાર્મિક સિવાયની એકે એક ઈચ્છાઓને તે અનુસરતી હતી. રાજાના કહ્યા વિના પણ, રાજાના ઈંગિતાકાર માત્રથી તે રાજાના અભિપ્રાયને સમજી જતી અને તેને જ અનુસારે વર્તન કરતી. એના હૈયામાં પણ રાજા પ્રત્યે દુર્ભાવ ન હતો, પરન્તુ રાજાને મિથ્યાધર્મની જાળમાંથી છોડાવીને, તેને સમ્યગ્ધર્મમાં સ્થાપિત કરવાનો ભાવ હતો. રાણી આવી રીતિએ એક પરમ પતિભક્તાને શોભે એવા વિનયાચારથી વર્તતી હતી, માટે જ રાજાની પાસે ધર્મની બાબતમાં જરા ય નમતું નહિ મૂકવા છતાં પણ, રાણી પોતાના સ્થાનનું માન જાળવી શકી હતી તેમ જ રાજાના હૈયામાં પણ તે પોતાનું સ્થાન સારી રીતિએ જમાવી શકી હતી. એ રાણીને જેમ ધર્મને વળગી રહેતાં આવડતું હતું, તેમ સુશીલ પત્ની તરીકે કેમ વર્તવું જોઈએ એ પણ આવડતું હતું, સદ્ધર્મના નામે પણ જો બાઈ પત્નીધર્મ ચૂકે, તો એમાં એ ધર્મની પ્રભાવના કરનારી બનવાને બદલે, ધર્મની વિરાધના કરનારી બને છે. ધર્મશીલ બાઈ તો, પોતાના સર્વ સ્વજનો ઉપર એવી છાપ પાડનારી હોવી જોઈએ કે - જેમને એનો ધર્મ ન ગમતો હોય, તેમને પણ એ તો ગમતી જ હોય. એના ધર્મનીઅવગણના કરનાર સ્વજનો પણ, એને માટે તો એમ જ કહે કે વહુ તો વહુ જ છે, દરેક સ્ત્રીએ પોતાના પત્નીધર્મને આ રીતિએ અદા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. પત્ની બનવું નહિ ને સંસારને તજી દેવો એ સારૂં છે; પણ પત્ની બનવું જ પડે તો પત્ની બની જાણવું જોઈએ. પત્નીને પત્ની બનતાં આવડે, એમાં એના ધર્મની પ્રશંસા થાય અને પત્નીને પત્ની બનતાં આવડે નહિ, એમાં એના ધર્મની નિન્દા થાય. પરન્તુ ખરી વાત એ છે કે - જે બાઈઓના હૈયે સમજપૂર્વકની ધર્મશીલતા હોય છે, તે વિવેકીની જ હોય છે અને જે વિવેકી હોય, તે અનુચિત વર્તનથી આઘા રહેવાની કાળજી રાખ્યા વિના રહે નહિ. વિવેકી જ તે કહેવાય, કે જે ઔચિત્યના આદરવાળો પણ અવશ્ય હોય. આ રાણી તો પરમ વિવેકવતી હતી, એટલે ધર્મ સિવાયની બાબતમાં તે પોતાના પતિ રાજાને સર્વથા અનુકૂળપણે વર્તતી. આથી જ રાણીના હૈયામાં બીલકુલ ચેન નહિ હોવા છતાં પણ, રાજા એ રાત્રિ રાણીની સાથે સુખચેનમાં પસાર કરી શકયો. રાણી એટલી ગંભીર હતી કે - રાજાને ખબર પણ નહિ કે - રાણીનું મન બેચેન છે.

અહીં રાજા-રાણીની રાત્રિ એ રીતિએ પસાર થઈ, ત્યારે કામદેવના મન્દિરમાં રાત્રિ કેવા પ્રકારે પસાર થઈ, તે આપણે જોઈએ. આ ઉદાહરણ જે હેતુથી લેવામાં આવ્યું છે, તે હેતુ ત્યાં રહેલો છે.

રાજાનો માણસ, પેલા ગીતાર્થ સાધુ મહાત્માને કામદેવના મન્દિરમાં લઈ જઈને, એકદમ મન્દિરનું દ્વાર બંધ કરી દઈને ચાલ્યો ગયો.

આ શું બન્યું ? - એવા વિચારમાં જ્યાં સાધુ મહાત્મા પાછળ જૂએ છે, ત્યાં તો વેશ્યા તેમની સામે આવીને ઉભી રહી. વેશ્યા એક તો રૂપવતી હતી અને તેમાં સોળે શણગારને સજીને કામદેવના સામ્રાજ્યના સામર્થ્યને સ્થાપિત કરવાના કોડવાળી હતી. વેશ્યાએ તો એનાં નખરાં આદર્યાં.

સાધુ મહાત્માએ ચોમેર દષ્ટિ ફેરવી લીધી. પોતાના સંયોગોને પિછાની લીધા, ષડ્યંત્રના ભેદને એ પામી ગયા. આવા વખતે કેમ વર્તવું, એનો એમણે તત્કાળ નિર્ણય કરી લીધો. પછી વેશ્યા ઉપર એમણે એવી વેધક દષ્ટિ નાખી, કે જે દષ્ટિ વેશ્યા ખમી શકી નહિ. એ એકદમ પાછી હઠી ગઈ. એને થયું કે - આ સાધુ હમણાં જ મને પોતાની દ્રષ્ટિથી બાળીને ભસ્મિભૂત કરી દેશે.

સાધુ મહાત્માએ પોતાની તીક્ષ્ણ દ્રષ્ટિને કાયમ રાખીને વેશ્યાને કહ્યું કે - તારે જે કરવું હોય તે કરજે, પણ મારાથી ત્રણ હાથ આઘી રહીને કરજે. જો તું મારી પાસે ત્રણ હાથથી વધુ નજદીક આવી, તો તને જ ભારે પડી જશે.

વેશ્યા તો ઉધાઈ જ ગઈ હતી. એના બધા મનોરથો કકડભૂસ થઈ ગયા હતા. રાજાની આજ્ઞા હતી એટલે તેણીને રાત ત્યાં રહ્યાં સિવાય ઉપાય ન હતો તેમ ભાગી છૂટવાનો પણ કોઈ માર્ગ ન હતો; બાકી તો, એ વેશ્યા ત્યાં એક ક્ષણ માટે ય ઉભી રહે નહિ. એવી તે ગભરાઈ ગઈ હતી. આથી તે એક ખૂણામાં લપાઈ ગઈ.

વિચાર કરો કે - એ સાધુ મહાત્માએ વેશ્યાને કેવી દ્રષ્ટિથી જોઈ હશે ? અવસરે બ્રહ્મચર્યનું રક્ષણ આમ થાય. સાધુ મહાત્માનો પોતાની આંખ ઉપર કેટલો ગજબનો કાબુ ? એ કાબુ એમને એમ આવ્યો હશે ? વિષયો પ્રત્યે એમણે કેટલો રોષ કેળવ્યો હશે ? બહાર એ પોતાની આંખને કેટલી બધી કાબુમાં રાખીને ફરતાં હશે ? મન ઉપર કાબુ બન્યો રહે, એ માટે આંખ ઉપર કાબુ જરૂરી છે. જેની આંખ કાબુ બહાર જાય, તેના મનને બગડતાં વાર લાગે નહિ.

વેશ્યા તો એક ખૂણામાં લપાઈ ગઈ. પછી સાધુ મહાત્માએ ત્યાં જે દીપક હતો, તેનો ઉપયોગ કર્યો આ અપવાદમાર્ગનું આલંબન છે. અગ્નિના સ્પર્શ માત્રનો પણ મનથી, વચનથી અને કાયાથી, કરવા રૂપે ત્યાગ કરી ચૂકેલા, કરાવવા રૂપે ત્યાગ કરી ચૂકેલા અને કરનાર -કરાવનારને સારા માનવા રૂપે પણ ત્યાગ કરી ચૂકેલા-અગ્નિના સ્પર્શના પણ

ત્યાગની આવી ભીષણ પ્રતિજ્ઞાવાળા એ સાધુ મહાત્માએ દીપકને અડીને, પોતે ધારણ કરેલાં વસ્ત્રોને એક પછી એક સળગાવવા માંડ્યા.

અગ્નિને સ્પર્શ્યા અને સળગાવે છે શાને? સંયમનાં ઉપકરણોને ! સાધુથી અગ્નિને સ્પર્શાય ? સામાન્ય રીતિએ એમજ કહેવાય કે સાધુથી અગ્નિને સ્પર્શાય જ નહિ. અને એ સાધુ મહાત્મા અગ્નિને સ્પર્શીને પણ સળગાવી મૂકે છે શાને? સંયમના ઉપકરણોને ! સંયમના ઉપકરણોના સન્માન કરાય કે સંયમના ઉપકરણોને સળગાવી મૂકાય? સંયમની વાત તો દૂર રહી, પણ જે સંયમી નથી, તેણે ય સંયમના ઉપકરણોનું સન્માન જ કરવું જોઇએ. સામાન્ય સંયોગોમાં સંયમના ઉપકરણોનું અબહુમાન પણ હાનિ કરે છે, તો સંયમના ઉપકરણોને સળગાવી મૂકવાની વાતમાં તો કહેવાનું જ શું હોઈ શકે?

તમને અપવાદમાર્ગનો ખ્યાલ આપવાને માટે આ વાત થાય છે. અપવાદ માર્ગે ચાલવા છતાં, ઉત્સર્ગમાર્ગથી તદ્દન ઊલટા પ્રકારની ક્રિયા કરવા છતાં પણ, આરાધના જ થાય અને વિરાધના ન થાય, એ કથનને સમજાવવાને માટે આ વાત છે. અપવાદને અસ્થાને અગર તો ખોટી રીતિએ સેવે, તેની આ વાત નથી. અપવાદના સ્થાને જ અપવાદને સુયોગ્ય રીતિએ સેવે, તેની આ વાત છે.

પેલા સાધુ મહાત્માએ તો એક માત્ર લંગોટી લગાવી દીધી અને બાવોઓના દંડ જેવો દંડ બનાવી લીધો. સિવાયનાં સઘળાં ય, સંયમના ઉપકરણોને સળગાવી મૂક્યા. એને સળગાવી મૂકીને, એની જે રાખ પડી, તે રાખને પાછી પોતાના આખાય શરીરે ચોળ્યા કરી.

આવા પ્રસંગને વર્ણવવાનું કે વાંચવાનું જો ઉત્સર્ગમાર્ગની સાથે અપવાદમાર્ગને નહિ જાણનારાના હાથમાં આવી જાય, તો એ કરે શું ? મહા આરાધક એવા એ સાધુમહાત્માને એ તો મહા વિરાધક જ માને અને કહે ને? કેવળ વ્યવહારનયને વળગનારા અને નિશ્ચય નયને નહિ જાણનારા, નહિ માનનારા ક્રિયાજડો આવા પ્રસંગે થાપ જ ખાઇ જાય. એટલે વ્યાખ્યાનનો અધિકાર ઉત્સર્ગમાર્ગ તથા અપવાદમાર્ગ-ઉભય માર્ગોના જાણકાર ગીતાર્થોને અપાયો છે, તે યોગ્ય છે ને ?

વ્યવહારમાં તો તમને આવી વાતો ઝટ સમજાય છે. તમને શકટાલ મંત્રીના પ્રસંગની તો ખબર હશે. શ્રીયક, એ શકટાલ મંત્રીનો પિતૃભક્ત પુત્ર હતો અને એ જ શ્રીયકે ભરસભામાં, રાજાની હાજરીમાં, એના પિતાનું માથું ધડથી જુદું કરી નાખ્યું હતું. કેમ? પિતાની એવી જ આજ્ઞા હતી. એમાં જ, પિતાની આબરૂનું રક્ષણ હતું. એમાં જ કુટુંબની સલામતી હતી. શ્રીયક જો એમ કરે નહિ, તો આખા કુટુંબને માથે સર્વનાશ ઉતરે તેવો હતો

અને એના પિતાની ભારે બદબોઈ થાય તેવું હતું. વાત ખોટી હતી, રાજાની ગેરસમજ જ હતી, પણ પરિણામ તો એવું જ આવે એમ હતું, માટે પિતાએ ઘણું સમજાવીને શ્રીયકને આજ્ઞા કરી હતી અને શ્રીયકે ભરસભામાં તેના પિતાના ધડને ને માથાને પોતાની તલવારના ઝાટકાથી જુદા કરી નાખ્યા હતા. આવું ઘોર કર્મ કરનારને પિતૃભક્ત કહેવાય? તમે હા જ કહેવાના.

આવી રીતિએ, યથાયોગ્ય સ્થાને અને યથાયોગ્ય રીતિએ અપવાદમાર્ગનું આલમ્બન ગ્રહણ કરનારને પણ આરાધક જ કહેવાય. આવા પ્રસંગોમાં માત્ર બાહ્ય ક્રિયાને ન જોવાય, પરન્તુ બાહ્ય ક્રિયાના વિપરીતપણાની ઉપેક્ષા કરીને, આન્તરીક પરિણામો તરફ લક્ષ અપાય. આપણે ત્યાં જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળને ભાવને જોવાનું વિધાન છે. તેને આવી રીતિએ અનુસરવાનું છે. મોક્ષમાર્ગની આરાધનાને અને પ્રભાવનાને બાધ ન પહોંચે, વિપરીત સંયોગોની વચ્ચે પણ મોક્ષમાર્ગની આરાધનાને અને પ્રભાવનાને ચાલુ રાખી શકાય, એ માટે જ અપવાદ માર્ગનું પણ ઉત્સર્ગમાર્ગની જેમ વિધાન કરવામાં આવ્યું છે.

પેલા સાધુ મહાત્મા આખી રાત જાગતા રહ્યા અને વેશ્યા પણ આખી રાત જાગતી રહી. સાધુ મહાત્માએ વેશ્યાની સામે ફરીથી જોયું પણ નહિ અને વેશ્યા તો મુખ્યત્વે સાધુ મહાત્માને જ જોતી રહી; કારણ કે સાધુ મહાત્માના હૈયામાં કશો જ ડર હતો નહિ, પણ વેશ્યાના હૈયામાં ડર જરૂર હતો.

એમ રાત્રિ પસાર થઈ ગઈ અને સવાર થઈ. રાજા રાણીને લઈને પ્રધાનો, સામંતો અને નગરજનોની સાથે કામદેવના મંદિરની પાસે આવ્યો. સૌને તેણે કહ્યું કે- જૈન સાધુ કેવા બદમાશ હોય છે, તે જુઓ.

આમ કહીને, તેણે કામદેવના મંદિરનું દ્વાર ખોલાવ્યું. જેવું દ્વાર ખૂલ્યું કે તરત જ અહીલેક કરતો બાવો બહાર આવ્યો. સૌએ જોયું કે - આ જૈન સાધુ નથી, પણ બાવો છે.

રાજા તો દિઙ્મુઢ બની ગયો. એણે અંદર તપાસ કરાવી તો વેશ્યા સિવાય કોઈ ત્યાં હતું નહિ. રાણીએ કહ્યું કે - મહારાજ આપ કહેતા કહા ને કે જૈન સાધુ છે? જૈન સાધુ, તમે ધારો છો એવા હોય જ નહિ.

રાજા કાંઈ બોલ્યા નહિ. રાજભવને આવીને રાજાએ પેલા ગુપ્તચરને બોલાવ્યો. તેને પૂછીને ખાત્રી કરી કે - જૈન સાધુને લઈ જવામાં તો કોઈ ભૂલ થવા પામી હતી જ નહિ. પછી રાજાએ વેશ્યાને બોલાવીને રાત્રિનો વૃત્તાન્ત પૂછી જોયો. વેશ્યાએ જે બન્યું હતું તે જ યથાર્થપણે કહ્યું અને રાજાના હૈયામાં, રાજાની સારી ભવિતવ્યતાના યોગે, પશ્ચાતાપનો

ભાવ જન્મ્યો. એમાંથી, તે રાજા તેની રાણીના પ્રયત્નથી મિથ્યાધર્મનો ત્યાગી અને સદ્ધર્મનો રાગી બન્યો.

હવે તમે એ બાબતનો વિચાર કરો કે- એ સાધુ મહાત્માએ રાતના અગ્નિને સ્પર્શવામાં અને સંયમોપકરણોને સળગાવી મૂકવામાં તેમ જ સાધુને બદલે બાવા તરીકે જાહેર થવામાં ધર્મને મૂક્યો ગણાય કે ધર્મને રાખ્યો ગણાય? એમણે માર્ગની વિરાધના નથી કરી, પણ માર્ગની આરાધના કરી છે. એવી આરાધના કરી છે કે- એ માર્ગમાં રહ્યા અને પોતાની બદનામીના ભોગે માર્ગની થનારી બદનામીને બરબાદ કરી નાખી.

અપવાદમાર્ગની ક્રિયા પ્રત્યે અણગમો હોય :

ઉત્સર્ગમાર્ગ આરાધનાને માટે છે અને અપવાદમાર્ગ આરાધનાની રક્ષાને માટે છે. રત્નત્રયીને આરાધનારને, રત્નત્રયીની આરાધનાની અભિલાષાવાળાને, ક્રિયા તરીકે ક્રિયા તો ઉત્સર્ગમાર્ગની જ ગમે. એની રૂચી ઉત્સર્ગમાર્ગની ક્રિયામાં હોય; જ્યારે અપવાદમાર્ગની ક્રિયામાં તો એની અરૂચિ હોય. અપવાદમાર્ગની ક્રિયાથી ક્યારે છૂટાય - એવું દિલ થયા કરે અને ઉત્સર્ગમાર્ગની ક્રિયા કરનારના હૈયામાં જેવો અહિંસાનો પરિણામ હોય, તેવો જ અહિંસાનો પરિણામ અપવાદમાર્ગની ક્રિયા કરનારના હૈયામાં પણ હોય. કદાચ અપવાદમાર્ગની ક્રિયા વખતે અહિંસાનો પરિણામ વધારે જોરદાર બને, એમ પણ બને; કારણ કે - લક્ષ્ય અહિંસા તરફ છે અને આંશિક હિંસાવાળી પણ જે ક્રિયા કરવી પડે છે, તેના પ્રત્યે અણગમો છે. આમ હોવાથી, કારણે અપવાદમાર્ગને આચરનારા, ઉત્સર્ગમાર્ગના આચરનારાની જેમ જ ભગવાનની આજ્ઞાના આરાધક છે, પણ ભગવાનની આજ્ઞાના વિરાધક નથી.

અપવાદો બચવાને માટે છે :

આમ છતાંય, સર્વસામાન્ય રીતિએ ઉપદેશ્ય અને આચરણીય ઉત્સર્ગમાર્ગની બધીય વિગતો તમને કહેવી હોય તો કહેવાય, પણ અપવાદમાર્ગની બધી વિગતો તમને કહેવાય નહિ. સાધુપણામાં પણ બધાને અપવાદમાર્ગનાં દર્શક સૂત્રો વિગેરે ભણાવી શકાય નહિ. અતિપરિણત ને અપરિણત - બન્ને ય, અપવાદમાર્ગને જાણવાને માટે નાલાયક છે. બહુ જ સુયોગ્ય અને વિચક્ષણ એવા સાધુઓને જ અપવાદમાર્ગનાં પ્રદર્શક સુત્રો આપી શકાય છે. તેમાં કહેવું પડે કે અતિચારો જેમ સેવવાને માટે નથી, પણ જાણવાને માટે છે અને જાણીને અવસરે વ્રતભંગથી બચી જવાનો યોગ્ય ઉપાય યોજી શકાય એ માટે છે, તેમ અપવાદો પણ આચરવાને માટે નથી, પણ જાણવાને માટે છે. અને જાણીને અવસરે વ્રતભંગથી બચી જવાનો યોગ્ય ઉપાય યોજી શકાય એ માટે છે. ઉત્સર્ગમાર્ગને વિસારીને,

એની ઉપેક્ષા કરીને, એનાથી બેદરકાર બનીને જે અપવાદમાર્ગનો આશ્રય લે, તે આરાધક નથી, પણ વિરોધક છે. આથી, તમે એ વાત સમજી શક્યા હશો કે - અપવાદમાર્ગનું વિધાન કરવામાં પણ, લક્ષ્ય તો ઉત્સર્ગમાર્ગની રક્ષાનું જ છે.

ઉત્સર્ગને જ વળગવાથી અશક્ત નષ્ટ-ભષ્ટ થાય :

એ વાત પણ સમજી લેવી જોઈએ કે- ઉત્સર્ગમાર્ગના એવા આગ્રહી નહિ બનવું જોઈએ, કે જેથી અપવાદમાર્ગનાં સ્થાને પણ અપવાદમાર્ગને નહિ સેવતાં, ઉત્સર્ગમાર્ગના આગ્રહને પ્રતાપે ચારિત્રના પરિણામોની હાનિ થવા પામે અને ચારિત્રમાર્ગની વિરાધનાની દશામાં મૂકાઈ જવાય. એક ગુરૂ-શિષ્યનું ઉદાહરણ આવે છે. વિહાર કરતા તેઓ એક ગામમાં ગયા. શિષ્ય પાણી માટે આખા ય ગામમાં ફરી વળ્યો, પણ ક્યાંયથી નિર્દોષ પાણી મળી શક્યું નહિ. નિર્દોષ પાણી મળી શક્યું નહિ, માટે તે લાવ્યો નહિ અને તૃષાની પીડા વધવા લાગી.

ગુરૂએ જોયું કે - તૃષાની પીડાથી આ ભયંકર આર્તધ્યાન પામશે. આથી તેમણે કહ્યું કે - સંયમની સાધનાને અને સંયમના પરિણામોને હાનિ પહોંચે નહિ, એ માટે થોડા દોષવાળું પણ જલ લઈ લેવું એ ઉચિત છે.

શિષ્યના હૈયામાં આચારશુદ્ધિની ખૂમારી હતી. તેણે કહ્યું કે - એવી શિથીલતા ન જોઈએ.

ગુરૂએ ગમ ખાધી, ઉપાય ન હતો માટે તેઓએ વિહારને લંબાવ્યો. અહીં તરસની પીડા વધતી ચાલી.

તરસની પીડા વધતે વધતે શિષ્યના પરિણામો પલટાયા. જેવું મળે તેવું પણ પાણી પી લેવાનું મન થઈ ગયું. ધીમે ધીમે તે ગુરૂથી થોડો પાછળ પડ્યો. એટલામાં, એક નદી આવી. પેલો શિષ્ય ઉતરતાં ઉતરતાં કાચુ તથા આગળ પાણી ખોબામાં લઈને પીવા પણ માંડ્યો.

ગુરૂને કલ્પના જ હતી. તેમણે પાછા વળીને જોયું અને કહ્યું કે - અલ્યા કાચું પાણી તો પીધું, પણ એને ગાળવાનું ય ભૂલી ગયો ?

આમ અપવાદના સ્થાનને નહિ સેવતાં, ઉત્સર્ગને વળગી રહેનારો ચેલો ચારિત્રથી ચૂક્યો, નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયો.

સમર્થ પણ અસમર્થને અપવાદ સેવડાવે :

અપવાદનું સ્થાન નક્કી કરવામાં, વ્યક્તિના પરિણામો તરફ, શક્તિ તરફ, સંયોગો તરફ જોયા વિના ચાલે નહિ. એવા પણ સત્વશીલ આત્માઓ હોઈ શકે છે, કે જે અપવાદને

આચરે નહિ અને પરિણામમાં પલટો પણ આવવા દે નહિ. ગમે તેવી સ્થિતિમાં પરિણામને નહિ પલટાવા દેવાને શક્તિમાન, અપવાદનો આશ્રય ન લે, તો તેમાં તેની પ્રશંસા થાય; જ્યારે ખમી શકવાને અશક્ત અને એથી પરિણામોને ટકાવી શકવાની શક્તિ વગરનો, જો ઉત્સર્ગમાર્ગને જ વળગી રહે તો દુર્ધ્યાનમાં મરે તથા માર્ગને ચૂકે એવો, જો અપવાદનો યથાયોગ્ય રીતિએ આશ્રય લઈને પણ પોતાના ચારિત્રના - રત્નત્રયીની આરાધનાના પરિણામોને ટકાવી લે અને પુનઃ ઉત્સર્ગ માર્ગે આવી જાય તો તેમાં તેની પ્રશંસા થાય. એટલા માટે તો, અપવાદને આચર્યા વિના જ ઉત્સર્ગમાર્ગમાં સુસ્થિર રહેવાને સમર્થ એવા આત્માઓ પણ, પાસે રહીને બીજા તેવા અસમર્થ આત્માઓને અપવાદ સેવડાવે અને તેની એ પ્રકારે રક્ષા કરી લે. તેઓ, અપવાદમાર્ગનો યથાયોગ્ય રીતિએ અને યથાયોગ્ય સ્થાને આશ્રય લેનારાઓને નિન્દે નહિ, પરંતુ આ રીતિએ પણ તેઓ માર્ગસ્થ બન્યા રહેવાની કેવી કાળજીવાળા છે ? એમ વિચારે. અપવાદમાર્ગને સેવનાર, ઉત્સર્ગમાર્ગના સેવનમાં સત્વ બતાવનારાઓની પ્રશંસા કરે. આ બેનો મેળ આવો હોય. અપવાદમાર્ગના અભાવે તો, ઉત્સર્ગમાર્ગને આચરનારાઓનો પણ અભાવ થઈ જવા પામે. આથી, શ્રી જૈન શાસન, આ શ્રી ભગવતીજી સૂત્ર ઉત્સર્ગમાર્ગના વાદનો અને અપવાદમાર્ગના વાદનો ઘોષ કર્યા કરે છે.

## પૂજ્ય પન્યાસશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | જીવવિચાર* | પ્રશ્નોત્તરી | રૂ. | ૬.૦૦ |
| ૨. | દંડક* | પ્રશ્નોત્તરી | રૂ. | ૪.૦૦ |
| ૩. | નવતત્ત્વ* | પ્રશ્નોત્તરી | રૂ. | ૮.૦૦ |
| ૪. | કર્મગ્રંથ ભાગ-૧* | પ્રશ્નોત્તરી | રૂ. | ૬.૦૦ |
| ૫. | કર્મગ્રંથ ભાગ-૨* | પ્રશ્નોત્તરી | રૂ. | ૭.૦૦ |
| ૬. | કર્મગ્રંથ ભાગ-૩ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | રૂ. | ૨૩.૦૦ |
| ૭. | કર્મગ્રંથ સત્તાપ્રકરણ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૦.૦૦ |
| ૮. | ઉદય સ્વામિત્વ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૫.૦૦ |
| ૯. | કર્મગ્રંથ-૪ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૫.૦૦ |
| ૧૦. | કર્મગ્રંથ-૪ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૫.૦૦ |
| ૧૧. | કર્મગ્રંથ-૫ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૫.૦૦ |
| ૧૨. | કર્મગ્રંથ-૫ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૫.૦૦ |
| ૧૩. | લઘુ સંગ્રહણી | પ્રશ્નોત્તરી | રૂ. | ૬.૦૦ |
| ૧૪. | જીવવિચાર દંડક લઘુસંગ્રહણી | પ્રશ્નોત્તરી | રૂ. | ૨૦.૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૫ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | રૂ. | ૨૫.૦૦ |
| ૧૬. | કર્મગ્રંથ-૫ ભાગ- | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૮.૦૦ |
| ૧૭. | કર્મગ્રંથ ભાગ-૧ ત | પ્રશ્નોત્તરી | રૂ. | ૨૫.૦૦ |
| ૧. | જીવવિચાર | વિવેચન | રૂ. | ૧૫.૦૦ |
| ૨. | નવતત્ત્વ | વિવેચન | રૂ | ૧૮.૦૦ |
| ૩. | કર્મગ્રંથ ભાગ-૧ | વિવેચન | રૂ. | ૧૫.૦૦ |
| ૪. | શ્રી જ્ઞાનાચાર | | રૂ. | ૧૬.૦૦ |

* આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.